
કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું માસિક


સંસ્થાપક: સ્વ. રવિશંકર રાવળ . આદ્યતંત્રી: સ્વ. બચુભાઈ રાવત · તંત્રી: બિહારીલાલ ટાંક

વર્ષ ૬૧મું · અંક ૬ઠ્ઠો–૭મો · જૂન-જુલાઈ · ૧૯૮૪



પ્રતિબિંબ (ફોટો · પ્રમોદ આર. મિસ્ત્રી) વળાંકદાર જલરેખા વડે ચિત્રમાં ઊંડાણ પ્રકટાવતું સંયોજન

સળંગ અંક ૭૨૬–૭૨૭



માછીમાર કન્યાઓ (કલાકાર : બી. પ્રભા) માનવપાત્રો – ખાસ કરીને ભારતીય સ્ત્રી-પાત્રોના આલેખનની બી. પ્રભાની શૈલી તદ્દન આગવી જ રહી છે. સતત પ્રયોગશીલ રહી ઉત્તરોત્તર પ્રગતિ સાધી કલાક્ષેત્રે એમણે આગવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. એમનાં ચિત્રસર્જનોમાં ધરતીનો આત્મા અને એની ચેતનાના ધબકાર પ્રકટતા લાગે છે. આલેખનમાં શરીરની પ્રમાણતાનું ઉલ્લંઘન છતાં સહજ, સરળ ને બલિષ્ઠ રેખાઓમાં તેઓ ચિત્રસર્જનની સુંદર સ્વાભાવિક રજૂઆત કરે છે. રંગ અને રેખાના ઓછામાં ઓછા ઉપયોગ છતાં ચિત્ર-વિષયની એમની રજૂઆત સચોટ હોય છે, અને એ એમની આગવી સિદ્ધિ છે.

કુમાર

જૂન-જુલાઈ ૧૯૯

સળંગ અંક ૭૨૬–૯

અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

'કુમાર' કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ • ૧૪૫૪ રાયપુર ચકલા- અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૩-૦૦

સમયની સામે / રાજેન્દ્ર શાહ

હરિણી • સૉનેટ

સમય સરતાં હૈયે ઝીલ્યા વ્રણો રુઝતા રહે
તદપિ સહસા કારી જાગી જતી તલ વેદના:
ગતિ-લથડતે શ્વાસે ઝાંખાં થતાં દગ તેજનાં:
તન ધખતું ને જાતું ઠંડું પડી: સહુ જોગવે
અરવ મન: વીતેલાં વર્ષો ધસ્યાં ક્ષણને નભ
નીરખતું: ઘડીમાં વેરાઈ જતાં થઈ નિષ્પ્રભ.

યદિ સમયની સાથે મારું હતે પળવું તદા
સ્થિતિ–ગતિ વિશે રૂહેવા પામ્યો હતે કંઈ ભેદ ના.
પણ ગત ભણી એની; મારી અનાગત ભેદવા
તરફ, વણજોયા–જાણેલા પ્રદેશ મહીં સદા.
સરળ વસમું ઝીલી મેલી જવું, ઝરડા પડ્યા
કઠત; પણ રૂંધાતા પ્રાણે નવાં બલ સાંપડ્યાં.

શિખર ચડવા ખીણો ખૂંદી: અને શિખરે ચડી
ખીણ ઊતરવી: આઘેનું કો રહ્યું દગમાં વસી.

ટાપુ / હરિકૃષ્ણ પાઠક

વસંતતિલકા - સૉનેટ

આ ધૂળમાં ધબક કોઈ જૂની પુરાણી
જાણે કંઈક જનમો લગી સાચવેલી
મોંઘી મીરાત અણુએ અણુમાં ઝમી ગૈ.

ને આ હવા ચિર પરિચિત એટલી કે
સ્હેજે જરી પાંપણને અડી ત્યાં
સામે ઝળાંઝળ થઈ ગૈ મેડીઓ કંઈ,
ઝંકારતી કિલકિલાટ ઝકોર લાગી.

બેચાર આમ ડગ તેમ હરુંફરું ને
ચોપાસ કોક ભરતી ચડતી અદીઠ,
ભીંજી રહું ભીતર બહાર એવો.

અચિંત્ય ત્યાં ઓટ...બધું ય આછું
ઝાંખું થતું...ક્ષણ મહીં બસ એકલો હું.
ચોપાસ દૂર દરિયો, પથરાટ ખારો;
હું એકલો, અરવ ઉજ્જડ કોક ટાપુ.

કહું શું ચંદાને? / ભાનુપ્રસાદ પંડ્યા

શિખરિણી - સૉનેટ

પછી તો કૈં ખીલી કતિપય હશે ચાંદની, સખિ!
હશે લ્હેરાયાં કૈં ગવન, ચરણોએ હળુહળુ
અલી વીંધી કીધું ગમન, કુસુમે હાથ બદલ્યા
હશે રે એકાન્તે કંઈક, ખૂલી હોશે અધૂકડી
ઘણી યે બારીઓ! ગુસપુસની ગૂંજી ભમરીઓ
હશે કૈં હોઠેથી, પણ અવ કશી એની પરવા?
ઘણાં યે ગંગાનાં નીર વહી ગયાં જેની વચમાં!

હતી ખીલી મારી રજની બસ, ત્યાં એક જ, સખિ!
દુપટ્ટો ચંદેરી ધરી, વિભવ લૈ સ્વચ્છ નભનો –
સુગંધે સારાયે ઉપવનની ગૂંથ્યો — સમીરણે
અનાડી થૈ સ્કન્ધે મુજ ધરી દીધો! – સિંધુ ઊછળ્યો
તહીં રોમે રોમે–હજી પણ ચઢે માત્ર સ્મરણે!
કહું શું ચંદાને? – અરવ ઊભી! ના રાત ઊચરે!
લહેરાતો પાસે સમીર ધસી ધીમું ગણગણે!

ન'તું લાગ્યું આવું / ધીરુ પરીખ

શિખરિણી - સૉનેટ

ન'તું લાગ્યું આવું સભર ઘર તો રિક્ત કદી યે!
બધું ચાલે છે હ્યાં જ્યમ હતું સદા ચાલતું ત્યમ:
લખું, વાંચું, ઊંઘું, હરુંફરું, પીઉં, ખાઉં – સઘળું
કર્યે જાઉં કેવો સમયગતિમાં ટેવવશ થૈ!

ઘરે પાત્રો કેવાં! – મધુર તનયા, બન્ધુ રસિક,
પિતાજી ભોળા ને સરલ સમજુ ભ્રાત-દયિતા,
વળી ભ્રાતૃજાયો ખિલખિલ કરી ગેહ ગજવે;
છતાં ખાલી ખાલી સ્થલ સકલ આજે ભરખતું!

હું જાણું છું કે હા, સમય નવ લાંબો વિરહનો;
પરંતુ માને ક્યાં મન અશીકશી વાસ્તવિકતા?
'તમારી સાથેના કલહ પણ લાગે ગળચટા,
વળે ટાળે યાદો!' – નવ સમજશો કે શબ્દની
કશી આ છે ઘેલી રમત અમથી. સાચ્ચું કહું તો
વિયોગે ઝાઝેરો મિલનક્ષણનો ભેદ લહું જો!



લોકસેવાના પરિવ્રાજકની ચિરવિદાય

લોકહૃદયમાં 'દાદા'ના પૂજ્ય સ્થાને બિરાજતા મૂક જનસેવક રવિશંકર મહારાજનું આ માસ જુલાઈની પહેલી તારીખે, ઈદના દિવસે બોરસદમાં વહેલી સવારે સાડા ૭ વાગ્યે દુ:ખદ અવસાન થયું. 'દાયકે દાયકે મૂઠી ઊંચેરા વધતા', 'સંત તુકારામની કોટિના' અને ગાંધીજીને પણ 'જેની સાથે ખોળિયું અદલાબદલ કરવાનું' મન થએલું એ, ત્યાગ, જીવનશુદ્ધિ તથા આચારદક્ષતાના મૂર્તિમંત આદર્શ સમા લોકસેવકની ચિરવિદાયથી ગુજરાત ખરેખર રાંક બન્યું છે. પોતાનાં જીવન અને કાર્યથી 'માણસાઈના એ દીવા'એ અનેકના જીવનદીપની વાટ સંકોરી હતી.

ખેડા જિલ્લાના રઢુ ગામમાં સંવત ૧૯૪૦-ની મહાશિવરાત્રી — તા. ૨૫મી ફેબ્રુઆરી, ૧૮૮૪ના રોજ મોસાળમાં એમનો જન્મ. યજમાનવૃત્તિ સાથે શિક્ષણકાર્ય કરતા પિતા શિવરામ વ્યાસની સં. ૧૯૬૦માં, અને ત્રણ વર્ષ બાદ માતા નાથીબાની છત્રછાયા એમણે ગુમાવેલી.


એમનું ભણતર તો સાત ચોપડી સુધીનું, પણ જીવનમાંથી એમણે જે કેળવણી મેળવી તે કોઈ પણ શિક્ષણ કરતાં ઘણી ઊંચેરી હતી. યુવાનીમાં તેઓ આર્યસમાજના રંગે રંગાએલા જેમાંથી એમનો રાષ્ટ્રપ્રેમ દઢતા પામ્યો હતો. ગાંધીજીના પરિચયે તેમને લોકસેવા અને દેશકાર્યની દિશા મળી. પણ એ પહેલાં યે એમણે ગરીબો માટે સસ્તાભાવની દુકાનો કરેલી; અનાથાશ્રમના વિદ્યાર્થીઓ માટે ગામડાંઓમાં રખડીને અનાજ ઉઘરાવેલું અને નાનીમોટી વિપત્તિઓમાં લોકોને પડખે ઊભા રહેતા. એ ઉપરાંત, કેટલાક બહારવટીઆઓને એમણે ગાંધીજીનો રંગ પણ લગાડેલો અને પછી તો બારૈયા અને પાટણવાડિયા જેવી ચોરી વગેરેમાં ખ્યાત કોમોની વચ્ચે જ રહીને એમણે એમને યે સ્વમાનભેર જીવતાં શીખવીને સારા માર્ગે વાળ્યા હતા. દેશસેવામાં પોતાની જાત અર્પી એમણે ઘર પણ છોડયું હતું. ગાંધીજીની સ્વાતંત્ર્ય માટેની ચળવળો ને સત્યાગ્રહોમાં પણ એ સક્રિય હિસ્સો લેતા ને જેલવાસ પણ ભોગવ્યો. જેલમાં યે તેઓએ અનેક ગુનેગાર કેદીઓને સન્માર્ગે વાળ્યા હતા. લોકસેવા માટે તેઓ ઘણી વાર રોજની પચ્ચીસ-ત્રીસ માઈલની પગપાળા ખેપો કરતા.

આચાર્ય વિનોબા ભાવેની ભૂદાન પ્રવૃત્તિથી પ્રેરાઈને એમણે ગુજરાતમાં પદયાત્રા કરી પંદર હજાર હેક્ટર જમીન મેળવીને ભૂમિહીનોમાં વહેંચી હતી. લોકસેવાર્થે સેંકડો માઈલ પગતળે કરી નાખનાર એમને પગે ફ્રેક્ચર થવાથી તથા વયને કારણે પાછલાં થોડાં વર્ષોથી તેઓ ચાલી શકતા નહિ, છતાં એમની સેવા-પ્રવૃત્તિઓ તો જારી જ રાખી હતી.

એમના આયુષ્યની શતાબ્દીનું વર્ષ ગુજરાતે હોંશભેર ઊજવ્યું હતું. રાજ્ય સરકારે એ નિમિત્તે બધા કેદીઓને કારાવાસની મુદતમાંથી પાંચ વર્ષની માફી આપી હતી. પરંતુ એમના જીવને જંપ નહોતો. ચોતરફ પ્રસરેલા ભ્રષ્ટાચારોથી એમનું હૃદય વ્યથિત રહેતું. શારીરિક અશક્તિને લીધે ગયા સપ્ટેમ્બરમાં તેઓ તમામ સંસ્થાઓમાંથી છૂટા થઈ ગયા હતા, એટલું જ નહિ, પોતાના નામે ફંડફાળા એકઠા કરવાની પણ ના પાડી દીધી હતી. સાદગીના પૂજારી એમણે પોતાના અંતિમ સંસ્કાર બહુ જ સાદાઈથી કરવા અને પોતાનું કોઈ સ્મારક ન રચવાની ઇચ્છા વ્યક્ત કરી હતી. સ્વાતંત્ર્યની લડતોમાં ભાગ લેનારાઓને મળતી સરકારી સહાય પણ એમણે સ્વીકારી નહોતી, કે નહોતી સ્વીકારી એમના પુત્રો – મેધાવ્રતજીએ કે વિષ્ણુપ્રસાદે.

અસ્વસ્થ તબિયતને કારણે અંતે તેઓ ગયા વર્ષે ઑક્ટોબરમાં પોતાના પુત્રો પાસે બોચાસણ જઈ રહેલા. અહીં એમણે પચાસ વર્ષ પૂર્વે આશ્રમ સ્થાપ્યો હતો. ધીરેધીરે તબિયત વધુ બગડતી ગઈ. બોરસદમાં એમને હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા અને ત્યાં જ એમણે દેહ છોડયો.

આદર્શપૂત જીવન જીવવાની જેમને ખેવના હોય એમને માટે એમનું જીવન પ્રેરણાના પારસમણિ જેવું છે. એવા પ્રેરક પ્રસંગોની એમના જીવનમાં ખોટ નથી. ગુજરાતનું એ અહોભાગ્ય હતું કે ગાંધીયુગના એક સાચા પ્રતિનિધિ સમા સંત્રી આપણી વચ્ચે વિચરતા હતા. હવે તો એ પણ આપણે ગુમાવી બેઠા. એમના પ્રતિનું આપણું માન અને શ્રદ્ધા તો ત્યારે જ સાચાં ઠરે, જ્યારે આપણે એમણે કરેલાં કાર્યોને એમના જેવી જ ભાવનાથી જારી રાખીને આગળ ધપાવીએ. એ માટેની પ્રેરણા ટકાવી રાખવાના નિર્ધાર સાથે આપણા એમને વંદન હો. —સં.



વ્યાયામપટુ અને પ્રકૃતિતત્ત્વવિદ્ ગરવા ગુજરાતી

હરિનારાયણ આચાર્ય 'વનેચર'



સ્થળસંકોચ અને સમયાભાવના કારણે ગયા અંકમાં જેમની માત્ર અવસાન-નોંધ જ આપી શકાએલી તે સ્વ. શ્રી હરિનારાયણ આચાર્યે પાછલાં વર્ષોમાં પોતાનું લેખનકાર્ય લગભગ સ્થગિત કરી નાખ્યું હતું. અને એથી ગુજરાતની નવી પેઢીને એમનો બહુ જ ઓછો પરિચય રહ્યો હતો. અહીં કેટલીક અંજલિઓ સાથે એમનો વિગતે પરિચય આપીએ છીએ—એ આશયથી કે આજના નવ-યુવાનો એ સ્વયંસિદ્ધ બહુશ્રુત વિદ્વાનનાં જીવન અને એમનાં બહુવિધ કાર્યોમાંથી વિદ્યાવ્યાસંગ કેળવવાની તથા આત્મવિકાસ સાધવાની પ્રેરણા પામશે.

મોસાળ વીરમગામમાં વિક્રમ સંવત ૧૯૫૩ના શ્રાવણ વદિ ૧૨ ને બુધવાર તા. ૨૫ ઑગસ્ટ, ૧૮૯૭ના રોજ ઔદીચ્ય સહસ્ર બ્રાહ્મણ જ્ઞાતિમાં એમનો જન્મ. પિતાનું નામ ગિરધરલાલ ત્રિભુવનજી આચાર્ય, અને માતાનું રેવાબાઈ. ઉત્તર ગુજરાતમાં પહેલાના વડોદરા રાજ્યનું ઊંઝા ગામ એમનું વતન. ત્યાં જ ઊગરા મહેતાની ગામઠી શાળામાં પ્રાથમિક શિક્ષણ લઈ ગાયકવાડી સરકારી નિશાળમાં ગુજ-રાતી છઠ્ઠું ધોરણ પૂરું કરી વધુ અભ્યાસ અર્થે તેઓ સિદ્ધપુર ગયા. ત્યાંની ઍંગ્લો-વર્નાક્યુલર સ્કૂલમાં અને પછી પાટણની હાઈસ્કૂલમાં અંગ્રેજી ભણીને તેઓ ઈ. ૧૯૧૪માં મૅટ્રિક થયા. અને પછી અમદાવાદની ગુજરાત કૉલેજમાંથી સંસ્કૃતના વિષય સાથે બી. એ. (ઑનર્સ) થયા.

કૌટુંબિક પરંપરાના સંસ્કાર, અભ્યાસકાળના આરંભથી જ કેળ-વાએલો વાચન-શૉખ અને આરંભનાં વર્ષોમાં શ્રેયઃસાધક અધિકારી વર્ગનાં પ્રકાશનોની અસરથી એમનું સંસ્કૃત ભાષાનું તથા વેદાંત આદિ તત્ત્વજ્ઞાનના વિષયોનું જ્ઞાન એટલું સારું હતું કે કૉલેજના અભ્યાસ દરમિયાન એ સમયના સંસ્કૃતના અધ્યાપક સ્વ. આચાર્ય આનંદશંકરભાઈના અગ્રગણ્ય શિષ્યોમાં એમની ગણના થતી. આ સદીના એ આરંભના દાયકાઓમાં અંગ્રેજી ઢબના પોશાક આદિ ઠસ્સાનું સારું એવું આકર્ષણ રહેતું, પરંતુ એવાં પશ્ચિમી આકર્ષણો ને આવરણોથી વ્યાપ્ત વાતાવરણ વચ્ચે યે એમણે પોતાનો તળપદો ગ્રામપોશાક કાયમ રાખેલો. જાડા કાપડનો ફેંટો અને શેપાડાનો લાંબો કોટ, ટૂંકી ધોતી ને ભારેખમ પગરખાં પહેરી કૉલેજિયનોની વચ્ચે હરતાંફરતાં એમણે કદી ક્ષોભ અનુભવ્યો નહોતો. એમના દૃઢ આગ્રહી સ્વભાવનું આ દ્યોતક છે. પણ એ ગામઠી પોશાક તળે ઢંકાએલી એમની બુદ્ધિની તેજસ્વિતા સૌને ચકિત કરી દેતી.

ઈ. ૧૯૧૯માં બી. એ. થઈ તેઓ કાયદાના અભ્યાસ માટે મુંબઈ ગયા. ત્યાં ગોકુલદાસ તેજપાલ હાઇસ્કૂલમાં શિક્ષક બની ગુજરાન ચલાવવા સાથે એમણે કૉલેજમાં અભ્યાસ શરૂ કર્યો. પરંતુ પરીક્ષાના સમય વેળા જ ગાંધીજીએ અસહકાર જાહેર કરતાં તેને માન આપી અભ્યાસ છોડી દઈ મુંબઈની ચંદારામજી ગર્લ્સ હાઈસ્કૂલ તથા ટિળક રાષ્ટ્રીય કન્યાશાળામાં થોડો સમય અધ્યાપન કાર્ય કર્યું, અને પછી ગાંધીજીએ અમદાવાદમાં 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરતાં તેઓ ગુજરાત મહાવિદ્યાલયના ગુજરાતી, સંસ્કૃત અને તત્ત્વજ્ઞાનના અધ્યા-પક તરીકે અમદાવાદ આવ્યા.

પોતાના અધ્યાપનના વિષયોમાં પારંગતતા ઉપરાંત વિશાળ વાચનને લીધે કેળવાએલી બહુશ્રુતતા અને વિવિધ વિષયોના એમના જ્ઞાનને લીધે વિદ્યાપીઠના વિદ્યાર્થીઓમાં તેઓ અત્યંત પ્રિય થઈ પડ્યા. પર્યટનો, વ્યાયામ, નાટ્યપ્રયોગો, ઉત્સવો, સાહિત્યચર્ચાઓ અને અંધારી રાતના લાંબા સાઈકલ પ્રવાસો જેવી ખડતલ પ્રવૃત્તિ-ઓમાં પણ તેમને કેન્દ્રસ્થાને વિદ્યાર્થીઓ ટોળે વળતા.

આવું વિદ્યા, વ્યાયામ, જ્ઞાન અને અભ્યાસનું વાતાવરણ છોડી તેઓ અમદાવાદની ભારતખંડ ટેક્સ્ટાઈલ મિલ્સમાં મૅનેજર તરીકે જોડાયા ત્યારે સ્વજનોને આશ્ચર્ય થએલું. પણ બનેલું એવું કે વિદ્યાપીઠના દિવસો દરમિયાન એ મિલના ઍજન્ટ સાથે તેઓ સાહિત્ય વગેરે અ-ભ્યાસ વિષેયોનું વાચન કરતા. પરિચય ગાઢ થતાં એ એજંન્ટ આગ્રહ પૂર્વક એમને મિલમાં મૅનેજર તરીકે ખેંચી ગએલા. તદ્દન અજાણ્યા અને વિપરીત દિશાના ક્ષેત્રમાં એમણે એવી કાબેલિયત કેળવી કે ઈ. ૧૯૪૫માં એ સ્થાન છોડયું ત્યારે અમદાવાદની સંખ્યાબંધ મિલોના મૅનેજરોમાં સૌથી કુશળ અને નિપુણ અધિકારીઓ પૈકીના એક તરીકે એમની ગણના થતી હતી. અને એટલે જ એ સ્થાનથી મુક્ત થયા કે તુરત, અમદાવાદના 'મિલ ઑનર્સ એસોસીએશન'ના સહાયક મંત્રી

તરીકેના જવાબદારીભર્યા સ્થાને સારા પગારે એમની નિમણુક થઈ.

અભિનવ દિશાઓનું વિવિધ જ્ઞાન–અને તે પણ એ પ્રત્યેક વિષયનું તલસ્પર્શી જ્ઞાન, પોતાના મનના નિર્વ્યાજ આનંદને ખાતર મેળવવાની ઝંખના એમનામાં છેક હાઈસ્કૂલના દિવસોથી હતી. ગામના પુસ્તકાલયમાં ત્યારે તેઓ સાંજનાં અંધારાં પથરાય ત્યાં સુધી બેસીને વાંચતા. વાર્તાઓ, જીવનચરિત્રો ને કવિતા-સાહિત્યથી થએલો આરંભ ધીરેધીરે ધર્મ અને તત્ત્વજ્ઞાન ઉપરાંત, ભાષાશાસ્ત્ર, પુરાતત્ત્વ વગેરે જેવાં અનેકવિધ ક્ષેત્રોમાં વિસ્તર્યો. લોકસાહિત્યના આદિ પુરસ્કર્તા સ્વ. રણજિતરામ પછી અને સ્વ. ગિજુભાઈ તથા સ્વ. મેઘાણીની યે પહેલાં એમણે ગામડાંઓમાં ફરીને લોકગીતો ભેગાં કરેલાં. વચ્ચે વળી સિક્કાશાસ્ત્રનો નાદ લાગેલો. કવિતાઓ પણ લખી. 'વનફૂલ'ની સહીથી લખાએલું એમનું એક 'સીતા-વિવાસન' નામનું લાંબું કાવ્ય છેક ઈ. ૧૯૨૩માં 'સમાલોચક'માં પ્રકટ થએલું. કવિ નાનાલાલના એ નિકટના પરિચયમાં આવેલા. કવિ અમદાવાદમાં હોય ત્યારે એમની બેઠકો જામતી ને તેમાં અનેકવિધ ચર્ચાઓ થતી.

એમની લેખન-પ્રવૃત્તિ આરંભમાં 'કુમાર' અને પછી 'પ્રકૃતિ' પૂરતી જ મર્યાદિત રહી છે. પણ એમાં એમણે વહેવડાવેલો સમૃદ્ધ જ્ઞાનરાશિ અને પ્રાસાદિક ભાષાવૈભવ ગુજરાતી ભાષાની મૂલ્યવાન મિરાત બની રહેશે. 'કુમાર'માં તેના ૨૫મા અંક (ઈ. ૧૯૨૬)થી એમણે સ્વ. પ્રો. રામમૂર્તિના ચરિત્રથી લખવાનો આરંભ કરેલો. તે પછી મલ્લશિરોમણિ ગામા અને ઝિબિસ્કોનાં ચરિત્રો પણ એમણે લખ્યાં. આ ઉપરાંત, પ્રોત્સાહક લેખો, વ્યાયામ વડે દેહને કેળવનારાઓનાં પ્રેરણાત્મક પરિચયો આપતી શરીર-સૌષ્ઠવ વિષેની સચિત્ર લેખમાળા 'સ્વાસ્થ્ય-શક્તિ-સૌંદર્ય'; વ્યાયામ આરોગ્ય અને તેને અનુષંગી શરીરવિજ્ઞાનને લગતા વાચકોના પ્રશ્નો ચર્ચીને માર્ગદર્શક ઉત્તરો આપતો લોકપ્રિય વિભાગ 'અખાડો'; કાયાને કસ અને મનને જ્ઞાન વડે પુષ્ટ કરવાના બહુમૂલ્ય સાધન રૂપ પર્યટનનો આનંદ આપતો વિભાગ 'ખભે ખડિયો'; પક્ષી-પ્રાણીને લગતી વાર્તાઓ અને 'વનેચર'ની સહીથી લખાએલી લેખમાળા 'વનવગડાનાં વાસી' તો 'કુમાર'ને માટે સદાય અભિમાનનો વિષય બની રહેલ છે. આ લેખમાળાએ એમને સૌથી વધુ લોકપ્રિયતા અપાવી. ઊંડા અભ્યાસ અને અવલોકનોથી સભર, પક્ષી-પ્રાણીઓના સચિત્ર પરિચય આપતી રસપ્રચુર અને જ્ઞાનપ્રચુર લેખમાળાએ એમના ઊંડા અભ્યાસ અને અવલોકનોની દ્યોતક બનવા સાથે ગુજરાતી સાહિત્યમાં એક નવો જ પ્રદેશ ઉઘાડયો હતો.

પ્રકૃતિવિજ્ઞાનના અભ્યાસમાં યે એમનો પ્રવેશ આકસ્મિક જ હતો. સને ૧૯૨૯ના અરસામાં એક દિવસ તેઓ 'કુમાર કાર્યાલય'માં આવેલા ત્યારે સ્વ. બચુભાઈએ એમને 'ઇન્ડિયન સ્ટેટ રેલવેઝ મૅગેઝિન'નો વાર્ષિક અંક જોવા આપ્યો. તેમાં એમણે 'ભારતની દિવાચર પતંગિકાઓ' વિષેનો એક લેખ જોયો. મુંબઈની 'નૅચરલ હિસ્ટરી સોસાએટી'ના ક્યુરેટર શ્રી એસ. એચ. પ્રેટરના એ લેખ સાથેના સુંદર ચિત્રથી આકર્ષાઈ એમણે એ લેખ વાંચ્યો, અને પછી એ વિષેનું વિશેષ જ્ઞાન મેળવવાની એમને ઉત્કંઠા થઇ. આ એમનો સ્વભાવ જ હતો. જેમાં રસ જાગે તે વિષેનું તલસ્પર્શી જ્ઞાન મેળવી લીધા વિના એમને જંપ ન વળે. એ લેખમાં લેખકે પ્રમાણ રૂપ ગણાવેલો એવન્સ લિખિત 'ભારતનાં પતંગિયાં'નો ગ્રંથ એમણે ખરીદી લઈ તેના આધારે પતંગિયાંનાં અભ્યાસ-અવલોકનોનો આરંભ કર્યો. આ સામાન્ય કુતૂહલે એમનું અભ્યાસક્ષેત્ર જ પલટી નાખ્યું. પતંગિયાઓના અભ્યાસમાં વિશેષ સહાય પામવા તેઓ મુંબઈની 'નૅચરલ હિસ્ટરી સોસાએટી'ના સભ્ય પણ બન્યા.

એ જ વર્ષમાં એમને અમદાવાદની સેશન્સ કોર્ટમાં જ્યૂરીમાં જવાનું થયું. ખૂનનો મુકદ્દમો હતો. જ્યૂરિના પ્રતિનિધિ રૂપે કેસ દરમિયાન એમણે કેટલાક પ્રશ્નો પૂછયા, એ પરથી એ કેસ ચલાવનાર સેશન્સ જજનું એમના પ્રત્યે લક્ષ ખેંચાયું બંને વચ્ચે પરિચય વધ્યો. એ જજ કલાપ્રેમી અને પક્ષીઓના ભારે અભ્યાસી હતા. એમણે એમને પક્ષીઓમાં રસ લેતા કર્યા, એટલું જ નહિ, પક્ષીઓ પાળવાનો ચેપ પણ લગાડયો, અને એમનું ભાડાનું નાનું ઘર તથા તેની પરસાળ ચિડિયાઘર જેવાં બની ગયાં.

અને આમ, પતંગિયાંની સૃષ્ટિના પરિચયથી આરંભાઈને કીટકસૃષ્ટિના પરિચયમાં, પક્ષીપાલનમાંથી પક્ષી-પરિચયમાં, પછી સાપ, ઘો વગેરે સરીસૃપોના અભ્યાસમાં, પછી મીઠા જળની માછલીઓની સૃષ્ટિમાં, પછી કરોળિયા – એમ ઉત્તરોત્તર એમની જિજ્ઞાસા વધતી જતાં તેઓ પ્રકૃતિના જુદાંજુદાં અંગોનાં પરિચય અવલોકન અને અભ્યાસમાં પરોવાતા ગયા. રોજિંદા વ્યવહાર અને વ્યવસાયમાંથી બચતા બધા સમયનો ઉપયોગ તેઓ એમના આ વ્યાસંગ પાછળ જ ગાળવા લાગ્યા. આ વ્યાસંગમાં એ એવા તો રત બની ગએલા કે મોડી રાતે કોઈ અજાણ્યા પક્ષીને બોલતું સાંભળે તો પથારીમાંથી દોડે. વર્ષો સુધી દર રજાએ વહેલી પરોઢથી રાત સુધી આખો દિવસ અમદાવાદની આસપાસમાં 'ખભે ખડિયો' લઈ આથડે, પગપાળા પર્યટનો કરે. પરિણામે ગ્રન્થોના વાચનથી યે અદકું એવું પ્રાણીજીવનનાં વિવિધ પાસાંઓનું પ્રત્યક્ષ જ્ઞાન એમણે સંપાદિત કરેલું.

અને પ્રાણીજીવનમાં જ એમનો અભ્યાસ પરિમિત નહોતો. પ્રાણીજીવનની કાલિક ઉત્ક્રાન્તિના પ્રશ્નો અંગે એમણે ભૂવિદ્યા અને અશ્મીભૂત અવશેષોનો પણ અભ્યાસ કરેલો. વગડાની રખડપાટમાં તેઓ વનસ્પતિઓને પણ ભૂલ્યા નહોતા.

પરંતુ પોતાના આ વ્યાસંગમાં આટલા રત રહેવા છતાં તેઓ પોતાની વ્યાવસાયિક કે સાંસારિક ફરજો પ્રતિ પણ એટલા જ સજગ રહેતા.

એમનાં પત્ની સૌ. વિજયાબેનને ૧૯૩૧ના અરસામાં કરોડરજ્જુનો ક્ષય લાગુ પડયો. થોડા સમયમાં તો એમના પગ તદ્દન ખોટા પડી જઇ એ પથારીવશ બની ગયાં. ડૉક્ટરોએ પણ આશા મૂકી દીધી. ત્યારે રાત ને દિવસ એમણે પત્નીના એ દર્દ સામે કારમી લડત માંડી. વર્ષો સુધી કેવળ ચત્તાં જ સુવાડી રાખવાં પડેલાં પત્નીની અખંડ અને એકનિષ્ઠ શુશ્રૂષા કરીને એમણે અપાહિજ જેવાં બની ગએલાં વિજયાબહેનની જીવાદોરી લંબાવી અને એમને ઘર પૂરતાં હરતાં-ફરતાં કરવા પાછળ એમણે કેટલો અને કેવો પરિશ્રમ ને પુરુષાર્થ કર્યો હશે તે આ રોગની ગંભીરતા સમજનારા પ્રમાણી શકશે.

હાથ ધરેલા કોઈ પણ કાર્યને પૂર્ણ કરવાના એમના દઢાગ્રહનો ખુદ એમની પોતાની ખડતલતાના ઘડતરમાં પણ એટલો જ હિસ્સો હતો. ૧૯૨૪ના અરસામાં દોઢેક વર્ષથી એમને દમનો વ્યાધિ સતાવતો હતો. પડછંદ હાડવાળું એમનું મજબૂત શરીર કૃશ બની ગયું હતું. એથી વાજ આવી એમણે આ રોગ અને શરીરશાસ્ત્ર અંગે પુષ્કળ વાચન કર્યું. અમેરિકાના વ્યાયામપટુ અને શરીરવિજ્ઞાની બર્નાર મૅકફૅડન સાથે યે પત્રવ્યવહાર કર્યો, અને અંતે આ વ્યાધિનું મૂળ હોજરીની નબળાઈ તથા આંતરડાંમાં હોવાનું જાણી એમણે એમાં શક્તિ પૂરવા પેટને બરાબર વ્યાયામ આપવાનો નિશ્ચય કર્યો. પેટ અને પેડુને વલોવી નાખવા માટે એમણે વતનમાં દાયકાઓથી પડતર પડી રહેલા પોતાના ખેતરને ખોદી નાખવાનો નિરધાર કર્યો. ઉનાળાની રજાઓમાં ઊંઝા જઈ દોઢેક માસમાં તો એક રોદાથી બીજા રોદા

સુધી એમણે કોદાળી વડે તાપ-તડકાની પરવા કર્યા વિના એ આખું ખેતર એવું તો ખોદી કાઢ્યું કે એમનો વ્યાધિ તો ગયો જ. ઉપરાંત એ પડતર જમીન ફરી પાક આપતી પણ થઈ ગઈ.

પછી તો વ્યાયામવિજ્ઞાન અને શરીરસૌષ્ઠવમાં એમનો રસ વધી ગયો. દંડબેઠક, મગદળ અને દોડ, કુસ્તી વગેરે અનેક વ્યાયામ પ્રકારો વડે એમણે શરીર પલોટીપલોટીને તેને કોઈ ઉમદા શિલ્પીએ સીસમની ગાંઠમાંથી કંડાર્યું હોય તેવું સુષ્ઠુ, બલિષ્ઠ અને દીપ્તિમાન બનાવ્યું. સાથોસાથ વિવિધ વ્યાયામપ્રકારોનું તલસ્પર્શી શાસ્ત્રીય જ્ઞાન પણ એમણે હાંસિલ કરી લીધું. એમનું એ શરીર અને જ્ઞાન જોઈને પ્રો. રામમૂર્તિ જેવા વ્યાયામવીર પણ આફરીન થએલા. પછી તો એ બંનેની મિત્રાચારી જામી. રામમૂર્તિ ગુજરાતમાં સ્થાયી થઈ એક આદર્શ વ્યાયામવિદ્યાલય ઊભું કરવા વિચારતા હતા તેમને એમણે એ આખા વિદ્યાલયની રૂપરેખા, અભ્યાસક્રમ વગેરે ગોઠવી આપેલાં. પુરાણી બંધુઓની વ્યાયામપ્રવૃત્તિથી ગુજરાત ધમધમતું હતું ત્યારે અને તે પછીથી ગુજરાતભરની વ્યાયામ-સ્પર્ધાઓમાં નિષ્ણાત અને તજ્જ્ઞ પંચ તરીકે એમની નિમણૂક થતી હતી. 'વેઈટ લિફ્ટિંગ'માં એ ગુજરાતભરમાં સર્વોચ્ચ કક્ષાએ હતા. સુસંહત શરીર-ઘડતર માટે એમણે જે વ્યાયામ-પ્રક્રિયા ગોઠવી હતી તેમાં માથા પર બે હાથે ૨૧૦ રતલથી યે વધુ વજન તેઓ ઊંચકતા, તો પગની પેશીઓના ઘડતર માટે ૨૫૦ થી ૪૦૦ રતલ વજનનો એ ઉપયોગ કરતા. પણ આમ છતાં એમણે આ વ્યાયામમાં કોઇ વિક્રમ સ્થાપવાનું વિચાર્યું નહોતું. એમનું ધ્યેય તો શરીરને દૃઢ, બલિષ્ઠ અને સુસંહત બનાવવાનું જ હતું.

એમની એ ખાસિયત જ હતી કે જે કંઈ હાથ ધરે તે અંગે પૂરું જ્ઞાન મેળવવું અને તે સારામાં સારી રીતે પાર પાડવું. મિલમાં મૅનેજર બન્યા એટલે એના સાંચાઓ, સ્પિનિંગ-વીવિંગને લગતી ક્રિયાઓ, રૂના પ્રકાર અને તેના ગુણ-અવગુણ આદિ વિષે શક્ય તે બધું જ્ઞાન મેળવી એમણે જાતને તૈયાર કરી લીધી. મિલના વહીવટમાં જરૂરી તે કાયદાકાનૂનોનું ધારાશાસ્ત્રી જેટલું કૌશલ પ્રાપ્ત કરી લીધું. મિલમાં જવા-આવવા તથા પોતાના પર્યટનના શૉખને માટે મોટર-સાયકલ લીધી તો તેની યંત્રરચના અને કાર્ય અંગે પૂરી જાણકારી મેળવી લીધી. પ્રકૃતિ અને પર્યટનોના શૉખમાંથી શિકારશૉખી મિત્રો સાથે પણ જવા-આવવાનું બનતાં બંદૂકોની વિવિધ બનાવટો, તેની વિશિષ્ટતાઓ, તેની ગોળીઓનાં બળ, વેગ, પ્રકાર આદિની યે સમજ કેળવી. ફોટોગ્રાફી પણ પોતાના કામ પૂરતી જાણે. મિલને અંગે માલસામાન વેચવા આવતા વિદેશી સેલ્સમૅનો પોતાના માલ વિષે ઝીણવટભરી માહિતી ધરાવતા આ મિલ મૅનેજરની જાણકારી જોઈ છક થઈ જતા, અને જ્યારે એમના બહુવિધ વ્યાસંગો તથા તે અંગેના એમના ઊંડા અભ્યાસ વિષે તેમને ખબર પડતી ત્યારે તો વેપાર અર્થે જ આવેલા, અને પોતે પણ કોઈક વ્યાસંગ ધરાવતા એ વિદેશીઓ મિત્ર બનીને છૂટા પડતા.

વ્યવસાયને અંગે મુંબઈ જવાનું થાય ત્યારે યે પોતાનું એ કામ પતે કે તેઓ બાકીનો સમય ત્યાંની 'નૅચરલ હિસ્ટરી સૉસાએટી'માં જ વીતાવે. કીટક-વિજ્ઞાનમાં રસ લેતા ત્યાંના માણસો ઘણી ન સમજાતી બાબતોમાં એમના અભિપ્રાયો લેતા. એ સોસાએટીના મુખપત્રમાં કીટક વિષે એમણે કરેલાં અમુક વિધાનો તો તદ્વિદોમાં માન્ય થએલાં.

આમ, અનેકવિધ વિષયોનું તલસ્પર્શી જ્ઞાન હોવા છતાં, ને અમુક વિષયોમાં તો એ માન્ય તદ્વિદ ગણાતા હોવા છતાં, એમનામાં જાતજાહેરાતનો અભાવ હોવાને કારણે કલાકો સુધી, પોતાના સચોટ પ્રાસાદિક વાણીપ્રવાહ દ્વારા માહિતી મુદ્દા અને જ્ઞાનનો ધોધ વહેવડાવી શકે તેવી ક્ષમતા ધરાવવા છતાં તેમણે કદી જાહેરમાં ભાષણો આપ્યાં નહોતાં. એ જ રીતે 'કુમાર' અને પોતાના સંપાદન તળે પ્રકટ થતા 'પ્રકૃતિ' તથા 'નૅચરલ હિસ્ટરી સોસાયટી'ના મુખપત્રમાં આપેલી કેટલીક નોંધ સિવાય કદી ક્યાંય લેખો લખ્યા નથી. આ કારણે જ એમની વિખ્યાત લેખમાળા 'વનવગડાનાં વાસી' પણ વર્ષો બાદ છેક હમણાં ગ્રંથસ્થ થઈ શકી. એ ગુજરાતનું એક સદ્ભાગ્ય જ ગણાશે. પ્રકૃતિવિજ્ઞાનની એમની ગુણવિશેષતાને ઈ. ૧૯૪૭નો રણજિતરામ સુવર્ણચંદ્રક અર્પણ કરીને બિરદાવાઈ હતી.

પ્રકૃતિ-વિજ્ઞાનના એમના પ્રેમ અને ઉત્સાહને લીધે ગુજરાતમાં ઈ. ૧૯૩૮માં 'ગુજરાત પ્રકૃતિ મંડળ'ની સ્થાપના થઈ એ પણ આપણા માટે એક ઘણું જ મહત્ત્વનું કાર્ય ગણાશે. આ મંડળનું મુખપત્ર 'પ્રકૃતિ' ત્રિમાસિક ગુજરાતીમાં આ વિષયનું પ્રથમ પત્ર હતું. તેના તંત્રી તરીકે એમણે અભ્યાસપ્રચુર અને વિદ્વદ્માન્ય લેખો, નોંધો તથા સંપાદન વડે ગુજરાતને દેશભરમાં ગૌરવ અપાવ્યું છે. જો કે આવા વિષયના જ્ઞાન પ્રત્યેની આપણી ઉદાસીનતાને કારણે આ મંડળ તથા 'પ્રકૃતિ'ને અત્યંત બાથોડિયાં ભરવાં પડયાં છે. ઈ. ૧૯૬૯ના ફેબ્રુઆરીમાં પ્રકૃતિનો છેલ્લો અંક પ્રકટ થયા બાદ છેક હમણાં એનું પ્રકાશન પુનઃ શરૂ થયું છે એ આનંદની વાત છે. એને વધાવી લઈ પ્રકૃતિ મંડળની પ્રવૃત્તિને ગુજરાત ચિરસ્થાયી બનાવશે તો તે ભાવિ પ્રજાને માટે એક બહુ મહત્ત્વભર્યું અને ગૌરવપ્રદ કાર્ય બની રહેશે.*

ગુજરાતી ભાષાનાં પ્રકાશનોમાં અદ્વિતીય ગણાય તેવું એમનું બીજું કાર્ય છે 'ગુજરાતનાં પ્રાણીઓની સર્વાનુક્રમણી' તૈયાર કરવાનું. ઈ. ૧૯૪૯માં પ્રકટ થએલી આ સર્વાનુક્રમણીમાં મેરુ દંડમંડિત કાયાવાળાં પ્રાણીઓની તેમનાં વર્ગ, કુલ, શાખા સહિત, તેમનાં શાસ્ત્રીય નામો, પ્રચલિત નામો, તેમની લાક્ષણિક ઓળખ, તેમની ખાસિયતો તથા ગુજરાતમાં ક્યાંક્યાં તે જોવા મળ્યાં છે તેની નોંધ આપી છે. પ્રાણીઓ ઉપરાંત પક્ષીઓ, સરીસૃપો ને મત્સ્યોની ઓળખ પણ આપી છે. અમને ખયાલ છે ત્યાં સુધી ગુજરાતીમાં આ સર્વાનુક્રમણી હજી સુધી તો અદ્વિતીય જ છે. ગુજરાતનાં પ્રાણીઓમાં રસ ધરાવતા કોઈપણને માટે આ એક અતિ મૂલ્યવાન સંદર્ભ-સૂચિ છે. આજે તો એ અપ્રાપ્ય છે, પણ તેની નવી આવૃત્તિ નિઃશંક ઉપકારક બની રહેશે.

ઈ. ૧૯૬૯માં વ્યાવસાયિક નિવૃત્તિ પછી તેઓ સતત પોતાના વિદ્યાવ્યાસંગમાં રત રહેતા હતા. છેલ્લેછેલ્લે પગની શસ્ત્રક્રિયાના કારણે લગભગ પથારીવશ હતા. એમનાં એક માત્ર પુત્રી અને વનસ્પતિવિદ્ ઉષાબહેન નિષ્ઠાપૂર્વક એમની શુશ્રૂષા કરતાં હતાં.

એમના નિકટના પરિચયમાં આવનાર કેટલીક વ્યક્તિઓના અંજલિલેખો આ સાથે પાછળનાં પૃષ્ઠોમાં પ્રકટ કર્યા છે જે સ્વર્ગસ્થના વ્યક્તિત્વ તથા એમના વિદ્યાવ્યાસંગ પર વિશેષ પ્રકાશ પાડે છે.

---

* 'પ્રકૃતિ મંડળ'ના સામાન્ય સભ્યની વાર્ષિક ફી કેવળ ૧૫ રૂપિયા છે. મંડળના સભ્યોને તેનું મુખપત્ર 'પ્રકૃતિ' વિના મૂલ્યે મળે છે. મંડળને અપાતું દાન કરમુક્તિને પાત્ર છે. સરનામું : ગુજરાત પ્રકૃતિ મંડળ, એ-૨, મોરેના એપાર્ટમેન્ટ્સ, મહેતા પાર્ક, આંબાવાડી, એલિસબ્રિજ, અમદાવાદ – ૩૮૦ ૦૦૬.

સ્વ. ——— રૂબિન ડેવિડ

સ્વ. હરિનારાયણ આચાર્ય પ્રકૃતિના એક મહાન ચાહક હતા આપસૂઝથી આગળ વધતા રહી એમણે પ્રકૃતિવિજ્ઞાનના ક્ષેત્રમાં પોતાનું આગવું અને મૂર્ધન્ય સ્થાન સ્થાપ્યું હતું જ્ઞાનવિજ્ઞાનના ક્ષેત્રમાં એ એક તેજસ્વી તારક હતા. ચૂપચાપ એનો ઉદય થયો, આગવો પ્રકાશ વેર્યો અને ચૂપચાપ વિદાય લીધી. મિત્રોની આંખ અને હૃદયમાં એની તેજસ્વિતાનો ચળકાટ ચિરંજીવ બની રહેશે.

જિંદગીમાં એક માણસ કેટલું બધું કરી શકે એ જોવું હોય તો હરિનારાયણભાઈનું જીવન જાણવું જોઇએ. જીવનના અનેક પ્રશ્નો અને મુસિબતો ઉકેલતા જવા સાથે એમણે પોતાનામાં રોપાએલા પ્રકૃતિ-જ્ઞાનના અંકુરને સદાય પલ્લવિત રાખ્યો હતો. અનેક અજ્ઞાત સ્થળો અને ખૂણેખૂણે ધૂમી વળીને એમણે 'વનવગડાનાં વાસી'ઓ સાથે નિકટનો નાતો બાંધ્યો અને એ બધાંનો આપણને પરિચય પણ કરાવ્યો, એટલું જ નહિ, પોતાનાં અભ્યાસ અને અવલોકનો રજૂ કરીને દેશના તેમજ વિદેશના આ વિષયના વિદ્વાનોમાં પણ માનભર્યું સ્થાન મેળવ્યું હતું. એક રીતે કહી એ તો પ્રકૃતિવિજ્ઞાનના નકશામાં એમણે ગુજરાતનું પણ સ્થાન મૂકી આપ્યું હતું. હાથ ધરેલું કોઈ પણ કાર્ય પૂરી નિપુણતાપૂર્વક પૂરું કરવાની એમની ચીવટ ઉદાહરણીય હતી. પોતાનાં બધાં જ વ્યાવસાયિક કાર્યો સંભાળવા સાથે વર્ષો સુધી પથારીવશ રહેલાં પોતાનાં પત્ની સૌ. વિજયાબહેનની એમણે જાતે જે સારવાર કરેલી એ એમના ધીર અને પ્રેમાળ હૃદયની પ્રતીતિ કરાવે છે. વિજયાબહેનનો સાથ છૂટી ગયા પછી જીવનમાં વ્યાપેલી એકલતા એમને વિચલિત કરી શકી ન હતી. અલબત્ત, એમનાં વનસ્પતિશાસ્ત્રી પુત્રી ઉષાબેને એમને ઘણો સહારો આપ્યો હતો.

ચારપાંચ દાયકા પહેલા 'સેન્ટ હેલિના ફિંચ'—પરદેશી ચકલીઓ કોઈ પ્રવાસી મિત્ર એમને ભેટ આપી ગએલા, એ જોવા હું એમને ઘેર ગએલો. ત્યારે તેઓ મ્યુનિસિપાલિટીના કોઠા પાસેના નવા વાસમાં રહેતા હતા. એમનો પરિચય ત્યારે નવોનવો હતો. એ અરસામાં વ્યાયામના પ્રયોગો અંગે પણ એમનાં સલાહ-સૂચનો માટે એમને મળતો. 'કુમાર'માંની એમની 'શરીર-સ્વાસ્થ્ય અને સૌન્દર્ય''ની લેખમાળામાં એમણે મારા પણ ફોટો આપ્યા હતા. ઉત્તરોત્તર અમારો પરિચય ગાઢ થતો જઈ અમારે વારંવાર મળવાનું થતું રહેતું. 'ગુજરાત વાઈલ્ડ લાઈફ બોર્ડ''ની મીટિંગોમાં અમારે સાથે જ જવાનું થતું. ત્યાં થતી ચર્ચાઓમાં એમનાં સૂચનો બહુ માનપૂર્વક સ્વીકારાતાં હતાં.

શ્વેત ખાદીમાં શોભતો એમનો પડછંડ દેહ અને દૃઢ નિશ્ચયબળ ધરાવતો એમનો પ્રેમાળ ચહેરો કદી નહિ ભુલાય. કીટકો, પક્ષીઓ, જળચરો, કરોળિયા વગેરે વિષે એમણે 'કુમાર' તથા 'પ્રકૃતિ'માં આપેલા માહિતીપૂર્ણ લેખો એ મુદ્રિત ગુજરાતી સાહિત્યની મહામોંઘી મૂડી બની રહેશે. એમનું બહુવિધ લેખન, એમનાં પ્રિય શ્વાન અને બિલાડીઓ, એમની સતત કાર્યરતતા તથા એમના પ્રભાવક વ્યક્તિત્વની કડપ પાછળ રહેલી પ્રેમાળતા સદાય એમનું સ્મરણ કરાવતાં રહેશે.

એમને કોણે યાદ કર્યા ને કોણે યાદ ન કર્યા એ પ્રશ્નનું મહત્ત્વ નથી. મહાન માણસો પોતાને કોઈ યાદ કરે એ માટે જીવન-સમર્પણ કરી જાય છે એવું નથી. એમણે પણ પ્રસિદ્ધિની કદી ખેવના રાખી નહોતી.

મેં પણ કેટલુંક લખ્યું છે એ જાણ્યા પછી અવારનવાર તેઓ મને કહ્યા કરતા, 'તમે તમારા કામમાંથી નવરા ક્યારે પડો અને ક્યારે બધું લખાણ છાપવા આપો ? અને લખવાનું જે બાકી છે એ ય ક્યારે લખાશે તમારાથી ? એના કરતાં મને સૂચવો, હું તમને બધું બરાબર ગોઠવી આપું.' છેલ્લે છેલ્લે મને લખેલો (તા. ૮ એપ્રિલનો) એમનો એક પત્ર હજીયે યે મારા ટેબલ પર રાખી મૂક્યો છે. મારા પ્રત્યેની એમની લાગણી સાથે તેમાં એમણે જે એક સૂચન કરેલું તે વિચારણીય હોઈ એ પત્રમાંનો કેટલોક ભાગ અહીં આપું છું :

'...આજે મારા ઉપર આવેલા પત્રો તપાસતો હતો. એમાં આપના તરફથી આવેલો S. S. Davidiનો લેખ ફરીથી વાંચી ગયો. એ સાથે આપે સંઘરેલા albino પ્રાણીઓની યાદ આવી. એની એ છબીઓ પણ જોઈ. એ પ્રાણીઓ વિષે આપ સંશોધન-પુસ્તક લખવાના હતા તેનું શું થયું ? એ ગ્રંથ છપાયો હોય તો એના પ્રકાશકનું નામ મને આપશો તો હું એ મંગાવી લઈશ. મને એ વિષયમાં ભારે રસ છે. વળી, આપ ચાળીસેક વર્ષ પહેલાં દિલ્હી દરવાજે રહેતા હતા ત્યારે એક મોટો કાનખજૂરો મને દેખાડેલો. એ હજુ આપની પાસે હોય તો એની લંબાઈ, ભીંગડાંની સંખ્યા અને પગ કેટલા છે તે જણાવશો તો આભાર. કાનખજૂરા તો મેં અનેક જોયા છે, પણ આપનો નમૂનો જવલ્લે જ જોવા મળે છે.

'હવે આ કાગળ લખવાનો મુખ્ય હેતુ જણાવું —

'ગઈ કાલે શ્રી કે. જી. પ્રભુ અકસ્માત મને મળવા આવ્યા હતા. બીજી આડીઅવળી વાતો થયા પછી એક મહત્ત્વની વાત નીકળી. અમદાવાદમાં આજે નૅચરલ હિસ્ટરીમાં રસ લેતાં અનેક નાનાંમોટાં મંડળો છે. એ બધાંનું સંગઠન કરીને એક મધ્યસ્થ મંડળ સ્થાપવાનું. હું પોતે શારીરિક રીતે અપંગ છું, અને એવું સંગઠન કરવાની આવડત કે શક્તિ મારામાં નથી એટલે મેં એમને આપનું નામ સૂચવ્યું. આપનું જ્ઞાન, અનુભવ અને ક્રિયાશીલતા જોતાં આવું મંડળ સ્થાપવા અને એનું સફળ સંચાલન કરવા શક્તિશાળી છો. એમને એ સૂચના ગમી, એટલે હવે એ આપને મળવાના છે. મને વિશ્વાસ છે કે આપ એ પ્રવૃત્તિ ઉપાડી લેશો અને અમદાવાદ શહેરમાં તેમજ ગાંધીનગરમાં પ્રાણીવર્ગના અભ્યાસ અવલોકનમાં રસ લેનારાં જે મંડળો છે એને પ્રેરણા આપી એકત્રિત કરશો. અમદાવાદમાં આ પ્રવૃત્તિ ચાલે એટલે પછી ચરોતર આદિ ગુજરાતનાં અન્ય પ્રદેશોનું સંગઠન થઈ શકે, અને વખત જતાં મુંબઇની નૅચરલ હિસ્ટરી સોસાએટી જેવી ગુજરાતમાં કામ કરતી સ્વતંત્ર સંસ્થા ઊભી થાય. મને આશા છે કે આપ આ વિચારને ધ્યાન પર લેશો...'

એમની સતેજ સ્મરણશક્તિ, જિજ્ઞાસા અને પ્રકૃતિ વિશેના રસ તથા જ્ઞાનના પ્રસારની ઉત્કંઠા સાથે મારા પ્રત્યેની લાગણી આમાં તરી આવતી દેખાશે. આ પત્રના ઉત્તરમાં મેં એમને રૂબરૂ મળવા ધારેલું. પણ એવું બને એ પહેલાં જ એમણે ચિરવિદાય લીધી. આ પત્ર મારા માટે એમનું એક પવિત્ર સ્મરણ બની રહેશે. ઈશ્વર એમને ચિરવિરામ બક્ષે એ જ અભ્યર્થના. □

વ ——— પ્રભુદાસ પટવારી

વર્ષો પહેલાં 'કુમાર'માં વ્યાયામ અને પ્રકૃતિમાં રસ પ્રેરે તેવા માહિતીપૂર્ણ સુંદર લેખો, પક્ષી-પ્રાણીની કેટલીક સરસ વાર્તાઓ તથા ખાસ તો 'વનવગડાનાં વાસી'ની પોતાની લેખમાળા દ્વારા પ્રાણીસૃષ્ટિનો સવિગત પરિચય કરાવીને ગુજરાતમાં પ્રકૃતિ-પ્રેમનો પાયો નાખનાર સ્વ. શ્રી હરિનારાયણ આચાર્યના લેખોએ મને પણ આકર્ષ્યો હતો. પરંતુ 'મિલ ઑનર્સ એસોસીએશન'ના સેક્રેટરી સ્વ. શ્રી બટુભાઈ ઉમરવાડિયાના તેઓ ઍસિસ્ટંટ હતા ત્યારે, અને તે પછી પોતે એ પદ પર આવ્યા ત્યારે હું એમનો વિશેષ પરિચય પામ્યો. મુંબઇ-ગુજરાતની હાઇકોર્ટો તથા સુપ્રિમકોર્ટના અનેક કેસોમાં હું એ એસોસી-

એશનનો ઍડવોકેટ હતો. મિલઉદ્યોગ અને તેના કામદારોના અનેકવિધ પ્રશ્નોવાળા એ બધા કેસો અંગે શ્રી આચાર્ય જ સૂચનો આપતા, જેમાં એ પ્રશ્નો અંગેનો એમનો ઊંડો અભ્યાસ, ચોકસાઇ ને કાયદાની સમજ સ્પષ્ટ દેખાઇ આવતી. એક મહત્ત્વના કેસમાં મારી સાથે શ્રી નાની પાલખીવાળા પણ ઍડવોકેટ હતા. તે કેસ અંગે શ્રી આચાર્યે અમને આપેલું નિવેદન વાંચી, 'આમાં હવે આપણે એક શબ્દ કે અલ્પવિરામ ચિહ્ન સુધ્ધાં ઉમેરવા જેવું નથી' એમ કહી શ્રી પાલખીવાળાએ એમની કાયદાની સૂઝ-સમજ તથા પ્રશ્નની ચોકસાઇભરી વિગતપૂર્ણ રજૂઆતને ખૂબ પ્રશંસાથી બિરદાવી હતી, તે હજી યે મને યાદ છે. ધારાકીય બાબતો અંગે મજૂર-મહાજન સાથે મતભેદ થાય એ સ્વાભાવિક હોવા છતાં મહાજનના કાર્યકરો જોડે તેઓ સદાય સારો ભાવ ને આદર દાખવતા અને આથી ઘણા પ્રશ્નો તો કોર્ટની સહાય લીધા વગર જ એસોસીએશન અને મહાજન વચ્ચે ટેબલ પર જ, અને તે યે બંને પક્ષે સંતોષ અને આનંદ સહિત ઊકલી જતા.

એક પ્રસંગ તો હું કદી ભૂલી શકીશ નહિ. એક દિવસ એસોસીએશના પ્રમુખ મારી પાસે તેમનાં પુત્રવધૂએ આપેલી નોટિસનો જવાબ લખાવવા આવેલા. મેં તેમને વિવેકપૂર્વક જણાવ્યું કે વકાલતનો આરંભ કર્યો તે દિવસથી મેં એક પ્રતિજ્ઞા લીધી છે કે કોઈ પણ સંજોગોમાં કોઈ સ્ત્રી કે હરિજન સામેનો કોઇ કેસ મારે લેવો નહિ, એટલે મારાથી આ નોટિસનો જવાબ આપી શકાશે નહિ. પ્રમુખશ્રીને આ રુચ્યું નહિ ને રોષમાં એમણે પોતાની મિલનું કાયદાનું કામ મને આપવાનું બંધ કરી દીધું. એટલું જ નહિ, મિલ માલિક મંડળનું કામ પણ મને ન આપવા માટે સૂચના આપી. એ વખતે શ્રી આચાર્યે તેમના સૂચનને પાછું વાળતાં જણાવ્યું કે, 'વર્ષોથી તેઓ આપણા કેસો સારી રીતે ચલાવતા રહ્યા છે. તેમને કયા કારણે બંધ કરી શકીએ?' આ અંગે દિવસો સુધી ચર્ચા ચાલેલી, પણ છેવટે તો પ્રમુખશ્રીને નમતું જોખવું જ પડ્યું હતું.

'મિલ ઑનર્સ એસોસીએશન' જેવા મોટા વગદાર મંડળમાં એ સેક્રેટરી જેવા ઉચ્ચ હોદ્દા પર હોવા છતાં એમની સાદાઇમાં જરા પણ ફર્ક પડ્યો નહોતો. ખાદીનું હાથે ધોએલું અર્ધી બાંયનું બાંડિયું અને ટૂંકું પંચિયું પહેરી સાઇકલ ઉપર એ ઑફિસે જતા-આવતા. ઘણી યે વાર કોઇ ને કોઇ મિલના શેઠ એમને પોતાની મોટરમાં ઘેર પહોંચાડવા આગ્રહ કરતા, પરંતુ તેઓ એ પ્રસ્તાવને આભાર સહિત પાછો જ વાળતા. ઘેર જતાં ઘર માટે ખરીદેલી ચીજવસ્તુઓની થેલી, અરે સાવરણી કે દાતણની સોટી સુધ્ધાં સાઇકલ પર લટકાવીને લઇ જતાં એમને કદી સંકોચ થયો જાણ્યો નથી. બીજી બાજુ પોતાની ફરજો પ્રત્યેની એમની નિષ્ઠા પણ કદી ઊણી ઊતરી જાણી નથી. આજે જ્યારે લગભગ બધાં જ ક્ષેત્રોમાં ફરજપાલનમાં બેદરકારી, અનિયમિતતા, વેઠવૃત્તિ અને ભ્રષ્ટાચાર વ્યાપક બની ગયાં છે ત્યારે એમની કાર્યનિષ્ઠા ને નૈતિકતાનાં એક-બે ઉદાહરણ ટાંક્યા સિવાય રહેવાતું નથી.

ભારતખંડ ટેક્સ્ટાઇલ મિલમાં લગભગ ૧૭ વર્ષ સુધી એમણે મૅનેજર તરીકે કામ કરેલું, પરંતુ મિલના કાપડનો એક નાનોશો ટુકડો પણ એમણે કદી લીધો નહોતો. ઇ. ૧૯૫૨ થી '૬૯ સુધી તેઓ મિલ ઑનર્સ એસો૦માં ઉચ્ચ હોદ્દા પર રહ્યા હતા ત્યારે એ ૨૩ વર્ષની દીર્ઘ કામગીરી દરમિયાન એમણે લીધેલી રજાઓની કુલ સંખ્યા ફક્ત ૬૯ની જ હતી. એમનાં પુત્રી ઉષાબહેનના જન્મ પછી એમનાં પત્ની સૌ. વિજયાબહેનને આ સમય દરમિયાન જ વર્ષો સુધી પથારીવશ રહેવું પડેલું, અને ડૉક્ટરોએ પણ એમની તબિયત સુધરવાની આશા છોડી દીધેલી, ત્યારે વર્ષો સુધી એમણે જાતે અત્યંત કાળજી અને લાગણીથી એમની અદ્ભુત સારવાર કરી હતી. પણ તે કારણે યે એમનું કોઇ કામ રઝળ્યું કે ખોરંભાયું નહોતું કે ન તો કદી એ ફરજ પર મોડા પડ્યા. એ જ રીતે પોતાની બહુ વ્યાપક વગ હોવા છતાં કદી એમણે પોતાના કોઈ સગાસંબંધીને ક્યાંય ગોઠવી દેવાનો પ્રયત્ન કર્યો નહોતો. પોતાનાં નૈતિક મૂલ્યોનું ધોરણ એમણે કદી નીચું પડવા દીધું નહોતું. અને એથી જ એમણે જે કોઈ કાર્ય હાથ ધર્યું એ પૂર્ણ નિષ્ઠાથી તેમજ સારામાં સારી રીતે પાર પાડ્યું હતું. 'અદિરા'ના પ્રારંભમાં થોડો સમય તેઓએ તેનું મંત્રીપદ પણ સંભાળેલું અને 'અદિરા'ની ઉન્નતિમાં પ્રારંભની એમની કામગીરીને પણ કારણભૂત ગણી શકાય. આ જ રીતે 'મિલ ઑનર્સ એસોસીએશન'ની દેશભરમાં જે પ્રતિષ્ઠા પ્રસરી તેમાં તેમના કાર્યનો હિસ્સો જ વિશેષ રહ્યો છે. એમના સમયમાં મિલઉદ્યોગ અને મજૂર-મહાજનના સંબંધોમાં પણ મીઠાશ રહી અને અરસપરસના અનેક પ્રશ્નોની કોર્ટમાં તેમજ વાટાઘાટોમાં સંતોષપ્રદ રીતે પતાવટો થતી રહી હતી.

કોર્ટના કામ અંગે અમારે ઘણી વાર મુંબઈ-દિલ્હી સાથે જવાનું થતું ત્યારે મેં જોએલું કે સાંજે કોર્ટમાંથી નીકળ્યા પછી બહુધા તેઓ શહેરના જાણીતા બુકસેલરોને ત્યાં પહોંચી જતા, અને ત્યાંથી પોતાના રસના વિધવિધ વિષયોનાં નવાં પુસ્તકોની ખરીદી કરતા. અમદાવાદમાં પણ રજાના દિવસનો એમનો કાર્યક્રમ નિશ્ચિત જ હોય. અવકાશના બધા જ સમયનો સદુપયોગ કરી તેમણે શહેરની આસપાસનાં અનેક સ્થળોએ ભમીને પક્ષીપ્રાણીઓ તથા પ્રકૃતિનો પોતાનો અભ્યાસ વધાર્યો હતો. 'કુમાર'ના વાચકો એમની બહુશ્રુતતાથી પરિચિત છે. એ બધું જ્ઞાન એમણે જાતે વાંચી-અવલોકીને મેળવ્યું હતું. આવા વિદ્યાવ્યાસંગી અને પ્રખર વિદ્વાન આજે જવલ્લે જ જોવા મળતા હોય ત્યારે એમની ખોટ સતત સાલે એ સ્વાભાવિક છે. આપણે એમના આત્માની શાંતિ પ્રાર્થીએ એ તો ખરું જ, પરંતુ જે જ્ઞાનશાખાઓનો એમણે ગુજરાતને પરિચય કરાવ્યો તે જ્ઞાન-વ્યાસંગને આપણે વિસ્તારીએ એ જ એમને યોગ્ય અંજલિ ગણાશે.

——————— વિજયગુપ્ત મૌર્ય

સજીવ કે નિર્જીવ કોઇ પણ વસ્તુ, સૂક્ષ્મ હોય કે પ્રચંડ પર્વતમાળા, પણ એ સર્વ નાશવંત છે એમ જાણ્યા છતાં, કોઇ સારા માણસનું–સજ્જનનું અવસાન થાય છે ત્યારે મને ખેદ થાય છે, પછી ભલે તેની સાથે મારે વ્યક્તિગત સબંધ ન હોય. જો એ વ્યક્તિ વિદ્વાન કે વિદુષી હોય તો વિશેષ ખેદ થાય છે. સ્વ. શ્રી હરિનારાયણ આચાર્યમાં તો એ બધી પાત્રતા ઉચ્ચ કક્ષાની હોવા ઉપરાંત, એમના પ્રત્યે મને પૂજ્યભાવ અને અહોભાવ હતો, અને એમને યે મારા પ્રત્યે એટલો બધો પ્રેમ હતો, કે પંગુદશામાં માંદગીના બિછાનેથી પણ તેઓ મારા પત્રોનો ઉમળકાભેર સ્વહસ્તે ઉત્તર લખતા હતા.

અમારી મૈત્રીનું એક કારણ હતું અમારી વચ્ચે લગભગ સમાન વિષયોનો સમાન રસ. જો કે તેઓ તો સંસ્કૃતના યે પ્રેમી અને પંડિત હતા, જ્યારે સંસ્કૃત વિશેનું મારું જ્ઞાન ઉપરછલ્લું. એક વાર પત્રમાં મેં 'સરિસૃપ' શબ્દ લખ્યો ત્યારે ભાષાશુદ્ધિના આગ્રહી આ વિદ્વાને પત્રના ઉત્તર સાથે એ પણ લખ્યું કે 'સરિસૃપ' નહિ, પણ 'સરીસૃપ' જોઇએ. મેં તો એમને મારા ગુરુ ગણ્યા હતા એટલે ભૂલ સ્વીકારી લીધી.

'જ્યારે 'કુમાર'નું પ્રકાશન શરૂ થયું ત્યારે મારી કિશોરવયમાં તે એક આનંદપ્રદ પ્રસંગ હતો. લાયબ્રેરીમાં લાયબ્રેરીઅન શ્રી મથુરાદાસ આણંદજી થાનકીને લાગ્યું કે આ છોકરો શિષ્ટ વાચનનો શોખીન છે એટલે 'કુમાર' પહેલાં મને આપે. (તેઓ શતાયુની નજીક જઇ રહેલા હજી લગભગ તંદુરસ્ત છે.) શ્રી હરિનારાયણનાં પ્રથમ દર્શન ને પરિચય મને 'કુમાર'નાં પાનાં દ્વારા થએલાં. સ્વસ્થ, સુડોળ, સ્નાયુબદ્ધ શરીર

કેવું હોવું જોઇએ તેનો તેઓ આદર્શ પૂરો પાડતા હતા. પછી તો એમણે 'વનેચર'ના નામે 'વનવગડાનાં વાસી' એ નામની લેખમાળા 'કુમાર'મા શરૂ કરી ત્યારે મારો આનંદ ઉભરાવા લાગ્યો, કારણ કે બાળવયથી મને પક્ષીઓ, પતંગિયાં, કીટકો વગેરે તરફ કુદરતી આકર્ષણ હતું. પોરબંદર એક પક્ષીતીર્થ છે. તે ઋતુપ્રવાસી શિયાળુ પક્ષીઓના પ્રવાસના માર્ગ ઉપર આવેલું છે. તેને સાગરકાંઠો છે અને અસ્માવતિ ખાડી તથા ચોમાસામાં પાણીથી ભરાઈ જતું રણ પણ છે. તેથી સાગરકાંઠાનાં, સમુદ્રનાં, કાદવકિચડનાં, રણનાં, છીછરા પાણીનાં, સ્થાયી તથા ઋતુપ્રવાસી પક્ષીઓ ઉપરાંત, બગીચાનાં, છૂટાંછવાયાં વૃક્ષોનાં, ઝાડઝાંખરાંનાં, સૂકા રણપ્રદેશનાં, ખેતરનાં અને થોડે છેટે જઇએ તો બીડ અને ડુંગરનાં પક્ષીઓ પણ ત્યાં જોવા મળે. બાળવયે હું બગીચાનાં, સાગરકાંઠાનાં અને વધુ તો શરદઋતુ બેસે ત્યારે આકાશમાં ઊડતાં જતાં કુંજનાં મનોહર ટોળાં જોયા કરતો અને તેમના હૃદયંગમ કલનાદ સાંભળતો. પરંતુ ત્યારે ભાગ્યે જ કોઇ પંખીને ઓળખતો. તેથી શ્રી 'વનેચર'ની સચિત્ર લેખમાળા હું ખૂબ રસથી વાંચવા લાગ્યો. મારી આ રસવૃત્તિ જોઇને શ્રી મથુરદાસે ગઇ સદીના પોરબંદરના બ્રિટિશ વહીવટકર્તાઓ મેજર હેનકૉક અને ઑગ્રાયને વસાવેલાં, અને ત્યારથી ધૂળ ખાતાં, પક્ષીઓ વિશેનાં અંગ્રેજી અને અતિમનોહર રંગીન ચિત્રો ધરાવતા ગ્રંથો મારા હાથમાં મૂકી દીધા. એમાં ડૉ. જોર્ડન કૃત ત્રણ વૉલ્યુમ અને જેમ્સ મરે કૃત બે દળદાર વૉલ્યુમ હતાં. મારા આવા જ્ઞાનવિજ્ઞાનના રસમાં શ્રી આચાર્ય પ્રેરણામૂર્તિ બન્યા હતા. શ્રી મથુરદાસે બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાયટીના જરીપુરાણા બે-ત્રણ અંકો પણ મને આપેલા. તેથી પ્રેરાઇને આગળ જતાં હું પણ આ સોસાયટીનો આજીવન સભ્ય બન્યો. શ્રી હરિનારાયણ ગુજરી ગયા ત્યાં સુધી તે સોસાયટીના નિષ્ણાત સલાહકારો પૈકી એક, અને એક માત્ર ગુજરાતી હતા.

યુવાનીમ એક બીજો રોમાંચક પ્રસંગ બન્યો. 'કુમાર' દ્વારા જાણવા મળ્યું કે શ્રી હરિનારાયણ આચાર્યના પ્રમુખપદ નીચે અમદાવાદમાં 'ગુજરાત પ્રકૃતિમંડળ' (ગુજરાત નૅચરલ હિસ્ટરી સોસાયટી)ની સ્થાપના થઇ હતી ને તેના મુખપત્ર તરીકે 'પ્રકૃતિ' નામના ત્રૈમાસિકનું પ્રકાશન શરૂ થયું હતું. પ્રત્યક્ષ પરિચય વિના મેં માનેલા ગુરુના આ મંડળમાં પણ હું જોડાઇ ગયો અને એમના વિદ્વત્તાપૂર્ણ તેમ જ સાદી અને સરળ ભાષામાં લખાયેલા લેખોનો અભ્યાસ કરવા લાગ્યો. વળી, આ વર્ષો દરમિયાન હું પણ કંઇક લખી શકું એટલું નિરીક્ષણ કર્યું હતું તેથી મેં પણ 'પ્રકૃતિ'માં લેખો મોકલ્યા અને જ્યારે તેનો સ્વીકાર થયો ત્યારે વિદ્વાનોના મંડળમાં મારા જેવા શિખાઉ વિદ્યાર્થીને સ્થાન મળ્યાનો આનંદ પામ્યો. આ વિદ્વાનોમાં 'કુમાર'ના સ્થાપક તંત્રી શ્રી રવિશંકર રાવળ અને શ્રી બચુભાઇ રાવત તથા અમદાવાદના વિખ્યાત પ્રાણીબાગ, બાળવાટિકા અને નૅચરલ હિસ્ટરી મ્યૂઝિયમના સર્જક શ્રી રૂબિન ડેવિડ વગેરેનો પણ સમાવેશ થતો હતો. સંસ્કારમૂર્તિ સ્વ. રવિભાઇનું બાળપણ કેટલોક સમય પોરબંદરમાં વીત્યું હતું. પરંતુ તેમની સાથે પ્રત્યક્ષ સંબંધ તો બહુ મોડો બંધાયો. અમે બંને સરદાર પટેલ યુનિવર્સિટીની 'જ્ઞાનગંગોત્રી ગ્રંથ શ્રેણી'ના તંત્રીમંડળમાં હતા અને શ્રી હરિનારાયણ તેમાં એક અગ્રગણ્ય સલાહકાર હતા.

જ્યારે કદાચ ગુજરાતમાં વ્હેલનું નામ પણ બહુ થોડા લોકોએ સાંભળ્યું હશે ત્યારે મહિસાગરના મુખમાં એક મહાકાય વ્હેલ મોટા જુવાળમાં આવી ચડી હતી અને જુવાળ ઊતરી જતાં ફસાઇ પડેલી. અતિ ભારે શરીરના ભારથી તેની છાતી દબાતી હોવાથી તેનો શ્વાસ રૂંધાતો હતો. આખરે તે ગૂંગળાઇને મરી ગઇ. તે સમયે ગુજરાતમાં તો તેની નોંધ પણ કોણ લે? પણ પ્રકૃતિવિજ્ઞાની હરિનારાયણભાઇએ ઊંડો રસ લઇ તેનાં અસ્થિ અમદાવાદ લાવવાની તજવીજ કરેલી અને તે માટે તેઓ જાતે એ દુર્ગમ પ્રદેશમાં પહોંચી ગયા હતા.

આ બધા સમય દરમિયાન અમારી વચ્ચે પત્રવ્યવહાર અને વિચાર-વિનિમય ચાલુ હતા. તેઓ બહુ ઉમંગથી માર્ગદર્શન આપતા.

'પ્રકૃતિ મંડળ'માં વિદ્વાનો તો ઘણા હતા. શ્રી બચુભાઇ રાવતનો પ્રત્યક્ષ પરિચય મને મોડેથી થએલો. તેઓ સંયુક્ત મુંબઇ રાજ્યની વિધાનસભાના સભ્ય હતા ત્યારે મુંબઇ આવે તે વખતે 'જન્મભૂમિ પ્રવાસી'ની કૅબિનમાં મારી સાથે એકાદ કલાક પણ ચર્ચા-વાર્તા કરી જતા. તેમાં શ્રી હરિનારાયણની વિદ્વત્તા અને તેમના બહોળા જ્ઞાન વિશે પણ વાતો થાય જ. શ્રી હરિનારાયણના બીજા પ્રશંસક અને મિત્ર શ્રી રૂબિન ડેવિડનો પ્રત્યક્ષ પરિચય પણ બહુ મોડેથી થયો. અમદાવાદમાં એક વાર બચુભાઇએ પૂછ્યું, 'તમે રૂબિન સાહેબને મળ્યા?' મેં કહ્યુ 'નહિ, હું તેમને તેમના કાર્ય અને 'પ્રકૃતિ'માં તેમના વિદ્વત્તાભર્યા જાતઅનુભવના લેખો વડે જ ઓળખું છું.'

તુરત તેમણે ફોન ઉપાડયો અને શ્રી રૂબિનને, કહ્યું કે, વિજયભાઈ તમને મળવા આવે છે.

શ્રી રૂબિન પ્રાણીબાગના કામમાં વ્યસ્ત હતા. મને જોઈ આનંદથી ભેટયા અને ત્યારથી માત્ર મૈત્રી નહિ, ભાઈ–ભાઇનો સંબંધ બંધાઈ ગયો. વ્યક્તિગત વર્ણનમાં વિષયાંતર કરીને આ પ્રકૃતિપ્રેમીઓનો પરિચય એટલા માટે આપ્યો છે કે શ્રી હરિનારાયણ આચાર્યે 'પ્રકૃતિ' દ્વારા ગુજરાતને કેવા વિદ્વાનો આપ્યા – મેળવી આપ્યા હતા.

તેઓ સ્વભાવે અત્યંત સ્વમાની અને શિસ્તપાલનના પણ ચુસ્ત આગ્રહી. એક વાર મને અંધેરીમાં મળવા આવ્યા. મેં ભૂલથી તેમને મારા રહેઠાણનો જૂનો નંબર આપ્યો હતો તેથી ઘર મળ્યું નહિ, અને એમને ભટકીને પાછા જવું પડયું: મને ઘણી ભોંઠપ લાગી હતી, પણ તેમણે તો મને સજા કરી કે, 'બીજી વાર હું તમારે ઘેરે નહિ આવુ.' મારે જ ગુરુ પાસે જવું જોઇએ તેથી મેં કદી આગ્રહ પણ ન કર્યો પણ મુંબઈ આવે ત્યારે 'જન્મભૂમિ-પ્રવાસી'માં તો મને મળવા આવે એવા તેઓ ઉદાર અને પ્રેમાળ પણ હતા જ.

'જન્મભૂમિ-પ્રવાસી'નું છેલ્લું પાનું મેં શરૂ કરેલું. તેમાં પ્રકટ થએલી 'પ્રકૃતિનાં લાડકવાયાં પક્ષીઓ' નામની લેખમાળા ગ્રંથસ્થ કરવાનું મેં સાહસ કર્યું ત્યારે શ્રી 'સોપાને' તેનું અવલોકન લખી આપવા હરિનારાયણભાઇને પુસ્તક મોકલ્યું. 'સોપાન'ને પક્ષીઓ વિશે કંઈ જ્ઞાન નહિ, પરંતુ આવા જ્ઞાનવિજ્ઞાનને પ્રોત્સાહન આપવાનો ઉમંગ ઘણો. તેઓ તે વખતે 'જન્મભૂમિ-પ્રવાસી'ના તંત્રી હતા. તેમજ 'અખંડ આનંદ'ના તંત્રી અને સસ્તું સાહિત્યના સંચાલક પણ હતા. તેથી મારા આ પુસ્તકમાં તેમણે રસ લીધો હતો.

શ્રી હરિનારાયણભાઈ મારું પુસ્તક વાંચીને એટલા ખુશ થઈ ગયા કે તેની કંઈ ક્ષતિઓ હોય (અને હતી) તો તેની ઉપેક્ષા કરીને એટલું સુંદર અવલોકન લખ્યું કે મને લાગ્યું મારા ઉપર પ્રેમભાવથી પ્રેરાઇને તેમણે મારા પ્રત્યે પક્ષપાત કર્યો છે. પુસ્તકમાંથી કેટલાંક વર્ણનો પણ અહોભાવથી ટાંક્યાં હતાં. ખરેખર તો પુસ્તક કરતાં તેમનું લખેલું અવલોકન વધુ વાંચવા જેવું હતું (આ પુસ્તકની સુધારેલીવધારેલી ત્રીજી સચિત્ર આવૃત્તિ સસ્તુ સાહિત્ય કાર્યાલયે હમણાં પ્રગટ કરી છે.)

નસીબજોગે એમના પોતાના ગ્રંથ—'વનવગડાનાં વાસી'નું અવલોકન લખવાનું 'જન્મભૂમિ'એ મને સોંપ્યું. વર્ષો પહેલાં 'કુમાર'માં પ્રકટ થએલી એ લેખમાળા વાંચવાથી એ પછીના વાચકો વંચિત હતા. મારી લેખમાળા 'પ્રવાસી'માંથી ગ્રંથસ્થ થાય અને મારા ગુરુની લેખમાળા 'કુમાર'ની ફાઇલોમાં જ પડીરહે એ વિચારથી (અનુ. પૃ. ૧૫૫)

કાંગારુનું ખમીર

'ધી ઈલસ્ટ્રેટેડ લંડન ન્યૂઝ'માં આવેલા એક સાચી બનેલી વાતના સચિત્ર અહેવાલના આધારે શ્રી હરિનારાયણ આચાર્યે આ વાર્તા તૈયાર કરેલી, જે 'કુમાર'ના ૭૭મા અંકમાં પ્રકટ થઈ હતી. સાથેનાં છબિચિત્રો વાર્તામાં આવતા ફોટોગ્રાફરે જ લીધેલાં છે.

*

ના. ઠાં 'હ્યા...દોડજો...આ જાય...આ જાય...શાબાશ... ગ્રિન્ડલ...સ્નૅપ...એઈ...કોલી આઘો મર'...

પંચમેળ ખીચડી જેવો અમારો તાલ હતો. સૌ સૌના તાનમાં મસ્તાન. બધાનો તોર જુદો. છતાં ઘડી પણ એકબીજા વિના ચાલે નહિ. જે વખતની આ વાત છે, તે વખતે વનવગડામાં ઝાડની છાલની પેઠે જુદા છતાં એકરૂપ અમારો સંઘ પાથરો ઢાળી પડ્યો હતો. બહાર અજવાળી ઝોક જેવી રાત રૂમઝૂમ ચાલી જતી હતી. પણ જે સ્થળે અમે ડેરા તાણ્યા હતા તેની આસપાસ ઝાડનાં જૂથ એવાં કે ખરે બપોરે પણ અંધારી રાતનાં સ્વપ્નાં આવે. ટાઢ તો કહે મારું કામ, ને પવનના સુસવાટા એવા આવે કે માણસ ઊભું ને ઊભું ચડી જાય. જંગલમાંથી વીણેલાં જાળાંઝાંખરાંની તાપણીઓના ભડભડાટમાં અમારી અસંબદ્ધ વાતો ભળી જતી હતી. સૌએ ફાવ્યું તેમ સંકડાશે મોકળાશે માગ કરી લીધો હતો. કોઈ આડે પડખે હતા, તો કોઇએ લંબાવ્યું હતું. બેચાર જણા ગામગપાટે ચડી નિર્જન જંગલમાં વસતીની મંગળતા લાવવા મથતા હતા. એકાદ જણ ફાવે તેમ ભરડચે જતો હતો અને પગથી ઊંબાડિયું કરતો લાગ મળ્યે સૂતેલાના પગને જીવત અગ્નિસંસ્કાર કર્યે જતો હતો. રાત ઠીક ગઈ હતી, છતાં અમારો સાથ અરધોક જાગતો હતો. એવામાં થોડેક છેટે ઝાડ નીચે આગવી પથારી જમાવી બેઠેલામાંથી એક જણને ઉપલા શબ્દો બોલતો સાંભળી અમારા કાન ચમક્યા. કંઈક રંગ જામ્યો છે અથવા તો કોઈકનું છટક્યું દેખાય છે એટલે મજા આવશે એમ ધારી, જાગતા હતા તે બધાય ઝટપટ હોબાળો કરનારની આસપાસ ગોઠવાઈ ગયા.

કહેનારે હમણાં જ વાત શરૂ કરેલી, અને તેમાં પણ 'મેઘાણી' થવાનું એને મન, એટલે વાતવાતમાં લ્હેકા કરવાનું ભૂલતો નહિ. છતાં શરૂઆતનો ઊભરો શમ્યા પછી એણે આ હકીકત કહી :

કહેનાર ખાંડ ખાય છે કે બહાદુરી તો માણસના બાપની. પશુ-પંખી તો બધાં બાયલાં, બીકણ. અરે, ઘણાયને એવો અનુભવ છે કે માથે આવી પડે ત્યારે ગરીબમાં ગરીબ સ્વભાવવાળું પશુ પણ પોતાનાં બચ્ચાં કે માદા અગર નરને બચાવવા અજબ હિંમત દેખાડે છે. ભલ-



ભલા બળિયા પણ એના આગળ પાણી ભરે. અને આમાં વાઘવરુ જેવાંની વાત નથી. આ તો સાદાં સરળ અને નરમ ચોપગાંની વફા-દારીની વાત છે.

ઑસ્ટ્રેલિયાનું નામ તો તમે સાંભળ્યું છે. ત્યાંની આ વાત છે. નજરોનજર જોનાર એક ફોટોગ્રાફરે કહેલી.

ઑસ્ટ્રેલિયાના ક્વીન્સલૅન્ડ પ્રાન્તમાં ભારે જંગલો છે. એમાં એક વખતે ડાળાંપાંખડાં વિનાના બૂચા બાવળિયા જેવાં ઝાડનાં ઝુંડની વચ્ચે થઈ વીજળીની ઝડપે કાંગારુનું એક ટોળું નાસભાગ કરતું હતું. તેમની પાછળ, જોતજોતાંમાં પાસે આવી પહોંચતાં, કાંગારુના શિકારની રીતમાં ખૂબ ટેવાએલા ભયંકર ને નીડર બે વિકરાળ કૂતરા પડ્યા હતા. થોડેક છેટે ત્રીજો કૂતરો, લાલચુ છતાં ઘણી જ ધીમી ચાલે આવતો હતો.

પાછળ બે ઘોડેસવારો ધસમસ્યા આવતા હતા. કૂતરાને લલકારતા, ઘોડા ધબડાવતા, ઝાડીમાં આમતેમ અથડાતાકૂટાતા ઠોકરાતા એમનો પગરવ કાચી ભોંમાં પણ ઘણે છેટેથી સંભળાતો. એક ત્રીજો માણસ પણ ઝાડની ઓથે ઊભોઊભો આતુરતાથી આ બધું રમખાણ જોતો હતો. આ જોનાર તે એક ફોટોગ્રાફર. શિકારનો ઝોક કઈ દિશામાં છે એનું ધોરણ બાંધી એણે કૅમેરા તૈયાર કર્યો અને ઝડપથી ચાલતો જે જગ્યાએ કાંગારુનું ટોળું ચરતું હતું ત્યાં આવી પહોંચ્યો. અરધી-પરધી શમેલી આશા સફળ થઈ અને ઝાડના ઠૂંઠાની ઓથેથી એની લગોલગ જ કાંગારુના એક બચ્ચાએ ડોક ઊંચી કરી. હાથની ગરજ સારતા એના આગલા પગમાં તાજી ચૂંટેલી ધરોનાં તણખલાં અરધાં ચાવેલાં હતાં, ને અણધાર્યા માણસના આવવાથી આંખોમાં કુતૂહલ-તરી આવતું હતું. ચડપ લઇને એની છબિ પાડી ફોટોગ્રાફર પાછો ઘોડે બેઠો અને દૂરદૂર સંભળાતા શિકારના સાદની નેમ બાંધી. ખડ-ખડ પાંચમ જેવાં ઝાડના ઝુંડમાંથી ઘોડાના દાબડાના અવાજ અને કૂતરાનું ભસવું સંભળાતાં હતાં. વચ્ચેવચ્ચે શિકારને લલકારતા, કૂતરાને હાંકતા શિકારીઓની હાકલ પણ આવતી હતી. હમેશની પેઠે શિકારનું વલણ જંગલમાં ગોળાકારે ફરવામાં હતું. અનુભવી ફોટોગ્રાફર આંતરેલા કાંગારુની ગત જાણતો હતો કે આ બધી ધમાલનો અંત થોડે દૂર આવેલા પડલરના તળાવને કિનારે જ આવશે. એટલે વચ્ચે-વચ્ચે આવતા અવાજથી મામલો કેમ ચાલે છે એ ધ્યાનમાં લેતો તે ઝટ લઇને પાણીના બંધ ભણી વળ્યો.

પહેલાં તો અચાનક હુમલાથી ગભરાઈ ગએલાં કાંગારુ પૂરપાટ દોડ્યે જતાં હતાં. પણ બીકની ફડક શમતાં જ ઝડપ ઓછી કરી અને એક હારમાં દોડવાનું ચાલુ રાખ્યું. આખા સાથમાં દસ જીવ હતા. સૌથી મોખરે અધકચરા અનુભવવાળો એક જવાન, વચ્ચે કાચી બુદ્ધિ-નાં બચ્ચાં, તેની પાછળ માદાઓ, ને છેલ્લે ભારે પગલે—પણ દરેક પગલે મર્દાનગીના જોરથી નીતરતો ટોળાનો માલિક. આમ, જોતરેલાં હોય તેમ સૌ અસ્ખલિત વેગે દોડતાં હતાં. કૂતરા અને શિકારીઓના

△ 'પોતાના પાછલા પગ પર ખોડાઇને ડોસાએ મોરચો માંડયો.' (જમણી બાજુ) 'જોતજોતામાં તો ડોસો કેડ સમા પાણીમાં જઇને ઊભો. હવે આવે, જેને આવવું હોય તે.'

સાદ જેવા પાસે આવતા સાંભળ્યા કે સૌની ઝડપ વધી. પવનવેગે ચાલતાં બચ્ચાં અને ખાલી પેટવાળી માદાઓ અહીંતહીં વિખરાઈ ગયાં. બચ્ચાંને ગોદમાં લઈ ભરેલી કોથળીઓવાળી માદાઓ પણ ફાવ્યું તેમ નાઠી. પણ ન નાઠો એકલો નર. ટોળાના નાયક તરીકે એનું સ્થાન સૌથી પાછળ — મૃત્યુના મોંમાં હતું. બધાંય એની આગળ, સૌની વાંસે એ.' એ ધારત તો એના અમાપ બળને લીધે ઘડી વારમાં તે મોખરે થઈ નાસી જઈ શકત. પણ ના. એમ જીવ સાચવે તે હીચકારા બીજા; આ ડોસો નહિ. ટોળું તો એનું જ ને? એ એકલો માલિક; ટોળાનો મ્હોરવી નાયક. બચ્ચાં એનાં, માદાઓ એની, દીકરાદીકરીઓ — સૌ પર એની સત્તા ચાલતી. ખરા ભયમાં પણ એની જ બુદ્ધિ, ચપળતા અને અગમચેતીને લીધે સૌ અણીશુદ્ધ બચી ગયાં હતાં. એટલે એ પદ કંઈ એ છોડે?

બધાં કાંગારુ છૂટાંછવાયાં જેમ ફાવ્યું તેમ જીવ બચાવી અદૃશ્ય થઈ ગયાં અને ત્રણે કૂતરા એકલા ડોસાની પછવાડે યચા, એટલે એ સમજ્યો કે હવે જખ મારે છે. પોતાની ફરજ પૂરી થઈ અને ટોળું હેમખેમ નાસી ગયું, એટલે હવે એને પોતાનો જીવ બચાવવામાં કોઈ અંતરાય ન હતો. અને એક વખત એણે આમ નિશ્ચય કર્યો કે પછી ભાર કોના કે એનો વાળ પણ વાંકો કરી શકે?

પણ મામલો જરા કટોકટીનો હતો. એની એક બાજુ લગોલગ — એટલો પાસે કે હાંફવું પણ સંભળાય એમ — પૂરપાટ બ્રિન્ડલ દોડતો હતો. બ્રિન્ડલની પાછળ સહેજ છેટે, છતાં ધૂળમાંપડતાં એનાં પગલાં-નો થડકાટ નગારાની પેઠે ચોખો સંભળાય તેમ સ્નૅપ ધસ્યો આવતો હતો. અને ખૂબ આઘે, દોડીદોડીને ઢીલોઢબ થએલો ઉત્સાહહીન કોલી, ઘડીમાં ભસતો, વચ્ચે શ્વાસ લેતો ભાંગ્યા પગે અડબડિયાં ખાતો આવતો હતો. જરાક વિચાર કરી ડોસાએ સહેજ આગળ ઝોક ખાધો, ને ધૂળમાં પંજા ભરાવ્યા. આમળેલા તાર જેવા એના સ્નાયુઓમાં ગાંઠો પડી ગઈ અને એકે ઝપાટે એ પૂરા વીસ હાથ હવામાં ઊછળ્યો.


આંખ મીચીને ઉઘાડો ત્યાં તો દસ ખેતરવા ભોંય કાપી નાખી! ગરીબ બીચારા કૂતરા! ક્યાંય પાછળ અથડાતા હતા. દોડીદોડીને આંતરડાં વલોવાઈ ગયાં હતાં અને હાંફવાથી જીભ વેંતવેંત લટકતી હતી.

ડોસાએ તો રંગ રાખ્યો. હતું એટલું કૌવત ટીપેટીપું વાપરી નાખ્યું. પણ આવો પાણીપૂર વેગ અને હરણફાળ કૂદકા કંઈ ઠેઠ સુધી થોડાં સચવાય? એટલે શ્વાસ ખાવા રજ ધીરો પડયો ન પડયો ત્યાં તો કાળમુખા કૂતરા વળી આવી પહોંચ્યા.

આમ ને આમ બીજી પંદર-વીસ ખેતરવા ભોંય માપી નાખી. એટલામાં તો બ્રિન્ડલ અડોઅડ આવી લાગ્યો. દોડીદોડીને હાલહવાલ થઈ ગયા હતા, છતાં એણે ડોસાને બચકું ભરવા ફાંફાં માર્યાં. ડોસો સમજ્યો કે આમ દોડવાથી પાર આવશે નહિ. અને જંગલી પ્રાણીની એ ખાસિયત છે કે ચારે બાજુથી અંતરાયું કે તરત પોતાની હાર સમજી જાય છે. છતાં બાજી હાથથી ગઈ ન હતી. પોતાની રાક્ષસી શક્તિમાં એને હજુ વિશ્વાસ હતો. કેટલીય મારામારી અને લડાઇઓને અંતે ડોસાએ ટોળું જમાવ્યું હતું. એની ચીવટ અને બુદ્ધિબળથી જ બધાં ભેગાં રહી શક્યાં હતાં. એટલે એ સમજ્યો ખરો કે પોતાનો કાળ આવી પહોંચ્યો છે, છતાં એને મરતાંમરતાં યે ખમીર બતાવવું હતું. વગર લડયે કૂતરાને મોતે કેમ મરાય? આસપાસ એવી કેટલી ય જગ્યાઓ પડી હતી કે જ્યાં દુશ્મનના ભોગે, જિંદગીની આ છેલ્લી સાઠમારી એ ખેલી શકે. એકાદ ઝાડ કે પથરાની ઓથે એણે પીઠ જમાવી કે પછી ભલેને આખી દુનિયાનાં કૂતરાં આવે. ઝાડ તો ઘણાં ય પડયાં છે, ને વિશાળ પથ્થરની છાટોની પણ ક્યાં ખોટ હતી?

પણ એટલામાં આ બંને કરતાં યે સરસ જગ્યા એના ધ્યાનમાં આવી ગઈ. આજે જ સવારે પડલરના બંધ આગળ સૌ પાણી પીવા ગયાં હતાં. અને અણીની પળે એના જેવું સરસ સ્થાન બીજું ક્યાં મળે? એટલે ઝટ લઇને એણે એ દિશામાં પગલાં વાળ્યાં.

એક બાજુ બચકાં ભરવા મથતો બ્રિન્ડલ, બીજી તરફ એને આડમાર્ગે વાળવાનું કરતો સ્નૅપ. પાછળ મૃત્યુના દૂત જેવા ઘોડાના ડાબલા ભયંકર અવાજે ધસ્યા આવતા હતા. શિકારમાં ભાગ પડાવવા મથતો કોલી પણ સાદ પુરાવતો પાછળ પડયો હતો. જાણે આખું આભ ડોસાને માથે તૂટી પડયું એમ લાગતું હતું. ક્ષણભર તો ડોસાના પગ ઢીલા થઈ ગયા. પણ ગતિ ભંગ થયો ન થયો, ત્યાં તો એણે ભાન સંભાળી લીધું અને કૂતરાને ફાંફાં મારતા રાખી નવા જ આડમાર્ગે ફંટાઈ સીધો પડલરના બંધ ભણી વળ્યો. મોંમાં શ્વાસ માતો ન હતો. ફીણના ગોટ-





△ 'એરની અને ડેવે કાંગારુની ડોક ફાંસવાનાં ઘણાં ય વલખાં માર્યાં' (જમણી બાજુ) 'વિજયી ડોસાએ વિચાર્યું કે હવે બહુ થયું'. આજના દિવસ પૂરતી ઠીક રવી ખેંચી છે.'

ગોટા ઊડીને ચોપાસ હાથ ભોંય પલાળી મેલતા. આંખો લાલચોળ હતી અને એમાંથી અંગાર ઝરતો હતો. જેમ કૂદકો ભરે તેમ પાંસળાં ઊંચાં થાય. છતાં એકધારું દોડયે જતો હતો. દાંત પીસેલા હતા. કઠોર નિશ્ચય કર્યો હતો કે પેંતરો જમાવ્યા વિના લડવું નહિ. ભાન વગર લડે એ બીજા.

ક્વચિત્ ક્વચિત્ એકાદ કૂતરો તરાપ મારવા જતો, પણ ભાગ્યે જ એની અસર થતી, ડોસો સહેજ ઠોકરાતો પણ પાછો મૂળની ઝડપે જ દોડયે રાખતો. દોડતા કાંગારુને મારવું હોય તો શિકારી કૂતરાનો મોટામાં મોટો દાવ તેની કાંખમાં બચકું ભરવાનો, બીજે કયાંય ગજ વાગે નહિ. પણ અહીં તો મોં મળે નહિ એવું હાંફતા ને થાકીને લોથ-પોથ થયા હોય એવા કૂતરાના શા ભાર કે વારંવાર ભોંય એક તલપે કૂદનાર ડોસાને અડકી પણ શકે. એક પળમાં તો કેટલું ય છેટું પડી જાય. એટલે ન તો બ્રિન્ડલે હામ ભીડી કે ન સ્નૅપને મન થયું, બંને કૂતરા માત્ર ચપરાશીની પેઠે ડોસાની પાછળ દોડતા હતા. જોતજોતામાં ડોસો જંગલ વટાવી ઝાડની ઓથ છોડી સીધો પાણીના બંધ ભણી ફર્યો હતો.

હાંફને લીધે પહુંપહું થયો હતો. પગ જેમતેમ પડતા હતા અને શરીરમાં હવે રજ પણ કૌવત ન હતું. છતાં પાણીની પાળે તો આવી પહોંચ્યો ને એક જ ફલંગમાં પાળ કૂદી ગયો. પણ પળભર તળાવ કિનારે થંભી જેવો તે પાણીમાં પડવા જાય છે કે અણધાર્યો એક માણસ તેની અને પાણીની આડે આવી ઊભો. ક્ષણ વારમાં ડોસાની બધી બાજી ધૂળ મળી ગઈ. હવે તો તળાવની પાળ પર જ એણે મામલો સંભાળવાનું રહ્યું.

આ આડખીલી તે આપણો ફોટોગ્રાફર. શિકાર કઈ દિશામાં ફરશે એની એણે બરોબર અટકળ બાંધેલી, એટલે ખરે વખતે આમ બાજી બગાડી નાખી; અને તે પણ એક છબીની ખાતર! એવા નજીવા શોખની ખાતર એક પ્રાણીનો જાન જાય છે એનું એને ભાન હશે? આખરે તો માણસ જાતને!

પાળ ઉપર ટટ્ટાર થઈ ડોસાએ મોરચો માંડયો. પાછલા પગના નખ અને પૂંછડીની અણી જ જમીન ઉપર અડકે તેમ પેંતરો બાંધી તે ઊભો. આંખના પલકારામાં તેણે હાથ થૂંકાળા કર્યા અને વજ્ર જેવા કઠોર તેના સ્નાયુ વધુ કઠિન બન્યા. આંખોમાંથી તણખા વરસાવતાં જાણે પ્રલયકાળે જગત જીતતો હોય તેમ શત્રુઓની રાહ જોતો તે ઊભો.

પળ વારમાં બ્રિન્ડલે ડોસાનું ગળું પકડવા નિષ્ફળ તરાપ મારી. દાવ ચૂકી તે પાછો જમીન પર પડે ત્યાર પહેલાં તો ડોસાએ એને બાથ ભીડી અને છૂટો થવા તરફડિયાં મારતા બ્રિન્ડલને એણે, મા બચ્ચાને છાતીએ વળગાડે તેમ, છાતી સરસો ભીડીને ચગદયો. બ્રિન્ડલનું આવી બન્યું હતું. ભાલાની અણી જેવાં આંગળાંથી એનું પેટ ચીરી નાખવા ડોસાએ પાછલો પગ ઉપાડયો. પણ બ્રિન્ડલનું નસીબ જોરદાર, એટલે એ જ વખતે સ્નૅપે હુમલો કર્યો અને બ્રિન્ડલ બચી ગયો. બ્રિન્ડલને પડતો મૂકી કાંગારુ સ્નૅપની ખબર લેવા ફર્યો, અને બ્રિન્ડલે પણ એટલેથી જ સંતોષ માની લડવા કરતાં લડાઈ જોવાનું યોગ્ય ધાર્યું!

અને સ્નૅપનાં ભાગ્ય પણ જબરાં! થરથરતા અંગે સાપની જેમ ગૂંછળાં વળતા સ્નાયુએ ડોસાએ મૂઠી વાળીને એક એવી તો થપ્પડ ખેંચી કાઢી કે સ્નૅપના સાંધેસાંધા ઢીલા થઈ ગયા. એની બહાદુરી કયાંય સૂઈ ગઈ અને એકે સપાટે ભોંય ભેગો થઈ ગયો.

બે બાજુ બે કૂતરા, વચ્ચે કાંગારુ. અને હમણાં જ બની ગએલા નાટકનું પૂરેપૂરું ભાન નહિ, એટલે કોલી છાતી કાઢી આગળ ધસ્યો. પણ સમય વરતી ડોસાની સામે જવાને બદલે સીધું તળાવમાં ઝંપલાવ્યું અને થાક ઉતારવા પાણીમાં ઊલળવા માંડ્યો.

આ દરમ્યાન ડોસાને શું કરવું એ સૂઝતું નહોતું. કઈ દિશામાંથી હુમલો થશે એની એને ગમ નહોતી. જોકે બ્રિન્ડલ ને સ્નૅપ બંને ધરાઈ ગયા હતા. મેદાનમાં નાસતા કાંગારુની પાછળ પડવું એ તો જાણે ઠીક; પરંતુ અહીં આવી જગ્યાએ લડે એ બીજા. બ્રિન્ડલ અને સ્નૅપ તો નાસનારની પૂંઠે દોડનારા હતા. સામે ઊભા રહેનાર કાંગારુની સામે થવાનું કામ એમનું નહિ. વળી બીચારા બંને એટલા તો થાકી ગયા હતા કે શ્વાસ ખાવાને પણ થોભવું પડે તેમ હતું.

બે કૂતરાઓની વચ્ચે ઘેરાએલો ડોસો આ મૂંઝવણમાં હતો, એવામાં પાણીમાં પડેલા કોલીનો ખળભળાટ સાંભળી તે ભડકયો, બીકનો માર્યો પાછું ફરી જુએ છે ત્યાં તો પાણી ભરેલું તળાવ! તરત યાદ આવ્યું કે આવી નોધારી જગાએ શા માટે પોતે મોરચો માંડ્યો!

માત્ર એક જ ફલાંગ, અને હવામાં ગુલાંટ ખાધી કે સીધો પાણીમાં. જોતજોતામાં તો એ કેડ સમાં પાણીમાં જઈ ઊભો રહ્યો. હવે આવે આવવું હોય એને.

ડોસો કૂધો કે કૂતરામાં જોર આવ્યું, અને આગળ કોલી, પાછળ

બ્રિન્ડલ, છેવટે સ્નૅપ, એમ બધા ય પાણીમાં. એક વાર ડોસાના હાથનો રસ ચાખેલો એટલે છીછરા પાણીમાં કિનારે ઊભાંઊભાં જ જોવાની ભારે મજા આવશે એમ ધારી સ્નૅપ તો ત્યાં જ થોભ્યો. કોલી અને બ્રિન્ડલ આગળ વધ્યા અને ડોસા પાસે આવ્યા ન આવ્યા, ત્યાં તો ધબાક... ...

શું થયું, કેમ થયું, ક્યારે થયું એનું ભાન થાય તે પહેલાં તો પાણીમાં તરફડાટ મચી રહ્યો. જરાક ગભરાટ મટયો અને ઊછળતું પાણી શમ્યું ત્યાં નજર કરતાં એક કૂતરો ગુમ! બ્રિન્ડલ અહીંતહીં લપલપાટ કરતો હતો, પણ કોલી ક્યાં? કાંગારુના હાથ પાણીમાં હતા. પાણીમાં પરપોટા વળતા હતા અને કૂંડાળાં વળીવળીને પાણી ઊભરાતું હતું.

અનુભવ વિનાના કોલીનો આ પહેલો પદાર્થપાઠ!

બ્રિન્ડલે સાથીને બચાવવા જહેમત તો ભારે ઉપાડી, પણ પગ ઢીલા હતા. અને હૈયામાં યે હામ હોય ત્યારે ને? ડોસો તો એની યે ખબર લઈ નાખત. પણ કોલી આડે આવ્યો પેટ ભરીને પાણી પીધું હતું, અને સ્વાદ ચાખ્યો તે પણ કાંગારુના હાથનો. એટલે જેવું પાણી બહાર ડોકું કાઢ્યું કે સીધો કિનારા ભણી! કોલીની આ અહિંસાવૃત્તિ જોઈ બ્રિન્ડલે પણ સમય વિચારી લીધો. સ્નૅપે કિનારેથી દાંતિયાં કર્યાં બ્રિન્ડલે ડોસાની ત્રણ પ્રદક્ષિણા કરી, બે વાર ભસ્યો અને પાણીમાંથી રસ્તો માપી લીધો. કિનારે ત્રણ કૂતરા ભેગા થયા. ડીલ ધ્રુજાવી શરીર પરનું પાણી ખંખેરી નાખ્યું. એકબીજાનાં શરીર ચાટયાં, મોં સૂંઘ્યાં. સ્નૅપે એક કાન નીચો કર્યો ને બીજાની ટીશી હલાવી. બ્રિન્ડલે જરા પૂછડી પટપટાવી. કોલીએ રડવા જેવો અવાજ કાઢી લારી કરી, અને ત્રણે જણે કૂતરાની ભાષામાં 'આવને બહાર, મોટો બહાદુર હો તો! જો પછી તારા હાલ.' એવાંએવાં ગૌરવભર્યાં શબ્દબાણથી ડોસાને વીંધવા માંડયો.

આ અરસામાં એરની અને ડેવ પણ આવી પહોંચ્યા હતા. ઘોડે બેઠાંબેઠાં એમણે કૂતરાનો ભવાડો થતો જોયો હતો એટલે એમણે જાતે ઘોડેથી ઊતરીને કાંગારુને હાથ ચખાડવાનો મનસૂબો કર્યો. એક સીધો સોટો ઝાડ પરથી ભાંગીને એના છેડે દોરડાનો ગાળિયો કર્યો અને પાળ ઉપર ઊભાંઊભાં પાણીમાં વાટ જોતા કાંગારુનું ડોકું ફાંસવાનાં વલખાં માર્યાં. પણ વળે શું? જેવો ફાંસો આવે કે હાથની ઝાપટ મારી ડોસો આઘો હડસેલે. દોરડું ફેંકે તો ચડપ લેતો કે માથું આઘુંપાછું કરી નાખે ને ફાંસો હવામાં લટકતો રહી જાય અને શિકારીને કરમે ફરીથી એનું એ.

થાકીને અંતે એરની કહે કે 'પાણીમાં ઊતરી ઘોડા પર બેઠેબેઠે જ એના ગળામાં ફાંસો નાખીએ તો ઠીક પડશે.' ડેવ કહે, 'કબૂલ; ઘણો જ સરસ ઉપાય. પણ જો દોસ્ત, વિચાર તેં સુઝાડયો એટલે એને પકડવાનું માન પણ તને જ મળવું જોઈએ, માટે ચાલ ઊતર પાણીમાં.' પણ એરની કંઈ ઓછો ઉદાર હતો? ડેવ તો એનો જિગરજાન દોસ્ત. એના વિના પગલું યે ન ભરે. એટલે આવો લ્હાવો તો ડેવને જ આપવો! બંને બહાદુર; પૂરા સ્પૉર્ટ્સમેન. સુજનતા તો એમના બાપની જ. એટલે ડેવ કહે, 'તું જા' અને એરની કહે, 'એ માન તારે ખાટવું. એકલે હાથે ડોસાને પકડનારનો મોભો વધે!' અને બંનેની નિઃસ્વાર્થતા એટલી બધી કે એકબીજાનો મોભો વધારવા મરી મટે!

આમ આ મોભાદાર માણસોની આ બાજુ રકઝક ચાલે છે ત્યાં ડોસાએ વિચાર્યું કે હવે બહુ થયું. આજના દિવસ પૂરતી આટલી કસરત બસ છે. એટલે એણે આ આબરૂદાર જવાનોની ઉદારતા પર એક નજર નાખી ધીમેધીમે પૂંઠ ફેરવી અને તળાવને સામે કિનારે જઈ ઊભો. એક ધ્રુજારી ખાઈ શરીર પરથી પાણી ખંખેરી નાખ્યું, વાળ ચાટી લીધા અને ફરી એક નજર નાખી આસ્તે કદમ ઝાડી વટાવી ગયો. કૂતરા ચમકીને ઊભા થઈ રહ્યા.

ભર ઉનાળે, ખરે બપોરે શિકારની પૂંઠ પકડી ઘોડાં મારી નાખનારા આમ શિકારને હાથમાં આવેલો જીવતો જવા દે એ જરા નવાઈ જેવું તો ખરું જ; અને તે ય કાંગારુ જેવા પ્રાણીને! દુનિયાની નજરે રમૂજી દેખાવવાળું આનંદી સ્વભાવનું કાંગારુ ભલે સુંદર અને નિર્દોષ લાગે, પણ ઑસ્ટ્રેલિયામાં તો એમનો ભારે ઉપાડો અને રંજાડ છે. ટોળેટોળાં મળી એ ઘાસચારો અને અનાજનાં લચી જતાં ખેતરોને એક જ રાતમાં સાફ મેદાન કરી મૂકે છે. એના રંજવાડથી તો દુકાળ પડે. છતાં એ પ્રાણીમાં એવી તો મર્દાનગી ભરી છે કે શિકારમાં દિ' આખો દોડાવ્યા છતાં, શિકારીના હૃદયમાં આ વિચિત્ર પ્રાણી માન, દયા ને કંઈક પ્રેમ ઉપજાવી જિંદગી સલામત લઈ જાય છે. એના પર બંદૂક ઉઠાવવા શિકારીનો હાથ ઊપડી શકતો નથી!

'સાબાશ. ભલે બિચારું ગયું. છો જીવતું. એનો એટલો યે હક ન હોય! પણ...' ડેવ બોલ્યો, '...પણ એના ગળે ફાંસો નાખી બહાર ન લાવ્યા, એટલું જ મારા મનમાં ખૂંચે છે!'

'બરોબર. હું પણ દિલગીર છું.' ફોટોગ્રાફરે ટાપશી પૂરી અને હળવેથી બોલ્યો, 'તમે જો એને ખેંચી કાઢ્યું હોત તો હું ઘણો જ સરસ ફોટો લઈ શકત. પણ એને કિનારે લાવીને એને છૂટું મૂકવા તમે જ્યારે એના ગળામાંથી ફાંસો કાઢવા જાત, તે વખતે તો મારે વીજળીવેગા સિનેમાના કૅમેરાની જરૂર પડત!' □

અનુસંધાન] હિપૅટાઇટિસ [પૃષ્ઠ ૨૪૬થી

લોહી ઑસ્ટ્રેલિયા ઍન્ટિજન ધરાવતું હોય, તો તાજેતરના અવતરેલા બાળકને આવી રસી આપવામાં આવતાં બાળકને આ રોગ થતો નથી.

'નોન-એ' અને 'નોન-બી' હિપૅટાઇટિસ સંબંધી આપણું જ્ઞાન અત્યંત સીમિત છે. તેમ છતાંય, તાજેતરના ભારતીય સંશોધકોના મતે આવા કિસ્સામાં ઇમ્યુનોસીરમ ગ્લૉબ્યુલિન આપવાથી આ દર્દને કાંઇક અંશે ખાળી શકાય છે. સગર્ભાવસ્થામાં સ્ત્રીને એ આપવાના અખતરા સફળતાપૂર્વક થયા છે.

છેલ્લા ઉપાય તરીકે લિવર-ટ્રાન્સપ્લાંટ કરી શકાય. સૌપ્રથમ લિવર-ટ્રાન્સપ્લાંટ ડેનવર યુનિવર્સિટીના ડૉ. થૉમસ સ્ટાર્ઝલે (Thomas E. Starzl) ૧૯૬૩માં કરેલું. એ પછી લિવર આરોપણનાં આવાં સંખ્યાબંધ ઑપરેશનો થયાં છે. આ પૈકી કેટલાક દર્દીઓ એક વર્ષ કરતાંય વધુ જીવ્યા છે, જ્યારે એક દર્દી તો ૨૯ મહિના જેટલું લાંબું જીવેલો. આ એક મોટી સિદ્ધિ કહેવાય, કારણ કે ઉપર જોયું તેમ, જો લિવર કામ કરતું અટકી જાય તો વ્યક્તિ ૩૬ કલાકથી વધુ ખેંચી ન શકે. શસ્ત્રક્રિયાએ એમનું આયુષ્ય વધાર્યું એમ કહેવાય. આ બધા કિસ્સાઓમાં મોટે ભાગે લિવરનું કૅન્સર હતું. પણ જેમજેમ શસ્ત્રક્રિયામાં વધુ અનુભવ સાંપડતો જશે તેમ તેમ સિરૉસિસ કે હિપૅટાઇટિસ જેવાં લિવરનાં જીવલેણ દર્દોમાં આવી શસ્ત્રક્રિયા કરી શકાશે. વળી, 'સાયક્લૉસ્પોરિન' (cyclosporine) જેવાં ઔષધો શોધતાં આવી શસ્ત્રક્રિયા વધુ વ્યવહારુ થતી જાય છે. એક છ વર્ષની Stormie Jones નામની બાળકી ઉપર તાજેતરમાં જ, અમેરિકા ખાતે આવી લિવર-ટ્રાન્સપ્લાંટની શસ્ત્રક્રિયા સફળતાપૂર્વક પાર કરવામાં આવી છે. □

હિપૅટાઇટિસ

—ડૉ. સુશ્રુત પટેલ—

'ગમેતેવા હિંમતવાન માણસનું હૃદય ભાંગી નાખે એવા આ રોગ (ચેપી કમળા)માં પટકાઇ પડનાર કોઈ ઊગરતા નહીં અને બધા રિબાઈ રિબાઈને મૃત્યુ પામતા...એક કેદીએ કળથી નામના જંગલી તૂરિયા જેવા એક ફળની વાત કરી. જો એ ફળમાં રાતભર પાણી રખાય અને બીજે દિવસે એ પાણીના ઉપરાઉપરી નાસ લેવાય તો નાકમાંથી સતત પીળું પાણી પડવા માંડે અને કમળાનું જોર ઘટી જાય...એકાદ મહિનામાં દરદી લગભગ સાજો થઈ જતો...ન છૂટકે આ પ્રયોગ મેં મારી જાત પર થવા દીધો.'

સાબરમતી જેલના અનુભવો વર્ણવતા આ શબ્દો છે આપણા લબ્ધપ્રતિષ્ઠ કવિ-શિક્ષણકાર શ્રી 'સ્નેહરશ્મિ'ના(જુઓ એમની આત્મકથા 'સાફલ્યટાણું'; પૃષ્ઠ ૩૨૩, ૩૨૪, ૩૩૫). સ્વ. શ્રી બાપાલાલ ગ. વૈદ્યના મતાનુસાર આ ઔષધ કૂકડવેલનાં ફલ (બિદાલ) હોવાં જોઈએ. એના સ્વરસ કે સૂકાં ફૂલ હોય તો તેને રાતભર પાણીમાં બોળીને નાકમાં ટીપાં નાખવાં (જુઓ : 'ઘરગથ્થુ વૈદક'-પૃષ્ઠ ૮૭, ૮૮) ચાહે તો આને 'ફૉક મેડિસિન' કહો, 'લોકવૈદું' કહો યા પછી 'હર્બલ મેડિસિન' નામ આપો. બધું એકનું એક. સાબરમતી જેલના એ સમયના સુપરિન્ટેન્ડેન્ટ ભણતરે તબીબ હતા એટલે રોગની પરખ તેમજ આ infective jaundice સામેનું લોકવૈદું કાંઈક અંશે પ્રમાણભૂત પણ બને છે. તેમ છતાંય, તાજેતરમાં અમદાવાદથી આરંભાએલા અને સમગ્ર ગુજરાતમાં તથા મુંબઈમાં પણ ફરી વળેલા 'હિપૅટાઈટિસ-બી' નામના વાયરસથી કે એવા જ કોઈ પ્રકારના વાયરસથી થતા એક પ્રકારના અત્યંત ચેપી કમળામાં આવું ડોશીવૈદું પણ કારગત નીવડ્યું નથી. આયુર્વેદ, હોમિઑપથિ, ઍલૉપથિ કે પછી આધુનિક તબીબી વિજ્ઞાનના હાથ પણ એની આગળ હેઠા પડ્યા છે. આ રોગે ગુજરાતમાં હૉસ્પિટલમાંના સ્ટાફ, યુવાન તબીબો સહિત સંખ્યાબંધ માનવીઓનો ભોગ લીધો છે. તેમ છતાંય જાણે એનું ખપ્પર ભરાયું ન હોય તેમ રોજેરોજ નવી વ્યક્તિઓને સકંજામાં લેતો જાય છે.

વાયરસ કેવો હોબાળો અને આતંક સર્જી શકે એ જાણવા માટે અંગ્રેજીમાં બે બહુ સુંદર પુસ્તકો છે: માઈકેલ ક્રિચટન રચિત 'The Andromeda Strain' (કલ્પિત) અને ૧૯૬૯માં આફ્રિકાના નાઈજેરિયામાં પ્રસરેલા નવા વાયરસ અંગે રસમય શૈલીમાં બયાન કરતું જ્હૉન ફુલર રચિત 'Fever!' (સત્યકથા). ભૂતકાળમાં ન જવું હોય તો છેલ્લાં ત્રણેક વર્ષથી અમેરિકામાં સનસનાટી મચાવી મૂકનાર 'AIDS' (Acquired Immune Deficiency Syndrome) નામના રોગ અંગે વાંચી લેવું. આ રોગ HTLV-3 નામના નવા પ્રકારના વાયરસથી થાય છે અને દર્દીની પ્રતિકારતંત્ર-વ્યવસ્થાને નિર્બળ બનાવી મૂકે છે, જેને પરિણામે ગમે તે રોગ થવાની શક્યતા વધી જાય છે, અને કાળે કરી ત્વચાના એક પ્રકારના કૅન્સરનો પણ ભોગ બને છે. ત્રણેક વર્ષમાં એકલા અમેરિકામાં જ એના ૪૦૦૦થી પણ વધુ કિસ્સા બન્યા છે, તે પૈકી અર્ધો-અર્ધ મૃત્યુના મોંમાં ધકેલાઈ ગયા છે. એક રસમય બાબત એ છે કે આ નવા વાયરસ અને આપણે ત્યાંના આ વાયરસ વચ્ચે કેટલુંય સામ્ય છે. આમ તો બંને વાયરસનો પ્રકાર ભિન્ન છે, પણ બંને વાયરસ દર્દીના લોહીમાં, થૂંકમાં, આંસુમાં, પરસેવામાં, યોનિસ્રાવમાં, વીર્યમાં તેમજ માતાના દૂધમાં મોજૂદ હોય છે. એટલે કે આ બંને પ્રકારના વાયરસ એક સરખા જ માર્ગે ચેપ ફેલાવે છે. વળી ઉપર જોયું તેમ, HTLV-3 વાયરસ ત્વચાનું કૅન્સર જન્માવે છે, તો હિપૅટાઇટિસ-બી વાયરસ લિવર કે યકૃતનું. આમ બંને પ્રકારનાં વાયરસ કાળાંતરે કૅન્સર પેદા કરે છે.

લિવરની કામગીરી

યકૃત એ આખા શરીરમાં મોટામાં મોટી ગ્રંથિ (gland) છે: કદ, વજન ને કામગીરીની દૃષ્ટિએ. પુખ્ત વયના માનવીનું યકૃત ફૂટબૉલના કદ જેટલું તથા આશરે ત્રણેક પાઉન્ડ જેટલા વજનનું હોય છે. આંતરડાં અને હૃદય વચ્ચે યકૃતનું સ્થાન ઝેર ગાળી લેતી ગળણી તથા હૃદયને પ્રમાણસર લોહી પહોંચાડતી વાદળી (સ્પૉન્જ) જેવું છે. આંતરડામાંથી ચૂસાએલાં બધાં જ દ્રવ્યો એમાં ગળાઈ જાય છે. શરીરને ટકાવી રાખવા માટે યકૃત ૫૦૦થી પણ વધુ કામો કરે છે, અને એ માટે આશરે ૧૦૦૦થી પણ વધુ એન્ઝાઈમ (વિકર) તથા રસાયણોનું નિર્માણ કરે છે. લિવર જેટલાં કામો કરવા માટે માનવસર્જિત યંત્રોને લાખો એકરમાં પાથરવાં પડે! અને ખૂબી તો એ છે કે કોઈ કારણસર જો યકૃતનો ૮૫ ટકા જેટલો મોટો ભાગ નાશ પામે તોપણ એ પોતાની કામગીરી યથાવત્ બજાવી શકે છે! વળી, આ નુકસાન પણ કાયમી હોતું નથી. કારણ કે શરીરના કોઇ અવયવ કરતાં 'રુઝાઈ' જવાની લિવરમાં સહુથી વધુ ક્ષમતા છે.

લિવરની એક મહત્ત્વની કામગીરી તે પિત્તરસ (Bile) બનાવવાની. આપણા લોહીમાંના લાલકણો પ્રત્યેક સેકન્ડે એક કરોડની સંખ્યામાં મરે છે, એ વખતે એમનામાંથી હિમોગ્લોબિન છૂટું પડે છે, જેમાં થોડા ફેરફાર થઇને બિલિરુબિન નામનું પીળું રંગદ્રવ્ય (Pigment) છૂટું પડે છે. આ બિલિરુબિનને યકૃત પચાવી જાય છે અને એને પિત્તરૂપે આંતરડામાં ઠાલવે છે. આ પિત્ત ખોરાક પચાવવામાં મદદકર્તા બની રહે છે. મળનો સામાન્ય રંગ આ પિત્તને કારણે હોય છે. આમ જીર્ણશીર્ણ લાલકણોનો નિકાલ લિવર દ્વારા થાય છે,

ઘણા એવા રોગો છે કે જેમાં આ બિલિરુબિન જોઈએ તે કરતાં વધુ માત્રામાં શરીરમાં પેદા થાય છે, અથવા તો યકૃતની કામગીરી ખોટકાઈ જતાં એનો યોગ્ય પ્રમાણમાં નિકાલ થતો નથી. આ નિકાલ નહિ પામેલું કે વધારાનું બિલિરુબિન શરીરની માંસપેશીઓમાં જમા થાય છે, જ્યારે કેટલુંક પેશાબ વાટે ઉત્સર્જિત થતાં, પેશાબનો સામાન્ય રંગ બદલાઈને ઘેરોલાલ-ભૂખરો થઇ જાય છે. આંતરડામાં પિત્ત ઠલવાતું ન હોઇ, મળનો સામાન્ય રંગ બદલાઈને સફેદ-ફિક્કો થાય છે. બંધકોષ, ઊબકા, ઊલટી, ખાવાની અરુચિ અને શારીરિક નબળાઈ વર્તાય છે. ચામડી અને આંખના ડોળા વગેરેમાં આ રંગદ્રવ્ય જમા થતાં એ પીળાં દેખાય છે. આ ચિહ્નોને આપણે 'પીળિયો' યા 'કમળો' (Jaundice) નામે ઓળખીએ છીએ. આમ, કમળો એ પોતે કોઈ રોગ નથી, પણ લિવરની કામગીરીના બગાડાની નિશાની છે. લગભગ સો જેટલા રોગોમાં કમળો એક લક્ષણરૂપે દેખા દે છે.

કમળાનાં કારણો

કમળો થઈ આવવાનાં કારણો તો ઘણાં છે, પણ એમને ત્રણેક વિભાગમાં વહેંચી શકાય. જેમ કે લાલકણોના વધુ પડતા નાશથી થતો કમળો, પિત્તના માર્ગમાં અવરોધ ઊભો થતાં થતો અવરોધક કમળો અને યકૃતને પોતાને જ નુકસાન થતાં પેદા થતો કમળો. આ બધામાં બિલિરુબિનનું પ્રમાણ વધી જાય છે.

ઘણાં નવજાત શિશુઓમાં લાલકણો વધુ માત્રામાં નાશ પામવાની પ્રક્રિયા સામાન્ય હોઈ એવા શિશુમાં કમળો થોડા દિવસ પૂરતો દેખાય છે. એમાં કશું ગંભીર નથી. સિક્લ-સેલ (Sickle-cell) તરીકે ઓળખાતા વિકૃત થઈ જતા લાલકણો ધરાવતા એક પ્રકારના એનિમિયા (પાંડુરોગ)માં તથા થેલેસિમીયા મેજર (Thalassaemia major)

પોર્ટુગીઝ મુસાફર ફર્ડિનાન્ડ મૅગેલન (૧૪૮૦-૧૫૨૧) પૃથ્વીની પરિક્રમાએ નીકળીને દક્ષિણ ગોળાર્ધમાં પહોંચ્યો ત્યારે એના ખલાસીઓ પૈકીના ઍન્ટોનિયા પિગાફેટ્ટા-(Antonia Pigafetta)એ આકાશમાં બે ચળકતાં 'વાદળો' જોયાં. હકીકતે એ 'વાદળો' ન હતાં, પણ વિરાટ તારાવિશ્વો (ગૅલેક્સી) હતાં. જો કે હજુ આજે પણ એ બહુધા 'વાદળો' તરીકે જ ઓળખાય છે. આજે બિચારા ઍન્ટોનિયાનું નામ ભૂંસાઈ ગયું છે, પણ ટુકડીના નેતા મૅગેલનનું નામ અમર થઈ ગયું છે. કારણ કે આજે આ 'વાદળો' મૅગેલનવિશ્વો તરીકે ઓળખાય છે. આ પૈકી એક, મોટું મૅગેલન-વાદળ (Large Magellanic Cloud ટૂંકમાં LMC), જ્યારે બીજું, પ્રમાણમાં નાનો વ્યાપ ધરાવતું વાદળ, નાનું મૅગેલન વાદળ (Smail Magellanic Cloud ટૂંકમાં SMC) તરીકે ઓળખાય છે. આમ,



ત્રીજા (નવા) મૅગેલન વાદળની શોધ

આશરે ઈ. ૧૫૧૬ની આસપાસ યુરોપ વગેરે ઉત્તર ગોળાર્ધવાસીઓએ મૅગેલન મારફતે આ 'વાદળો' અંગે સૌપ્રથમ વાર જાણ્યું.

નરી આંખે દેખી શકાય એવાં ત્રણેક તારાવિશ્વો પૈકી ઉપર કહ્યાં તે બે મૅગેલનવિશ્વો અને ત્રીજું, સહેજ પ્રયત્ને દેખી શકાતું તે દેવયાની-વિશ્વ છે. દેવયાની વિશ્વની સરખામણીએ આ વિશ્વો આપણાથી બારેક ગણા વધુ નજીક આવેલાં હોઈ એમનો ઝીણવટભર્યો અભ્યાસ થઈ શક્યો છે. આ મોટું મૅગેલનવિશ્વ અસિમીન (Dorado), તેમજ કાંઈક અંશે શૈલ (Mensa) તારામંડળોમાં પથરાએલું છે. જ્યારે નાનું મૅગેલનવિશ્વ ચક્રવાક (Tucan) નામના તારામંડળમાં આવેલું છે. આ બંને તારામંડળો દક્ષિણગોળાર્ધમાં આવેલાં હોઈ ગુજરાત-માંથી દેખી શકાતાં નથી, જેને કારણે આપણે આ અદ્ભુત, સુન્દર દૃશ્ય સર્જતા તારાવિશ્વોથી વંચિત રહ્યા છીએ. દક્ષિણ અમેરિકા, દક્ષિણ આફ્રિકા, સિંગાપુર, ઑસ્ટ્રેલિયા વગેરે દક્ષિણાભિમુખ દેશોમાં-થી એ બહુ સહજપણે નજરે ચઢે છે.


આ દેવયાની અને મૅગેલનવિશ્વો સહિત આશરે ૩૦ જેટલાં નાનાં-મોટાં તારાવિશ્વો આપણા તારાવિશ્વ (આકાશગંગા કે મંદાકિનીવિશ્વ)-ની પાસે આવેલાં છે. જે પૈકી ૧૮ જેટલાં નોંધપાત્ર છે. મેસીયર-૩૩, એન. જી. સી. ૬૮૨૨, તેમજ ઈ. સ. ૧૯૬૮માં જ શોધાએલાં 'માફેઈ-૧' અને 'માફેઈ-૨' જેવાં તારાવિશ્વો આપણા પાડોશી છે. (આ માફેઈ-૧/૨-ની સચિત્ર શોધકથા 'ધૂળ પારની દુનિયાઓ' આ જ લેખકની કલમે અગાઉ 'કુમાર'માં આવી ગઈ છે. જુઓ સળંગ અંક ૫૯૪, જૂન ૧૯૭૩). આ બધાં નજદીકનાં તારાવિશ્વોને સ્થાનિક જૂથ (Local Group of Galaxjes) કહેવાય છે. હવે આ જુથમાં એક નવા જ તારાવિશ્વનો ઉમેરો થયો છે, અને એ છે ત્રીજું, મિનિ મૅગેલન વાદળ Mini Magellanic Cloud, ટૂંકમાં MMC). આ 'વાદળ' નાના-મૅગેલન-વાદળની પાછળ છુપાએલું મળી આવ્યું છે


એવું માનવામાં આવે છે કે આજથી ૨૦ કરોડ વર્ષો અગાઉ નાનું-મૅગેલન-વાદળ અખંડ હશે. એ પછી એમાં આંતરિક અથડામણ થવાથી એના બે ભાગ થયા હશે, અને એ બંને અલગ પડીને કદાચ, ઊભી ખોખોમાં જેમ એકમેકની આગળ માણસો ઊભા રહે તેમ આગળ-પાછળ અને આપણી સીધી રેખામાં આવી ગયાં હશે એટલે દેખાતાં ન હતાં. આમેય, આ નાના અને મોટા મૅગેલનવિશ્વો આપણી તદ્દન સામે આવેલાં નથી. તે સહેજ ત્રાંસા ગોઠવાએલાં છે. વળી, નાનું મૅગે-લનવિશ્વ તો મોટા કરતા પણ વધુ ત્રાંસું ગોઠવાએલું છે. એટલે એનો પૂરેપૂરો ભાગ દેખી શકાતો નથી, અથવા કહો કે એનું રહસ્ય ખોલવા એ નાખુશ છે. એટલે એની પાછળ છુપાવેલી, વિશ્વસૃષ્ટિ એ શા માટે ખુલ્લી કરી દે? પણ સંતાકૂકડીની આ અંચઈ, કમસે કમ નામને જ્યાં સુધી લાગેવળગે છે ત્યાં સુધી એને ભારે પડી જવાની છે, કારણ કે વૈજ્ઞાનિકો, આ નવી શોધને કારણે, એનું મૂળ નામ - નાનું-મૅગેલન-વાદળ બદલીને 'નાના-મૅગેલન-વાદળનો અવશેષ' (Small Magellanic Cloud Remanant) રાખવાનું વિચારે છે. એવું જણાયું છે કે આ 'નાનું' અને 'મિનિ' વાદળ પ્રતિ સેકન્ડ ૪૦ કિલોમીટરની ઝડપે, એકમેકથી દૂર ભાગે છે, અને અત્યારે એ બંને વચ્ચે ૧૦ કિલોપાર્સેક જેટલું અંતર છે. (એક કિલો એટલે એક હજાર, અને એક પાર્સેક એટલે આશરે ૩-૨૬ પ્રકાશવર્ષ અથવા આશરે ૧,૯૧,૫૦,૦૦,૦૦,૦૦,૦૦૦ માઈલ થાય. કિલોપાર્સેક કે પાર્સેક એ કિલોમીટર, માઈલ કે પ્રકાશ-વર્ષની જેમ, અંતર - અતિ મોટું અંતર સૂચવતો એકમ છે.)

આ નવા 'મિનિ' મૅગેલન વાદળની શોધ કરનાર સંશોધન ટુકડી-ના નેતા છે ઑસ્ટ્રેલિયાની માઉન્ટ સ્ટ્રોમલો (Mt. Stromlo) વેધ-શાળાના નિયામક, રેડિયો-ખગોળશાસ્ત્રી ડૉન મેથ્યુસન (Don Mathewson). રેડિયો-ખગોળશાસ્ત્રની આ જ ટુકડીએ, આજથી આશરે દસેક વર્ષ અગાઉ આ મૅગેલનવિશ્વોને લગતી એક મહત્ત્વની શોધ

તરીકે ઓળખાતા વારસાગત એનિમિયામાં લાલકણોનો વધુ પડતો નાશ થતાં કમળો થાય છે. એવી જ રીતે, માતા અને ગર્ભસ્થ શિશુના લોહીમાંના ભિન્નભિન્ન આરએચ ઘટકને લીધે ઊભી થતી વિસંવાદિતા (Rhesus ટૂંકમાં Rh-incompatibility)ને લીધે પણ બાળકના રક્તકણોનો નાશ થતાં બાળક મરેલું અવતરે છે. મોટી સંખ્યામાં લાલકણો તૂટવાથી થતા કમળાને હીમોલિટિક કમળો (Haemolytic jaundice) કહેવાય છે. પિત્તની પથરી, પિત્તનલિકામાં સોજો, પૅન્ક્રીઆસ કે આંતરડાનું કૅન્સર વગેરેને કારણે પિત્તના માર્ગમાં રુકાવટ ઊભી થતાં જોવા મળતા કમળાને અવરોધક (Obstructive) કમળો કહે છે. આ પૈકી પૅન્ક્રીઆસનું કૅન્સર જીવલેણ નીવડે છે. ત્રીજા પ્રકારના કમળાને 'હિપૅટાઇટિસ' (Hepatitis) કહેવાય છે. મૂળે આ ગ્રીક શબ્દ છે. 'Hepar-'એટલે 'લિવર', અને એની પાછળ '-itis'

▷ અવકાશમાં મંદાકિની (આપણી આકાશગંગા) તારાવિશ્વ (અને આપણા સૂર્ય) તથા મૅગેલન વાદળોનું સ્થાન અને તેમની સપાટી સમજાવતી આકૃતિ.





▷ મોટું મૅગેલન વાદળ (L M C) આપણાથી ૫૨ કિલોપાર્સેક, નાનું મૅગેલન વાદળ (S M C) ૬૩ કિ.પા. અને નવું શોધાએલું, 'મિનિ' મૅગેલન વાદળ (M M C) ૭૩ કિ.પા. દૂર છે. મોટા અને નાના મૅગેલન વાદળ વચ્ચે ૧૧, તથા નાના અને મિનિ મૅગેલન વાદળ વચ્ચે ૧૦ કિ.પા. જેટલું અંતર છે. સામેના પૃષ્ઠ ૫૨: મોટા અને નાના મૅગેલન વાદળની છબી.

કરેલી. એ શોધ હતી : 'મૅગેલેનિક-પ્રવાહ' (Magellanic Stream). આ 'પ્રવાહ' એ આયનિત નહિ થએલા, એટલે કે ન્યૂટ્રલ (તટસ્થ) હાઇડ્રોજનનો બનેલો હોવાથી નરી આંખે દેખી શકાતો નથી, પણ રેડિયો-ટેલિસ્કોપથી સહેલાઇથી પકડી શકાય છે. આ વિશ્વો તરફથી, અને ખાસ તો નાના-મૅગેલન-વાદળ તરફથી ન્યૂટ્રલ હાઇડ્રોજનનો પ્રવાહ આરંભાઇને છેક આપણા તારાવિશ્વની પાસે, કે એની ધરીને અડીને વિંટળાય છે. આમ, આ 'વાદળો' અને આપણા તારાવિશ્વ વચ્ચે સીધો જ સંબંધ જણાયો છે. આ વાયુની ગતિ પ્રતિ સેકન્ડે ૨૦૦ કિ.મી. જેટલી છે. આ ઉપરાંત, મૅગેલનવિશ્વો સાથે એક બીજો આડકતરો સંબંધ પણ આપણા વિશ્વને છે. જેમ દરિયાના પાણીમાં ગુરુત્વાકર્ષણબળને કારણે ભરતી આવે છે, એવી જ રીતે આ 'વાદળો'માંના દ્રવ્ય તથા તારાઓ પર આપણા તારાવિશ્વના ગુરુત્વાકર્ષણબળની અસર થાય છે, અને બધું તત્ત્વ એક તરફ–આપણા તરફ ખેંચાયા કરે છે!

ખરું પૂછો તો આવું થવું સ્વાભાવિક છે, કારણ કે આ બંને મૅગેલન-વાદળો આપણાં સાખપડોશીઓ હોવા ઉપરાંત, આપણા તારાવિશ્વની પરિક્રમા પણ કરે છે. ('મોટું', મૅગેલન-વાદળ આપણાથી આશરે બાવન કિલોપાર્સેક કે ૫૨,૦૦૦ પાર્સેક, જ્યારે 'નાનું', ૬૩ કિલોપાર્સેક કે ૬૩,૦૦૦ પાર્સેકના અંતરે છે.) બંને મૅગેલનવિશ્વો થોડા પ્રમાણમાં 'જૂના', અને વધુ પ્રમાણમાં 'નવા' તારાઓ ધરાવે છે. આ વિશ્વોમાં અનેક નવાનવા તારાઓનું સર્જન ચાલ્યા જ કરે છે. આ બંને વિશ્વો આપણા તારાવિશ્વ કરતાં ક્યાંય વધુ વાયુ-દ્રવ્ય ધરાવે છે. (૮ કિલોપાર્સેક વ્યાસ ધરાવતું 'મોટું' વાદળ દસ અબજ સૂરજ જેટલું દ્રવ્ય ધરાવે છે, જ્યારે પાંચ કિલોપાર્સેક વ્યાસ ધરાવતું 'નાનું' વાદળ બે અબજ સૂરજ જેટલું દ્રવ્ય ધરાવે છે.) આ મૅગેલન-વાદળોના વર્ણક્રમના અભ્યાસે દર્શાવ્યું છે કે એમનામાં લોખંડ વગેરે જેવા ભારે તત્ત્વો બહુ ઓછા પ્રમાણમાં છે. આ દર્શાવે છે કે બંને વિશ્વો આપણા તારાવિશ્વ કરતાં તો ઉંમરમાં ઘણા વધુ 'યુવાન' છે.

'એપોલો-૧૬' ચંદ્રઊતરાણ-મિશન વખતે ત્યાં ગોઠવેલા ખાસ કૅમેરાએ મોટા મૅગેલન-વાદળમાંથી નીકળતાં આલ્ટ્રાવાયોલેટ કિરણોના ફોટા ઝડપ્યા હતા, જેમાં એ વાદળમાં રહેલા 'યુવાન' પણ ગરમ તારાઓમાંથી ઉદ્‌ભવતાં અલ્ટ્રાવાયોલેટ-કિરણોએ મૅગેલનવિશ્વોનું એક જુદું જ ચિત્ર ઉપસાવેલું. આ પછી, ૧૯૮૧માં 'ઇન્ટરનૅશનલ અલ્ટ્રાવાયોલેટ એક્સપ્લોરર' (IUE) નામના ઉપગ્રહ દ્વારા પણ આ મૅગેલનવિશ્વનો અભ્યાસ કરાયો, જેનાં પરિણામો તાજેતરમાં જ આવ્યાં છે. આ અભ્યાસે દર્શાવ્યું છે કે મોટા-મૅગેલન વાદળમાં કરોળિયા આકારની એક વિરાટ 'લૂતિકા' નામની નિહારિકા આવેલી છે, જે '30 Doradus' કે 'Tarantula Nebula' તરીકે પણ ઓળખાય છે. સંશોધનોએ સૂચવ્યું કે આ લૂતિકા-નિહારિકામાં 'R136 a' નામનો અત્યંત રાક્ષસી કદ ધરાવતો એક પ્રકાશિત તારો પણ છે. એનું દળ આપણા સૂર્ય કરતાં ૩૦૦૦ ગણું વધુ છે, અને ૧૦૦૦ જેટલા સામાન્ય તારાઓના કુલ પ્રકાશ જેટલો એ પ્રકાશિત છે. આટલું બધું દ્રવ્યમાન ધરાવતો, કદાવર તારો આ અગાઉ ક્યારેય શોધાયો નથી. તારાના આ નવા પ્રકારને વૈજ્ઞાનિકોએ 'સુપરમૅસિવ' (Supermassive) નામ આપ્યું છે. પ્રથમ 'મૅગેલેનિક-સ્ટ્રીમ'થી અને એ સુપરમૅસિવ એવા નવા જ પ્રકારના તારા 'R 136 a' દ્વારા એક કે બાદ એક રહસ્યો પેશ કરીને મૅગેલનવિશ્વોએ આપણને આશ્ચર્યના ઉપરાઉપરી આંચકા આપ્યે જ રાખ્યા છે, અને હવે પોતાનામાં ગોપિત રાખેલા એક નવા જ, ત્રીજા મૅગેલન-વાદળ (વિશ્વ)ને પ્રકટ કરીને આપણને એક વધુ મોટો આંચકો, અથવા કહો કે સુખદ આશ્ચર્ય આપ્યું છે. ત્યારે હવે જોઇએ કે હજુ પણ એ આપણાથી કેવાં અને કેટલાં રહસ્યો ક્યાં સુધી છુપાવી રાખે છે. —ડૉ. સુશ્રુત પટેલ

એટલે કે 'સોજો', લાગે. આમ, 'હિપેટાઇટિસ' એટલે યકૃતનો સોજો. આ થવાનાં ઘણાં કારણો છે. જેમ કે અતિશય મદ્યપાનથી લિવરના કોષો નાશ પામે છે, તાંતણા વધે છે અને બાકી રહેલા કોષોને વધુપડી કામગીરી ઉપાડવી પડતી હોઇને તેઓ ફૂલી જાય છે. આમ આખું યકૃત ખરાબ થઈ જાય છે, જેને સિરોસિસ (સૂત્રણ) કહે છે. કેટલાંક ઔષધો લેવાથી તથા ઉદ્યોગોમાં પ્રયોજાતાં કેટલાંક રસાયણો પણ ખતરનાક નીવડે છે. પચાસેક ઔષધો એવાં છે કે જે કમળો જન્માવે છે. અમુક અંશે સગર્ભાવસ્થા દરમિયાન પણ યકૃતને સોજો ચઢે છે. વળી, અમીબિક મરડા (અમીબાયસિસ)માં, મૅલેરિયામાં તથા ગ્રંથિલ જ્વર (Glandular fever)માં પણ યકૃતને સોજો આવે છે. આ ગ્રંથિલ-જ્વરમાં દર્દીના થૂંકમાં એના વાયરસ હોય છે, અને ગળા, બગલ તથા જાંઘ આગળનાં વળાંમાં ગાંઠો નીકળે છે. ઉદર દ્વારા લેપ્ટોસ્પાઇરિ

નામના જીવાણુથી પાણી દૂષિત થતાં અને એ પાણીના સંસર્ગમાં આવતાં થતા લેપ્ટોસ્પાઈરોસિસ (Leptospirosis)ને કારણે પણ લિવરનો સોજો થઇને કમળો થઈ આવે છે. પણ લિવરના સોજા માટે આ બધાંય કરતાં ધ્યાનપાત્ર ઈન્ફેક્શિયસ કે ચેપી હિપૅટાઇટિસ (Infectious Hepatitis) છે. ઘણી વ્યક્તિઓને એક સાથે થઈ આવતા આ રોગનું કારણ વિષાણુઓ (વાયરસ) છે. વાયરસથી થતો આ કમળો 'વાઈરલ હિપૅટાઇટિસ' તરીકે પણ ઓળખાય છે.

વાયરસ

વાયરસ એ બૅક્ટેરિયાથી પણ સૂક્ષ્મ જીવાણુ હોઈ, સાદા માઈક્રોસ્કોપથી દેખી શકાતા નથી. એમને જોવા માટે ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપ હોવું જોઇએ. ૧૯૪૦માં આ જાતના માઇક્રોસ્કોપની શોધ થયા બાદ વાયરસ અંગે વધુ જાણકારી સાંપડી. પ્રત્યેક વાયરસને પોતાના આગવા કદ અને આકાર હોય છે. એમનું કદ નાનોમીટર (Nanometer)માં મપાય છે. એક નાનોમીટર એટલે મીટરનો અબજમો ભાગ. વાયરસનું કદ ૨૦ થી ૨૫૦ નાનોમીટર જેટલું હોય છે. સોયની અણી ઉપર ઈન્ફ્લૂએન્ઝાના ૫૦૦ જેટલા વાયરસ ગોઠવી દઈ શકાય! માનવી, પ્રાણીઓ અને વનસ્પતિ એમ દરેક જીવંત ચીજ એના ચેપનો ભોગ બને છે. અરે, આપણને ચેપ લગાડતા બૅક્ટેરિયા સુધ્ધાંને વાયરસ ચેપ લગાડે છે! અતિસૂક્ષ્મ કદ અને સાદું બંધારણ એ વાયરસની વિશિષ્ટતા છે. પ્રત્યેક વાયરસના કેન્દ્રમાં આનુવંશિક લક્ષણો ધરાવનાર રાસાયણિક તત્ત્વ-ન્યૂક્લીક ઍસિડ હોય છે, જેની ફરતે પ્રોટીનનું ખોળિયું કે કવચ (capsid) હોય છે. ન્યૂક્લીક ઍસિડ રૂપે ક્યાં તો રાઇબોન્યૂક્લીક ઍસિડ (RNA) અથવા ડિઑક્સી રાઇબોન્યૂક્લીક ઍસિડ (DNA) હોય છે. વાયરસની (વૃદ્ધિ) જીવંત કોષોમાં જ થાય છે, અથવા કહો કે જીવંતકોષોના ભોગે જ થાય છે. આધુનિક સંશોધન કહે છે કે ડી.એન.એ. ધરાવતા વાયરસની વૃદ્ધિ, આર.એન.એ. ધરાવતા વાયરસ કરતાં અત્યંત વધુ ઝડપે થાય છે. ન્યૂક્લીક ઍસિડમાં કોઈ કારણસર ફેરફાર થતાં વાયરસમાં વિકૃતિ (strain) ઉદ્ભવે છે, અથવા કહો કે નવી જાત ઉદ્ભવે છે. ફેરફારની આ પ્રક્રિયાને ઉત્પરિવર્તન (મ્યૂટેશન) કહે છે. ગુણવિકૃતિની આ પ્રક્રિયાને કારણે જ વાયરસ સામેની આપણી લડાઈ નબળી પડે છે. વાયરસમાં કયા પ્રકારનો ન્યૂક્લીક ઍસિડ છે, એની ફરતે પ્રોટીનના કવચનું બંધારણ એવું કવચ છે કે નહિ, 'ઈથર'ની હાજરીમાં વાયરસ સ્થાયી છે કે નહિ, એનાં આકાર-કદ, એની ચેપાળતા કેટલી અને કેવીક ઝડપી છે, એ કેવો રોગ જન્માવશે વગેરે જેવા ગુણધર્મો પરથી વાયરસનું વર્ગીકરણ થાય છે. જે વાયરસને પ્રોટીન-કવચ ન હોય તેને 'વાઇરોઈડ' (viroid) કહેવાય છે. એમાં હમેશાં આર.એન.એ. હોવાનું મનાય છે. આ કણ અત્યંત સૂક્ષ્મ હોય છે. જે ચેપી રોગ વાયરસથી થતા હોવાનું મનાતું હોય, પણ એમની હાજરી પકડાતી ન હોય, તે તે રોગ આવા 'વાઇરોઈડ'થી થતા હોવાનું અનુમાન છે. આથી ઊલટું, થોડા સમય પૂર્વે 'પ્રિઑન' (Prion) તરીકે ઓળખાતા નવા કણો અંગે વિચાર્યું છે, જેમાં ફક્ત પ્રોટીન જ હોય, પણ ન્યૂક્લીક ઍસિડ ન હોય. જોકે આવાં 'પ્રિઑન' હજુ સુધી જોઈ શકાયા નથી. માનવીમાં થતા અત્યંત ચેપી કુરુ (Kuru), ક્રુત્ફીલ્ડ-જેકૉબ (Creutzfeldt-Jakob) જેવા રોગો તથા ઘેટાંઓમાં થતો સ્ક્રેપી (Scrapie) નામનો રોગ આવા વાયરસથી થતા હોવાનું જણાયું છે. પોલિયો, યલ્લો ફીવર (Yellow fever), બળિયા (શીતળા), ઓરી, અછબડા, લાપોટિયું, હડકવા, સામાન્ય શરદી વગેરે સંખ્યાબંધ રોગો વાયરસથી થાય છે. વાયરસ સામે ઍન્ટિબાયૉટિક ઔષધો કારગત નીવડતાં નથી.

ઈન્ફેક્શિયસ હિપૅટાઇટિસ

હિપૅટાઇટિસ-એ (Hepatitis-A અથવા HAV), હિપૅટાઇટિસ-બી (Hepatitis-B અથવા HBV) અને હિપૅટાઇટિસ નોન-એ, નોન-બી (Hepatitis Non-A, Non-B અથવા NANB), આ ત્રણ પ્રકારના વાયરસ ઈન્ફેક્શિયસ (વાઈરલ) હિપૅટાઇટિસ માટે જવાબદાર હોવાનું મનાય છે. અત્યાર સુધી આ વાયરસ ફક્ત મનુષ્યમાં જ ચેપ ફેલાવતા હતા. એટલે એની રસી બનાવવામાં તથા એના અભ્યાસમાં વિલંબ થતો હતો. પણ હવે એનો ચેપ કેટલાંક પ્રાણીઓને પણ લાગુ પડતો હોવાનું જણાયું છે. જેમ કે 'HAV'નો ચેપ દક્ષિણ અમેરિકામાં થતા એક પ્રકારના વાંદરાં (marmosets)ને લાગુ પાડી શકાય છે, તો 'HBV'નો ચેપ રેસસ (Rhesus) વાંદરા તથા ચિમ્પાઝીને. ચેપ લાગ્યા પછી રોગ થઇને તેનાં લક્ષણો દેખા દે તેટલા સમયગાળાને રોગ સંક્રમણકાળ (incubation period) કહેવાય છે. દરેક રોગનો સંક્રમણકાળ ઓછોવધતો હોય છે. જેમ કે 'એ' પ્રકારના હિપૅટાઇટિસનો ૧૪ થી ૪૨ દિવસ, 'બી' પ્રકારનો ૬ થી ૨૬ અઠવાડિયાં (૪૨ થી ૧૮૨ દિવસ), જ્યારે નોન-એ, નોન-બી પ્રકારનો સંક્રમણકાળ પાંચ કે છ અઠવાડિયાં જેટલો હોય છે. વધુ ચોકસાઈથી કહીએ તો નોન-એનો રોગ-સંક્રમણકાળ ૧૫ થી ૩૦ દિવસ, જ્યારે નોન-બીનો ૪૫ થી ૬૦ દિવસ જેટલો છે. જો કે આ નોન એ, નોન-બી પ્રકારના વાયરસ કે એના ઍન્ટિબૉડીઝ (પ્રતિકણો) હજુ સુધી જોઈ શકાયા નથી, અને આપણે ત્યાં આ છેલ્લા પ્રકારના વાયરસથી થતા કમળાના કિસ્સા બહુ મોટી સંખ્યામાં બનતા રહે છે. અને એમાં નાની-મોટી દરેક ઉંમરની વ્યક્તિ ઝડપાય છે.

હિપૅટાઇટિસ-એ વાયરસનું કદ ૨૭ નાનોમીટર જેટલું હોય છે. એના કેન્દ્રમાં આર.એન.એ. હોય છે. એ દર્દીનાં ઝાડા તથા પેશાબ અને લોહીમાં મોજૂદ હોય છે. કમળો દેખાયા પહેલાં પંદર દિવસ અને એ પછીના પંદર દિવસ સુધી દર્દીના ઝાડામાં આ વાયરસ જાય છે. જો લિવરનો સોજો છ મહિનાથી વધુ રહે તો રોગ ચિરકાળી (chronic) હિપૅટાઇટિસ કહેવાય છે. રોગ ચિરકાળી બનતાં, કમળો મટ્યા પછી પણ ખાસ્સા મહિનાઓ સુધી આના વાયરસ લોહીમાં તથા મળમાં જોવા મળે છે. આવા વાયરસથી પીવાનું પાણી તથા ખોરાક દૂષિત થતાં એનો ચેપ ફેલાય છે. માખી એમાં અગત્યનો ભાગ ભજવે છે. આ વાયરસ અત્યંત ચેપી હોઈ, એનો ફેલાવો ખૂબ ઝડપથી થાય છે. ઈ. ૧૯૫૫-૫૬માં દિલ્હીમાં આ પ્રકારના કમળામાં ૨૯૦૦૦ વ્યક્તિઓ ઝડપાએલી; તો જાન્યુઆરીથી ઑક્ટોબર ૧૯૭૯માં મુંબઈમાં ૪૦૦૦માંથી ૬૬૮ જણા મરેલા. આપણા દેશમાં સ્વચ્છતાને અભાવે આ રોગ લગભગ બારેય માસ જોવા મળે છે, અને પ્રત્યેક વ્યક્તિને બાળપણમાં એકાદ વાર તો એ થએલો જ હોય છે. આ રોગને અટકાવવા સ્વચ્છતા અત્યંત જરૂરી છે. પીવાના પાણીમાં ક્લૉરિન નાખવાથી કે પછી ફિલ્ટર વાપરવાથી આ વાયરસ કાયમ મરે જ એવું થતું નથી. પાચનતંત્રમાંથી આ રોગના વાયરસ આખરે લિવરમાં જમા થાય છે. બહુધા નાનાં બાળકો તથા યુવાન વ્યક્તિઓ આ રોગનો ભોગ બને છે. દર્દીની વસ્તુઓના કે એના ગાઢ સંપર્કમાં આવવાથી આ રોગનો ચેપ લાગે છે. જોકે આ રોગમાં થતું લિવરનું નુકસાન કાયમી નથી હોતું, અને એક વખત કમળો દેખાયા બાદ, એની અસર ઓછી થતી જઇને દર્દી સંપૂર્ણ સાજો થઇ જાય છે. પૂરતી સાવચેતી લેવાય તો આ રોગ ભાગ્યે જ જીવલેણ નીવડે છે, અને તેનું મૃત્યુપ્રમાણ પણ દર હજારે એક કરતાં યે ઓછું છે.

હિપૅટાઇટિસ-બી વાયરસ ૨૦, ૨૮ અને ૪૨ નાનોમીટર એમ ત્રણેક કદના જણાયા છે. આ પૈકી ૪૨ નાનોમીટર જેવા મોટા, પૂર્ણ

વિકસિત, પુખ્ત વિષાણુને એના બ્રિટિશ શોધક ડૉ. ડૅવિડ એસ. ડેન (David S. Dane) ઉપરથી 'ડેન પાર્ટિકલ' કહેવાય છે. સિરમ (રક્ત-જલ)માંથી આ કણો મળી આવે છે, અને ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપની સહાયથી હિપૅટાઇટિસ-બી-ઍન્ટિજન નામના કણો સાથે જોડાએલા જોઈ શકાય છે. આ વાયરસ કેન્દ્રમાં ડી.એન.એ. ધરાવે છે. દુનિયામાં આશરે ૨૦ કરોડથી પણ વધુ લોકોના શરીરમાં આ વાયરસ હોવાનું જણાયું છે, જેમાંથી બે તૃતીયાંશ (૨/૩) તો એકલા એશિયામાં જ છે. આવા બધા જ લોકોને ચેપી કમળાનાં લક્ષણો થઈ આવે એવું નથી. વળી, રોગ દેખાયા પછી પણ કાંઈ બધા જ દર્દીઓ મૃત્યુ પામે તેવું પણ નથી. આ રોગમાં મરણ-પ્રમાણ ૧૫ ટકા છે, જ્યારે ૧૦ ના ચિરકાળી (ક્રૉનિક) બને છે, તો આશરે ૧૦ ટકા રોગવાહક (carrier) બને છે. ટાઇફૉઈડના બૅક્ટેરિયા પણ દર્દીના શરીરમાં રહીને વ્યક્તિને રોગવાહક (કૅરિયર) બનાવે છે. વ્યંગમાં 'ટાઇફૉઈડ મેરી' તરીકે ઓળખાતી એક સ્ત્રીએ એકલા અમેરિકામાં જ એક કાળે સાતેક વખત ટાઇફૉઈડના રોગચાળા ફેલાવેલા! ૧૯૩૮માં એ મૃત્યુ પામી ત્યારે દુનિયાએ નિરાંત અનુભવી! એટલે કે રોગી પોતે તો રોગથી અજ્ઞાત હોય છે, એ રોગથી નથી પીડાતો, એ સંપૂર્ણ તંદુરસ્ત દેખાય છે, પણ એના દ્વારા સમાજમાં રોગનો ફેલાવો થયા કરે છે, અને આમાં જ આ રોગની ભયંકરતા છુપાએલી છે. આવી રોગવાહકતા ઘણા કિસ્સામાં તો વર્ષો સુધી યા જિંદગીપર્યંત રહે છે! આવા 'કૅરિયર'ના શરીરના પ્રત્યેક સ્રાવમાંથી વાયરસ બહાર પડીને રોગને ફેલાવ્યા કરે છે. આવી વ્યક્તિ રક્તદાન કરી શકે નહિ. ભારતમાં આ રોગના 'કૅરિ-યર' થવાનો દર પાંચ ટકા છે, જ્યારે અગ્નિ-એશિયાના દેશોમાં એ દર ૧૦ ટકા જેટલો ઊંચો છે. આની સામે, સુધરેલા પશ્ચિમી દેશોમાં આ દર એક ટકા જેટલો નીચો છે. વાત આટલેથી અટકતી નથી. 'કૅરિયર' જ્યારે પણ કોઈ અન્ય પ્રકારના વાયરસના હુમલાનો ભોગ બને છે, ત્યારે એના યકૃત પર એની સીધી અસર થાય છે, અને મૂળ રોગ ઉગ્ર સ્વરૂપે દેખા દે છે. જેમ કે હિપૅટાઇટિસ-બીથી પીડિત દર્દીમાં 'ડેલ્ટા પ્રતિજન' (Delta antigen)નો બાહ્ય હુમલો જીવલેણ નીવડે છે. આવા કિસ્સામાં ભૂતકાળમાં યુરોપના દેશોમાં, ખાસ તો ઈટાલિમાં મોટા પ્રમાણમાં નોંધાયા છે. સંભવ છે કે તાજેતરના આવા હુમલા-માં આપણે ત્યાં પણ આવું જ બન્યું હોય. એટલે કે એકમાત્ર હિપૅ-ટાઇટિસ-બીના જ વાયરસ એના માટે કારણભૂત ન પણ હોય. સંભવ છે કે વધુ ઉગ્ર, જીવલેણ કિસ્સામાં આ વાયરસની સાથેસાથે કોઈ વધારાના વાયરસનો હુમલો થયો હોય, અથવા તો આ વાયરસથી પીડિત 'કૅરિયર'ના શરીરમાં બાહ્ય (જેમ કે નોન-એ, નોન-બી કે પછી ડેલ્ટા પ્રતિજન યા એવા જ કોઈ હજુ સુધી અજ્ઞાત રહેલા કોઈ નવા જ) વાયરસનો હુમલો થયો હોય. ધારો કે આવું ન થાય, એટલે કે વધારાના વાયરસનો હુમલો ન થાય, તોપણ આપણે ઉપર જોયું તેમ, કાળેકરી હિપૅટાઇટિસ-બીના વાયરસ લિવરનું કૅન્સર તો પેદા કરે જ છે.

હિપૅટાઇટિસ-બી એ દૂષિત પાણી કે ખોરાક ખાવાથી થતો નથી. કમળો દેખાયા અગાઉ બેએક મહિના અને એ પછી આશરે પંદરેક દિવસ સુધી આ વાયરસ દર્દીના લોહીમાં હોય છે. આ સમય દરમિ-યાન આવી વ્યક્તિને ઇન્જેક્શન આપવા વાપરેલી સોય, જો પૂરેપૂરી જંતુરહિત કર્યા વગર બીજા કોઈને માટે વાપરવામાં આવે તો એનો ચેપ લાગે છે. આવું થતું અટકાવવા ઇન્જેક્શન-સોયને ૧૫ મિનિટ સુધી ઉકાળીને પછી જ વાપરવાં જોઈએ, અથવા તો વાપરીને ફેંકી દેવાય (ડિસ્પોઝેબલ) તેવી સોયનો ઉપયોગ કરવો જોઈએ. હૉસ્પિટલનો સ્ટાફ, તબીબો વગેરે આવા દર્દીઓના સંપર્કમાં વધુ આવતા હોવાથી આ રોગનો સહેલાઈથી ભોગ બને છે. આ રોગનો વાવડ



ઑસ્ટ્રેલિયા ઍન્ટિજનના શોધક ડૉ. બ્લુમબર્ગ. બી-વાયરસ સામે પ્રતિકાર આપતી રસી શોધવાની દિશામાં પણ એમણે મહત્ત્વની કામગીરી કરી. એમને ઈ. ૧૯૭૬નું મૅડિસિનનું નૉબેલ પારિતોષિક મળેલું.

ચાલતો હોય તો જરૂર વગર ઇન્જેક્શન લેવાં નહિ. ધંધાદારી રક્ત-દાતાનું લોહી વાપરવું નહિ છૂંદણાં કે નાક-કાન વીંધાવવાં નહિ કે એક્યુપંક્ચર યા રસી મુકાવવી નહિ. હજામનો અસ્ત્રો કે ઓજાર આ વાયરસથી દૂષિત હોય તો વાળ કપાવવા કે હજામત કરાવતાં નજીવી ઈજાથી પણ યા વાયરસ શરીરમાં દાખલ થઈ જાય છે. માતાનો ચેપ દૂધ દ્વારા બાળકને યા સ્ત્રીપુરુષના કે સજાતિય સંબંધોથી પણ એક-બીજાને આ રોગ લાગે છે, મચ્છર, માંકડ પણ એનો ફેલાવો કરે છે. આ વાયરસના ચેપનો ભોગ બનેલા એકાદ મચ્છરનો ડંખ પણ તંદુરસ્ત માનવીને રોગનો ભોગ બનાવે છે.

ઑસ્ટ્રેલિયા ઍન્ટિજન

ઈ. ૧૯૬૩માં અમેરિકાના ફિલાડેલ્ફિયા ખાતેની કૅન્સર-સંશોધન સંસ્થાના ડૉ. બ્લુમબર્ગ (Baruch S. Blumberg, જન્મ ૧૯૨૫) દુનિયાના વિવિધ દેશોમાંથી આવેલા લોહીના નમૂનાઓમાંના સિરમ-પ્રોટીનનો અભ્યાસ કરતા હતા (આ નમૂનાઓમાં મદ્રાસ તેમજ એની આસપાસના પ્રદેશમાંથી પણ લોહી આવ્યું હતું), ત્યારે એમણે જોયું કે ઑસ્ટ્રેલિયાના એક આદિવાસીના તથા ન્યૂયૉર્ક-નિવાસી વચ્ચેના લોહીમાં એક વિશિષ્ટ પ્રક્રિયા થતી હતી. આનું કારણ આદિવાસીના લોહીમાંનો એક ખાસ પદાર્થ હતો. આ ઘટકને પાછળ-થી એમણે 'ઍન્ટિજન' તરીકે પિછાણ્યો. (ઍન્ટિજન એટલે એવા પદાર્થ જે શરીરમાં ઍન્ટિબાડી પેદા કરે) આવો નવો ઍન્ટિજન સૌ પ્રથમ ઑસ્ટ્રેલિયાના એક નાગરિકના લોહીમાં શોધાયો હોવાથી એ 'ઑસ્ટ્રેલિયા-ઍન્ટિજન' તરીકે ઓળખાય છે. આજે તો એ દુનિયામાં ઘણે ઠેકાણે જોવા મળે છે. બ્લુમબર્ગ અને એમના સાથીઓએ શોધી કાઢ્યું કે ઍન્ટિજન 'વાયરલ હિપૅટાઇટિસ' માટે જવાબદાર હતો, એટલું જ નહિ, હિપૅટાઇટિસ નામના જીવલેણ રોગના કારક એવા વાયરસની સપાટી સાથે જોડાએલો હતો. એ પછી તો આ વાયરસ ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપમાં દેખી પણ શકાયા. આ ઍન્ટિજનને HAA (Hepatiti Associated Antigen) પણ કહે છે. અનેક નવા અને વધુ સંવેદિ પરીક્ષણો એ માટે શોધી કઢાયાં. જેથી એક ખાસ રાસાયણિક પ્રક્રિયાથી કહી શકાય કે દર્દીના લોહીમાં ઑસ્ટ્રેલિયા ઍન્ટિજન છે, અર્થાત્, દર્દી બી-પ્રકારના હિપૅટાઇટિસથી પીડિત છે. આ માટે ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપની જરૂર પડતી નથી. આ ઍન્ટિજન બી-પ્રકારના હિપૅટાઇટિસમાં જ જોવા મળતો હોઇ આ ટેસ્ટ (પરીક્ષણ) ત્રણે પ્રકારના વાયરલ હિપૅટાઇટિસમાંથી બી-પ્રકારને જુદો તારવી

આપે છે. આમ નિદાન સચોટ બને છે. આ પછી તો બ્લુમબર્ગ અને મિલમાને (I. Millman) ૧૯૭૮માં બી વાયરસ સામે પ્રતિકાર આપતી રસી શોધવાની દિશામાં પણ મહત્ત્વની કામગીરી બજાવી. ઑસ્ટ્રેલિયા-ઍન્ટિજન ટેસ્ટથી રક્તદાન પછી જોવા મળતા લિવરના પ્રાણઘાતક સોજા (ટ્રાન્સફ્યુઝન હિપૅટાઇટિસ) થવાના કિસ્સા એકદમ ઓછા થઈ ગયા. ડૉ. બ્લુમબર્ગને ૧૯૭૬માં મેડિસિનનું નૉબેલ પારિતોષિક પણ અપાયું હતું.

પ્રયોગશાળામાં નિદાન

આપણે જોયું તેમ, વાયરલ હિપૅટાઇટિસ 'એ' છે કે 'બી' તે માટે ઑસ્ટ્રેલિયા ઍન્ટિજનની તપાસ કરવી જોઈએ. 'બી' પ્રકારમાં જ તે પોઝિટિવ આવે છે. 'બી' વાયરસનો ચેપ લાગ્યા બાદ આ ઍન્ટિજન દર્દીના લોહીમાં આશરે ૭ અઠવાડિયાં બાદ દેખાય છે. તેવી જ રીતે, કમળો કે અન્ય લક્ષણો દેખાય તે પહેલાં બેથી છ અઠવાડિયાં અગાઉ તે લોહીમાં પકડી શકાય છે. રોગ આરંભાયા પછી તે એકથી ચાર અઠવાડિયાં સુધી મોજૂદ હોય છે, ઑસ્ટ્રેલિયા ઍન્ટિજન શોધવા માટે પ્રયોગશાળામાં સંખ્યાબંધ પદ્ધતિઓ પ્રયોજાય છે. જેવી કે ઈમ્યુનોડિફ્યુઝન, કૉમ્પ્લિમેન્ટ-ફિક્સેશન ટેસ્ટ, ઇમ્યુનોઇલેક્ટ્રોફોરેસિસ, રિવર્સ્ડ પૅસિવહીમ ઍગ્યુટીનેશન (RPHA), રેડિયો-ઇમ્યુનોએસે (RIA), એલાઇઝા (Enzyme Linked Immunosor bent Assay ટૂંકમાં ELISA), ઇલેક્ટ્રૉન માઇક્રોસ્કોપી વગેરે મુખ્ય અને આધુનિક છે. આપણે ત્યાં મુખ્યત્વે 'RPHA' પદ્ધતિ પ્રયોજાય છે, તો કેટલાંક કેન્દ્રોમાં રેડિયોઇમ્યુનોએસેની સગવડ છે.

પેશાબમાં બિલિરુબિનની હાજરી અને લોહીમાં સીરમ ટ્રાન્સએમાઈનેઝ (SGPT અને SGOT)નો વધારો કમળો થવાનું સૂચવે છે. સીરમ ટ્રાન્સએમાઈનેઝનો વધારો લિવરના કોષોનું નુકસાન દર્શાવે છે. 'એ' અને 'બી' હિપૅટાઇટિસમાં સીરમ ગ્લુટામિક પાયરુવિક ટ્રાન્સએમાઈનેઝ (SGPT) નામના એન્ઝાઇમનું પ્રમાણ ખૂબ વધી જાય છે. રોગમુક્તિ થયા પછી પણ દર્દીએ પાંચ-છ મહિના સુધી બિલિરુબિન તથા એસ.જી.પી.ટી.ની તપાસ કરાવતા રહેવું જોઈએ. લિવર બાયોપ્સી, સાદો એક્સ-રે, બેરિયમ તપાસ, કોલેન્જીઓગ્રાફી, અલ્ટ્રાસોનિક સ્કૅન, લિવર સ્કૅનિંગ કે કેટસ્કૅન (CAT-Scan) જેવી આધુનિક તથા રોજિંદી પદ્ધતિઓ પણ રોગના નિદાનમાં ઉપયોગી થાય છે.

હિપૅટાઇટિસનાં ચિહ્નો

પ્રારંભ ફ્લુ જેવો થાય છે, એટલે કે શરીરમાં તાવ ભરાય છે, માથું દુઃખે છે, તેમજ સાંધાઓમાં પીડા થાય છે. કેટલાક કિસ્સાઓમાં આ લક્ષણો મંદ હોય છે, અને કમળો દેખાતો નથી. ઉગ્ર પ્રકારના કિસ્સાઓમાં કમળો દેખાવા માંડે છે. અવરોધક કે અન્ય પ્રકારના કમળામાં તાવ જોવા મળતો નથી. વળી, માત્ર અવરોધક કમળામાં જ લોહીની તપાસ દરમિયાન સીરમ આલ્કેલાઈન ફોસ્ફેટેઝ વધેલો જોવા મળે છે.

ચેપી કમળામાં તાવ ઉપરાંત શિરોવેદના થવા સાથે ભૂખનાશ, ઊબકા-ઊલટી થાય છે. ખોરાક જોઇને જ અરુચિ અને ઊબકા થાય છે. શરીરે ખજવાળ ઊપડે છે. સીરમ હિપૅટાઈટિસ ('બી'-પ્રકાર)માં ઍલર્જી જેવું થવા ઉપરાંત સાંધા દુઃખવાનું વધુ જોવા મળે છે. આ પછી ત્રણથી દસમે દિવસે કમળો દેખા દે છે. દર્દીના ઝાડા-પેશાબના રંગ બદલાય છે. કમળો દેખા દેતાં અગાઉની તકલીફો દૂર થાય છે. પણ જો કમળાની સાથેસાથે આ તકલીફોમાં રાહત ન થાય તો રોગ ગંભીરરૂપ પકડશે એવું માની શકાય. કમળો એક કે બે અઠવાડિયાં સુધી વધતો જઇ ઉગ્ર બને છે, અને એ પછી બેથી ચાર અઠવાડિયે મંદ થતો જાય છે. આવું લગભગ ત્રણે પ્રકારના હિપૅટાઇટિસમાં બને છે. પરંતુ હિપેટાઇટિસ-બી પ્રકારમાં ઘણી વાર રોગ જુદો જ માર્ગ અપનાવે છે. એ મટવાને બદલે વકરે છે અને દર્દી નીરસ કે સુસ્ત બનવા માંડે છે, અને માનસિક મૂંઝવણ વધવાની સાથે મૂર્છાવસ્થામાં સરકે છે, જેને 'હિપૅટિક કોમા' કહેવાય છે. આ પછી શરીરની અંદર તથા બહાર અનેક ભાગોમાંથી રક્તસ્રાવ થાય છે. ધીમેધીમે લિવર સંકોચાય (atropy) છે અને આખરે એ કામ કરતું સદંતર બંધ (Liver failure) થાય છે. જો લિવરની કામગીરી ખોરંભાય તો દર્દી ૩૬ કલાકથી પણ ઓછા સમયમાં મૃત્યુ પામે, જ્યારે અહીં તો એ સદંતર બંધ થતું હોવાથી મૃત્યુ નિશ્ચિત થાય છે. લિવર ઉપર અતિશય સોજો આવે તેને સામાન્ય ભાષામાં 'કમળી' કહીએ છીએ, જેમાં રોગ ઉગ્ર બને છે.

રોગ સામે રક્ષણ – ઇલાજ

પૂરતો આરામ, ઉચ્ચ કૅલોરીયુક્ત આહાર, પ્રમાણસર પ્રોટીન અને ચરબીયુક્ત ખોરાક સિવાય કમળા માટે કોઇ ચોક્કસ ઇલાજ નથી. પણ કમળો જે રોગ થવાથી થયો હોય એનો ઇલાજ કરવો જોઈએ. આ ઉપરાંત એમાં જણાતી કેટલીક શારીરિક તકલીફો માટે દવાઓ લઈ શકાય. રોગ ન થાય એ માટે પ્રતિકારક પગલાં લઇ શકાય. જેમ કે ઘરમાં કોઇને હિપૅટાઇટિસ-એ (ચેપી કમળો) થયો હોય, તો અથવા તો એ રોગના ચેપવાળા વિસ્તારમાં જવાનું થાય તો ઈમ્યુન સીરમ ગ્લોબ્યુલીનનાં ઈંજેક્શન લેવાથી છએક અઠવાડિયાં સુધી આ રોગ સામે રક્ષણ મળે છે. ભારતમાં બનેલા આવા ઈન્જેક્શનની કિંમત આશરે રૂ. ૩૦ જેટલી થાય છે. હિપૅટાઇટિસ-એ સામે રસી બનાવવાના પ્રયોગો ભારત સહિત વિદેશોમાં પણ થયા છે, અને સંભવ છે કે થોડા સમય બાદ એ બજારમાં આવે.

હિપૅટાઇટિસ-બી (સીરમ હિપૅટાઇટિસ) માટે હાલ સુધી કોઈ અકસીર રસી ન હતી. પણ તાજેતરમાં 'H-B-Vax' (Hepatavax-B-MSD) નામની એક રસી વિદેશના બજારમાં મુકાઇ છે. આ રસી ઑસ્ટ્રેલિયા ઍન્ટિજન ધરાવતી વ્યક્તિના લોહીમાંથી સીધી જ બનાવેલી હોઇ એની હમેશાં ખેંચ રહે છે, અને એટલે જ એની કિંમત ઊંચી રહે છે. પહેલા ઈન્જેક્શનની બાદ બીજો ડોઝ એક મહિને તથા છેલ્લો ડોઝ છઠ્ઠા મહિને આપવાનો હોય છે ત્રણે ડોઝની સામટી કિંમત આશરે રૂ. ૨,૫૦૦ જેટલી થાય છે. આ રસી લીધા પછી થોડા મહિના બાદ બી-હિપૅટાઇટિસ સામે રક્ષણ મળવાનું ચાલુ થાય છે, અને એની અસર કેટલાંક વર્ષો સુધી પહોંચે છે. આ રસી લેતાં પહેલાં ઑસ્ટ્રેલિયા ઍન્ટિજનની તપાસ કરાવવી પડે છે. જો એ ટેસ્ટ નૅગેટિવ આવે તો જ આ રસી આપવામાં આવે છે. જોકે આ રસી નવી જ હોઈ એની સંભાવિત આડ-અસરો અંગે પણ ધ્યાનમાં રાખવું જોઈએ.

આ ઉપરાંત, જિનેટિક એન્જિનીઅરિંગની પદ્ધતિ દ્વારા પણ આ રોગની રસી બનાવવાના પ્રયોગો સફળતા તરફ ધસી રહ્યા છે. (જિનેટિક એન્જિનીઅરિંગ અંગે આ જ લેખકનો લેખ જુઓ : 'કુમાર', જૂન-૧૯૮૦, અંક-૬૭૮).

ધારો કે કોઈ વ્યક્તિ અકસ્માતરૂપે યા હૉસ્પિટલનો સ્ટાફ હિપૅટાઇટિસ-બી દર્દીના સંસર્ગમાં આવી જાય તો આવા કિસ્સામાં તાત્કાલિક-રોગ-રક્ષણ માટે હાઇપર-ઇમ્યુન-બી-ગ્લૉબ્યુલિન (કે ઇમ્યુનો-સીરમ-ગ્લૉબ્યુલિન) લેવાથી મહદ્અંશે રક્ષણ મળે છે, અથવા થનાર રોગને હળવો કરી શકાય છે. 'Hyperhep-B નામની આ રસી વિદેશમાં રૂ. ૧૫૦૦ થી રૂ. ૨૦૦૦ માં પડે છે. ભારતમાં આ બનાવવાના પ્રયત્નો ચાલુ છે. આ રસીથી તાત્કાલિક રોગ-રક્ષણ મળવા ઉપરાંત, કેટલાક મહિના પર્યંત એની અસર રહે છે. પ્રસુતિ સમયે માતાનું (અનુ. પૃ. ૧૪૦)

નવો ચાણક્ય

વાર્તા – નિબંધ

—'આનંદશર્મન્'—

'તમારો શુક્ર બળવાન છે' એવું સીધું વિધાન અમારા ગામનાં એક સામાજિક રીતે અપરિણીત બેનને સામુદ્રિક શાસ્ત્રના જ્ઞાનથી કહેનાર ભૂપેન્દ્રને અમે 'નવો ચાણક્ય'ના નામથી ઓળખીએ છીએ.મેં આ જાણ્યું ત્યારે પૂછેલું :

'એમ શા ઉપરથી કહેલું ?'

'શુક્ર—વીનસ એ વિલાસનો ગ્રહ છે અને એમનો ચહેરો સ્પષ્ટ એની ચાડી ખાય છે.'

'પણ એ તો અપરિણીત છે.'

'એથી કંઈ વિલાસી ન હોય તેવું થોડું છે? મેં તો જે લાગ્યું તે કહ્યું. ખોટું લાગે તો વધારે ખાય.'

પોતાના જ્યોતિષ વિષયક જ્ઞાન પર પૂર્ણ શ્રદ્ધા રાખનાર આ નવો ચાણક્ય પ્રત્યેક ગ્રહના નામ સાથે તેનું અંગ્રેજી નામ અવશ્ય બોલે. ક્યારેક આખું વાક્ય અંગ્રેજી બોલે. એને અંગ્રેજી બોલવું ગમે છે. અંગ્રેજી બોલવાથી સારી 'ઇમ્પ્રેશન'–છાપ પડે તેવી તેની માન્યતા છે. એની પાસે ઘણી માન્યતાઓ છે. 'માન્યતા' એ તો માનવજાતને માટે રમવા જેવું એક સરસ રમકડું છે. પ્રત્યેક માનવ પોતાની આગવી માન્યતા લઈને ફરે છે, જીવે છે. જીવવા માટે કશુંક બહાનું તો જોઇએ ને!

'ચાણક્ય' એનું ઉપનામ છે. જ્યોતિષનાં સામયિકોમાં નામ સાથે લેખકનું ઉપનામ આવે છે. મેં પહેલવહેલું આ ઉપનામ વાંચ્યું ત્યારે મને હસવું આવેલું. મને હજી સમજાયું નથી કે જ્યોતિષ અને ચાણક્ય વચ્ચે શો સંબંધ હશે? ચાણક્ય તો ગ્રહોને બદલી નાખવાની વૃત્તિ ધરાવનાર હતો. મેં એકાએક વાતવાતમાં એને પૂછી નાખ્યું :

'ચાણક્ય ઉપનામ જ્યોતિષ સાથે સુસંગત નથી. તો પણ તેં એ ઉપનામ કેમ પસંદ કર્યું ?'

'એવું કંઈ થોડું છે કે જ્યોતિષીનું નામ જ જોઇએ ?'

'તો ય આ બરાબર નથી લાગતું.'

'કેમ ?'

'ચાણક્ય તો પ્રખર બુદ્ધિશાળી હતો.'

'એટલે ?'

'એના સોમા ભાગની બુદ્ધિ તો હોવી જોઇએ ને ?'

'હા, એ ખરું.' એટલું બોલીને એ મલકચો. પછી ખબર પડી કે મહાન જ્યોતિષીઓનાં નામ આજના જ્યોતિષીઓએ પચાવી પાડચાં છે. એકે ય નામ અવશેષ રાખ્યું નથી કોઇએ. આ બિચારો મોડો જન્મ્યો એટલે કયું નામ રાખે ?'

'ઉપનામ ન રાખો તો ન ચાલે ?'

'ના. બધાને હોય તો આપણે પણ હોવું જોઇએ ને ?' વળી તે મલકચો. મલકવું તેનો સ્વભાવ છે. આમ જ મલકાતાં એક વાર રસ્તા પર તેનું હૃદય કશુંક પામી ગયું. હૃદયમાં કશુંક સંઘરાઈ ગયું. પહેલી વાર જ આમ બનેલું તેથી વ્યક્ત કરવા તલપાપડ હતો. સીધો જ મારે ત્યાં આવ્યો. શરમાતાં-શરમાતાં વાત કરી. તે દિવસનો ચહેરો હજી યે મારી સ્મૃતિમાં સંગ્રહાઈ પડ્યો છે. પ્રેમનો ભાવ કેટલો નાજુક અને નિર્દોષ હોય તે સમજાયું. હજી યે ક્યારેક એ ચહેરો ચિત્રિત કરવા ઇચ્છું છું, પણ ચિત્રકાર નથી તેથી અભિવ્યક્તિ મૂંઝાઇને પડી છે. જાણ્યા પછી મેં સામો સવાલ કર્યો ?

'કેવી રીતે ખબર પડી ?'

'પહેલાં મારી સામે એ સહેજ હસી પછી નયણાં ઢાળી દીધાં.'

'ફાવી ગયા તમે.'

'કેમ ?' આનંદિત સ્વર રણક્યો.

'પ્રેમમાં આનાથી વિશેષ કશું થતું નથી.' પેલો મલકાટ મોં પર ફેલાઈ ગયો. પ્રેમ-પ્રાપ્તિથી મન ભર્યુંભર્યું થઈ ગયું. સ્વાધ્યાય વિસરી ગયો. સતત એના જ ખયાલમાં રહેતો. ખયાલ એનો, ખ્વાબ એનું. તર્ક એનો, રટણ એનું. એમ જ રમમાણ થતો ગયો. નિયમિત એના આવવાના ટાણે પ્રતીક્ષા કરતો. એને દૂધ લેવા જતી જોતો, દૂધ લઇને આવતી જોતો. બંને વખતે સ્મિતની આપલે થતી. આદાન-પ્રદાનનો આનંદ લૂંટતો. પછી મારે ઘેર આવે. વાત પણ એની જ. ક્યારેક એના સ્મિતથી ખુશ થતો, ક્યારેક એની ચાલથી મુગ્ધ બનતો, તો ક્યારેક પરિધાનથી પ્રફુલ્લ બનતો. એક વાર મેં પૂછ્યું :

'શું નામ છે એનું'.

'નંદા.' પૂરા આનંદથી નામનું ઉચ્ચારણ કરેલું.

'હવે તમારું ઉપનામ સમજાયું.'

'એટલે ?'

'પેલા ચાણક્યને નંદ સાથે વેર હતું. તમારે નંદા સાથે સ્નેહ છે.'

આટલું સાંભળતાં ખુશ થઈ ગયો. ખડખડાટ હસી પડ્યો. ચહેરા પર આનંદનાં ફૂલ ખીલી ગયાં જાણે! ખુશી વ્યક્ત કરવા નાસ્તો કરાવ્યો. કોઈ પોતાને ચાહે છે એ ભાવનાથી પ્રફુલ્લ રહેતો.

વૅકેશનમાં દરરોજ સાંજે મારે ત્યાં નિયમિત આવતો. ચા પીવાનો અમારો એ સમય. એક વાર ઊંઘ વધુ આવેલી, મોડું જગાયું. એ તો સમયસર હાજર જ. નાનકડી હીરલે બૂમ પાડી :

'પપ્પા, ભોપાકાકા આવ્યા છે.'

'ભૂપેન્દ્રકાકા કહેવાય.' એણે હીરલને સમજાવ્યું. પરંતુ હીરલને મઝા પડેલી તે જેમજેમ સમજાવે તેમતેમ તે વધુ ને વધુ 'ભોપાકાકા' બોલ્યા કરે. છેવટે મેં આંખ કાઢી ત્યારે બંધ થઈ. પરંતુ આજે ય ઘણી વાર તેની રીતભાત જોઇને લાગે છે કે તે દિવસે હીરલે જે નામ આપેલું તે સાર્થક છે. એ 'ભોપો' અર્થાત્ ભોળો છે. પોતાની ભૂલને કબૂલ કરનાર પણ છે. છે તો ઇજનેર પણ એને શિક્ષક થવું ગમે છે.

ભૂપેન્દ્ર ઊર્ફે નવો ચાણક્ય માત્ર જ્યોતિષનો જાણકાર નથી. સમાજમાં જ્યોતિષનો વ્યાપક ફેલાવો થાય તેવી તેની મનોકામના છે. અમારા ગામમાં એણે જ્યોતિષમંડળની સ્થાપના કરેલી. એના ઉદ્ઘાટન નિમિત્તે યોજેલા સમારંભમાં એ માઈક પર બોલેલો. માઈક એને ખૂબ ગમે છે. માઈક જોતાંની સાથે જ તેની વાણી ઊઘડે છે. માઈક પર બોલતો હોય તેવા ફોટો ખાસ પડાવે. કાર્યક્રમ વખતે ખુરશી પર બેસવાની ભારે ચૂલ. પ્રતિ વર્ષે એકાદ-બે કાર્યક્રમ અવશ્ય કરે. કાર્યક્રમનો અહેવાલ છાપાંમાં મોકલે. એમાં એનું નામ અવશ્ય હોય. નામ સાથે ઉપનામ પણ ન ભૂલે. વળી, નામ આગળ 'પ્રખ્યાત' કે 'જાણીતા જ્યોતિષી' એવું વિશેષણ તો જોવા મળે જ. નામ ભુલાય તો વાંધો નહિ, વિશેષણ ન ભુલાવું જોઇએ.

આ નવો ચાણક્ય ચર્ચાનો ભારે શોખીન છે. કોઈ પણ વિષયની ચર્ચા એ છેડી શકે છે. નીચે એનું નામ હોવું જોઇએ. છાપાંમાં એનાં ચર્ચાપત્રો અવારનવાર છપાય છે. એ સંતોષ લે છે. પણ એને ક્યાં ખબર છે કે જે છપાય છે તે સારું-સાચું જ છે તે માટે નહિ, પરંતુ છાપાંને મૅટર જોઇતું હોય છે માટે પણ છપાય છે. એ ચર્ચામાં હવામાન-ખગોળ વિષે તે ઘણી વાર લખે છે. એની એક ઝંખના જ્યોતિષ ખગોળને અનુલક્ષીને ઋતુપત્ર કાઢવાની છે. ક્યારેક તો વળી છાપું કાઢવાની વાત પણ કરે છે. એને ઘણું કરવું છે.

અધૂરપ + મધુરપ

હિમા યાજ્ઞિક

કેટલાક માણસોનો સ્વભાવ કેવો આનંદ-સભર્યો હોય છે! પક્ષી જેવી હળવાશ લઇને એ જન્મે છે, અને ફૂલ જેવું પ્રફુલ્લ એમનું વ્યક્તિત્વ હોય છે.

આ અમારા ડૉક્ટરકાકા જ જુઓને. પિતાજીના એ પરમ મિત્ર, પણ અમારા તો વહાલા ડૉક્ટરકાકા. બાળકો જેનાથી આકર્ષાય તેવું તેમનું વ્યક્તિત્વ – રમતિયાળ, નિર્દંભ અને મોહક. મૈત્રીએ બંધુત્વ પર વિજય મેળવ્યો હોય તેટલો તેમનો નિર્વ્યાજ સ્નેહ મારા પિતા પર, અને એવું જ હેત અમારા પર પણ.

પડછંદ ઊંચો ગૌર દેહ, લાલચટક ગાલ, આનંદને પણ ચકિત કરે તેવો પ્રફુલ્લ સ્વભાવ અને અત્યંત પ્રભાવશાળી વ્યક્તિત્વ. આરોગ્ય અને ડૉક્ટર વચ્ચે આવી નિકટતા મેં બીજા ડૉક્ટરમાં જોઈ-જાણી નથી. ડૉક્ટર રહ્યા એટલે આહારના ઔચિત્યની ખેવના ઓછી હતી એમ તો કેમ કહેવાય? એટલું ખરું કે ખોરાકના વૈવિધ્યમાં એમનો રસ અછતો રહે તેવો નહોતો, પણ તેમાં ચોખલિયાપણું તો નહિ જ. અને ચડસાચડસીમાં ઊતરે તો વાનગીઓની ખેર ન રહે. એમની સ્વાદેન્દ્રીય જોરદાર. છતાં સ્વાસ્થ્ય, શરીરસૌષ્ઠવ અને આહાર વચ્ચેનો મેળ બરાબર જળવાઈ રહે.

ફળો ખાવા-ખવરાવવાનો આગ્રહ ઘણાખરા ડૉક્ટરો રાખે છે. અમારા ડૉક્ટરકાકા યે તેમાંના જ હતા. તરબૂચના તો તેઓ ખાસ પક્ષપાતી. તરબૂચ આવતાં થાય કે એમના એક કાયમી ફળવાળાને કહી જ રાખેલું એટલે એ સવારના પહોરમાં એના આ કાયમી ઘરાકને એક સરસ મોટું તરબૂચ આપી જાય. પણ બધાં જ તરબૂચ મીઠાં હોય કે લાલચટક હોય જ એવું તો ક્યાંથી બને? એ ખાવામાં મઝા પણ શી? ઘરમાં જેવું તરબૂચ આવે કે કાકા એને પ્રેમથી નિહાળે, આમતેમ રમાડે, પાણીની કૂંડીમાં સહેલ કરાવે અને પછી પોતાના ઓરડામાં લઇ જાય. ઘરમાં રાખેલા સુગંધવિહોણા લાલ રંગના શરબતના શીશાનું બૂચ ખોલે, ઈન્જેક્શન માટેની મોટા-માં મોટી સીરીંજમાં એ શરબત ભરે, ગોળ-મટોળ તરબૂચને લાડથી આમતેમ ફેરવતા-પટાવતા જઈ ચારે ય બાજુએ પેલી સોય ઘોંચી દે, અને પછી તરબૂચને ફ્રિજમાં ઠંડું થવા મૂકી દે.

ત્યાર બાદ એમના આખા દિવસના પરિશ્રમનો પ્રારંભ થાય, તે છેક રાત સુધી એ પોતાની રોજની કામગીરીમાં વ્યસ્ત રહે. રાતે જમી-પરવારી ફ્રિજમાંથી પેલું તરબૂચ કાઢીને બેસે. અમારી બાળમંડળી એમની આજુબાજુ ગોઠવાઇ જાય, અને પછી જાદુના ખેલ કરતા હોય તેમ મોટી છરી વડે જાત-જાતના અભિનય સાથે એ તરબૂચ કાપે.

આહા! શો લાલચટક રંગ! કાકાના હાથમાં ખરો યશ છે, એમની પસંદગીનું તરબૂચ લાલચટક જ હોય!

અને તાજા કપાએલા એ તરબૂચની સોડમ પ્રસરતાં તો મોંમાં પાણી છૂટે. તથા પહેલું બચકું ભરતાં જ એની મીઠાશનાં વખાણ શરૂ થઈ જાય. ભાટચારણો પણ કદાચ આટલાં વખાણ નહિ કરી શકતા હોય. આ આખી ઘટના અમારા માટે તેમજ ડૉક્ટરકાકા માટે ભારે આનંદપ્રદ બની રહેતી. ડૉક્ટરકાકા પાસે તરબૂચ ખાધાની જે તૃપ્તિ થઇ છે તેવી બીજે ક્યારેય અનુભવી નથી.

જીવનના કોઇ પણ ક્ષેત્રની અધૂરપને મધુરપ-માં ફેરવવાની ડૉક્ટરકાકાની એ ખૂબી તો આજે સમજાય છે. બચપણમાં તો તરબૂચના એ રંગની ચટક અને સ્વાદની મીઠાશ જ અમારા માટે પૂરતી હતી. જે કંઇ પરિસ્થિતિ હોય તેમાંથી આનંદ ખોળી કાઢવાનો કીમિયો કાકાએ જાણે કે આડકતરી રીતે અમને બતાવી દીધો હતો. 'નથી'ના અભાવોમાં અટવાવાથી ક્યારેય 'છે'નો રસ્તો ન જ મળે.

એક બીજો પ્રસંગ પણ યાદ આવે છે. એક ઉનાળામાં પાણીની અછત વિષે છાપાંઓમાં રોજ કાળો કકળાટ આવતો. પાણીની એ અછતથી અમને પણ દુઃખ જરૂર થતું, પણ છાપાંમાં એનો ઢોલ પીટવા સિવાય બીજા કોઈ સમાચારના અભાવનું દુઃખ પણ ઓછું નહોતું. અને એથી રોજરોજના એ કકળાટ પ્રતિ અણગમો વધવા લાગ્યો. કંટાળીને એક દિવસ મેં મારી માને કહ્યું, 'જુઓને મા, જ્યાં જુઓ ત્યાં આ પાણીની તંગી જ તંગી છે. એક પાણી પૂરતી સગવડ પણ આપણે કોઈ કરી નથી શકતાં.'

પણ માએ તો સ્વસ્થતાથી જવાબ આપ્યો, 'એમ અકળાયે શું વળે? આશા રાખ કે દૂધ કદાચ વધારે સારું આવે.'


કેવો સચોટ કટાક્ષ હતો એ આપણે જે પરિસ્થિતિ વચ્ચે જીવી રહ્યા છીએ તેના પર! પણ એ જવાબમાં એક પાઠ પણ હતો. જીવનમાં આવતી તકલીફોનાં રોદણાં રોવાને બદલે તેને હળવી રીતે લઇને તેમાંથી માર્ગ કાઢીએ. અને તેમ પણ ન થઈ શકે તો કલ્પાંત કરીને કદરૂપું વાતાવરણ તો ન જ સર્જીએ. □

જ્યોતિષમાં કશુંક નવું કરવું તે તેની આદિમ ઇચ્છા છે. શિખાઉ જ્યોતિષી માટે ગણિત વિભાગનું 'સુગમ જ્યોતિષ' નામનું નાનકડું પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે. હવે નવું પુસ્તક કરવા પણ ઇચ્છે છે. મેં પૂછ્યું :

'કેટલાં પુસ્તકો લખવાં છે?'

'એક પછી એક મણકા બહાર પાડવાના છે, જ્યાં સુધી મારી કરોડનો મણકો ખસે નહિ ત્યાં સુધી.' આટલો પ્રેમ છે તેને જ્યોતિષ પ્રત્યે. માણસ જ પ્રેમનો છે — ભાવનો છે. ભાવ જોઇને ભીંજાય છે. વિજાતીયનું આકર્ષણ સારું છે. ભાવનો ઊભરો એના લગનટાણે ઉભરાયો'તો. પીઠી ચોળાવતી વખતે રડી પડેલો. પેલાં 'ઢળતાં નયણાં'નું સ્મરણ થઈ આવ્યું હશે કદાચ!

આ ચાણક્યની ઉંમર મોટી નથી, છતાં ય સદૈવ એના ચહેરા પર પ્રૌઢી ડોકાય છે. એના આચાર-વિચારમાં જુનવાણી ખયાલો ખૂબ છે. છે તો ઇજનેર પણ મંત્ર-તંત્રમાં માને છે. એને જોતાં જ મારા માનસ પર બુદ્ધિશાળી ચાણક્ય ઝબકે છે. પૃથ્વીનો ચાહક આ નવો ચાણક્ય પૃથ્વી પર જલ્દી આવવાની લ્હાયમાં બુદ્ધિ ક્યાંક ભૂલીને આવ્યો લાગે છે! એ ચાણક્ય છે. ચાણક્ય પછી યે એક ચાણક્ય થઈ ગયેલો જેને લઘુચાણક્ય તરીકે ઓળખવામાં આવે છે. એક વૃદ્ધ ચાણક્ય પણ થઈ ગયો છે, એટલે હું આને નવો ચાણક્ય કહું છું. એ નવું કરવા-જોવા ટેવાયેલો છે. એ ચાણક્ય અવશ્ય છે, પણ કૌટિલ્ય નથી, અથાત્ કુટિલનીતિનો માણસ નથી. કુટિલતા એને સ્પર્શતી નથી. એ વેર લેવાની વૃત્તિ ધરાવતો નથી. દ્વેષથી પર છે. જ્યોતિષ દ્વારા એ સહુનો માર્ગદર્શક મિત્ર બની રહે છે. મિત્ર બનવું એને ગમે છે. મિત્રતા નિભાવી પણ જાણે છે. એ જૂઠું બોલે છે, પણ એનો ચહેરો ચાડી ખાય છે. એ હસી પડે છે. એનું હાસ્ય નાના બાળક જેવું નિર્દોષ છે. બાળક જેવું હાસ્ય અને બાલિશતા એની પાસે સલામત રહે ત્યાં સુધી મારી માનવ પરની શ્રદ્ધા અખંડિત છે. □



તળ ગુજરાતનાં બંદરો

ડૉ. શિવપ્રસાદ રાજગોર

ધોલેરાથી ઉંબરગાંવ સુધી ગુજરાતનો સાગરકિનારો ૨૫૬ કિલોમીટર લાંબો છે! તેમાં સાબરમતી, મહી, નર્મદા, તાપી, ઔરંગા, અંબિકા વગેરે નાનીમોટી અનેક નદીઓની ખાડી આવેલી છે. આ કંઠાર ઉપર ભરૂચ અને સૂરત એ બે મધ્યમ કક્ષાનાં, અને ધોલેરા, ખંભાત, કાવી, ટંકારી, દહેજ, ભગવા, ઓંજલ, વાંસીબોરસી, બિલિમોરા, વલસાડ, ઉમરસાડી, કોલક, કોલાઈ, મરોલી અને ઉંબરગાંવ એ બધાં લઘુ બંદરો છે. આમાંનાં ધોલેરા, કાવી, ટંકારી અને કોલાઈ તો ૧૯૭૦-૭૧ કે તે પહેલાંથી બંધ છે. ખંભાતનું બંદર પણ લગભગ બંધ છે, પણ કદાચ લોકલાગણીને કારણે તે બંધ હોવાનું જાહેર કરાયું નથી. ભરૂચ બંદર પરથી યે ઈ. ૧૯૮૦-'૮૧થી આયાતનિકાસ થતી નથી, પણ વહીવટી કારણસર ઓછી આયાતનિકાસ છતાં ભરૂચ તથા સૂરતની ગણના મધ્યમકક્ષાનાં બંદરોમાં થાય. સામાન્યત: ૧૫૦૦ ટનથી વધારે અને ૧,૦૦,૦૦૦ ટનથી ઓછા માલની હેરફેર કરનારાં બંદરો મધ્યમકક્ષાનાં ગણાય છે. હાલમાં ખંભાત, ભરૂચ, સૂરત (મગદલ્લા), ભગવા, ઓંજલ, વાંસીબોરસી (નવસારી), બિલિમોરા, વલસાડ, ઉમરસાડી, કોલક, મરોલી અને ઉંબરગાંવ; આ બાર બંદરો ચાલુ હાલતમાં છે, પરંતુ આ પૈકી વલસાડ સિવાય કોઈ પણ બંદરેથી ૧૯૮૨–'૮૩ દરમિયાન નિકાસ થઈ નથી, જ્યારે આમાંનાં બીજાં બંદરો પરથી ઓછાં-વધતાં વર્ષો પહેલાંથી એ બંધ થઈ ગઈ છે.

દક્ષિણ ગુજરાતના ભરૂચ, સૂરત અને વલસાડ જિલ્લામાં રાજપીપળા, ઝઘડિયા વાલિયા, સોનગઢ, વ્યારા, વાંસદા, ધરમપુર અને ઉંબરગાંવ તાલુકામાં આવેલાં જંગલોમાંથી બીજા વિશ્વયુદ્ધ દરમિયાન, સાગ, વાંસ શીમળો, હળદરવો, ખેર, સાદડ, બાવળ વગેરે વૃક્ષો આડેધડ કપાઈ ગયાં હોવાથી વલસાડ સિવાય બીજાં બંદરોએથી ઇમારતી તથા બળતણનાં લાકડાંની નિકાસ થતી નથી. વળી, મહારાષ્ટ્ર, કર્ણાટક, ને મલબાર સાથેનો જમીનમાર્ગે વહેવાર વધતાં પણ બંદરો પરનો વ્યવહાર ઘટ્યો છે. આ જ રીતે મેંગલોરી નળિયાંની જે આયાત થતી તે બિલિમોરા, મોરબી વગેરે સ્થળે આ પ્રકારનાં નળિયાં બનવા માંડતાં લગભગ બંધ થઈ ગઈ છે. ભરૂચ અને સૂરતથી રૂ અને કપાસિયાંની નિકાસ પણ હવે અટકી ગઈ છે. જ્યારે ઔદ્યોગિક ઉપયોગ માટે સૂરત, વલસાડ વગેરે બંદરોએ મીઠાની આયાત હજી થાય છે. આ જ રીતે મહુવા, તળાજા ને વેરાવળથી દ. ગુજરાતનાં બંદરોએ ડુંગળી આવે છે. વલસાડથી સૌરાષ્ટ્રમાં કેરી જતી હતી તે હવે પરદેશ જવા લાગી છે. બિલિમોરા, ભરૂચ, વલસાડથી થતી વાંસની નિકાસ પણ બંધ છે. પણ મત્સ્યોદ્યોગના વિકાસને કારણે દક્ષિણ ગુજરાતનાં બંદરોએથી માછલાંની નિકાસ થાય છે, અને આ માટે કેટલીક સગવડો પણ વધી છે. આમાંથી દસ હજાર ટન જેટલા માલની હેરફેર એકમાત્ર વલસાડનું બંદર જ જાળવી શક્યું છે, જેમાં 'અમુલ'ની મીઠાની આયાત મુખ્યત્વે કારણભૂત છે.

દેશી વહાણો દ્વારા કાંઠાનો વેપાર દિન-પ્રતિદિન ઘટી રહ્યો છે, કારણ દરિયાઈ માર્ગે માલની હેરફેર સંપૂર્ણ સલામત નથી, એમાં સમય પણ વધુ લાગે છે ને માલના વીમાને કારણે પણ તે વધુ ખર્ચાળ બને છે. એટલે આજે દરિયાઈ માર્ગે માલની હેરફેર અગાઉની જેમ સસ્તી નહિ, પણ મોંઘી પડે છે.

ગુજરાતનાં બંદરો હાલ તો પશ્ચિમ કંઠારનાં મથકો – ખાસ કરીને મુંબઈ, મેંગલોર અને કાલિકટ સાથેનો વેપાર જાળવી રહ્યાં છે, અને તે પણ મોટે ભાગે આયાત ઉપર નિર્ભર છે. આ બધાં બંદરો નદીનાં મુખ પાસે આવેલાં હોઈ ત્યાં વધતા જતા કાંપના જમાવને કારણે છીછરાં બની જતાં ૫૦ ટનથી ઓછા ટનેજનાં વહાણો જ આ બંદરોએ આવે છે. જમા થતા કાંપ તથા કિનારા પાસેના ખરાબાને દૂર કરવાના ખાસ કોઈ પ્રયત્નો થયા નથી. મગદલ્લાને આધુનિક સગવડોનો લાભ મળ્યો છે અને ઘોઘા-દહેજ વચ્ચે ફેરી સર્વિસ ચાલુ થાય તો ત્યાં સગવડો વધવાની શક્યતા છે, બાકી જેટીના બાંધકામ સિવાય મોટા ભાગનાં બંદરોની ઉપેક્ષા થતી રહી છે. મગદલ્લાની લંગરગાહ સુધી ૫૦૦૦ ટનની સ્ટીમરો આવી શકે છે, પણ છેલ્લાં છએક વર્ષોથી સ્ટીમર-વ્યવહાર થયો નથી. મગદલ્લા વિદેશ સાથેના વ્યવહાર માટે ખુલ્લું છે, જ્યારે બાકીનાં બંદરો તો કાંઠાનાં બંદરો સાથે વહાણો દ્વારા ચાલતા વ્યવહાર ઉપર જેમતેમ ટકી રહ્યાં છે. દહેજ અથવા હજીરાને જો બારમાસી બંદર તરીકે વિકસાવવામાં આવે તો વડોદરાથી ઉંબરગાંવ સુધીના ઔદ્યોગિક વિસ્તારને આયાત-નિકાસની અનુકૂળતા રહેવાની શક્યતા છે. ખંભાત, ભરૂચ અને સૂરત જેવા એક કાળનાં ધીકતાં બંદરોનો દરિયાઈ વેપાર ખલાસ થઈ ગયો છે, જ્યારે બીજાં બંદરો મત્સ્યોદ્યોગ અને નજીવી આયાતોને આધારે મૃત:પ્રાય જેવી અવસ્થામાં ટકી રહ્યાં છે. આ બંદરોને આપણે નામવાર જોઈએ :

ધોલેરા

અમદાવાદ જિલ્લાના ધંધુકા તાલુકામાં સુખભાર નદીના મુખ પાસે ધોલેરાનું સ્થાન છે. ઓગણીસમી સદીના આરંભમાં અંગ્રેજોએ જ્યારે ધોલેરાનો કબજો લીધો ત્યારે સ્થાનિક અંધાધૂંધી અને અનેકવિધ કરવેરાને કારણે તેનો વેપાર સાવ ભાંગી પડેલો હતો. ઈ. ૧૮૧૭માં બધાવેરા દૂર કરાતાં રાધનપુર, પાટણ, પાલનપુર, હારિજ અને કચ્છ-વાગડના વિસ્તારનો માલ ઊંટ અને ગાડાં દ્વારા વીરમગામ થઈને અહીં આવતો હતો. પછી નદીનો પ્રવાહ બદલાતાં ખૂનબંદર વિકસાવવામાં આવ્યું, જેનો ૧૮૫૦થી ઉપયોગ થવા લાગ્યો. અમેરિકન

આંતરવિગ્રહને કારણે હિંદુસ્તાની રૂની ખપત વધતાં ઈ. ૧૮૫૩થી '૬૩ના દાયકામાં અહીંથી રૂની નિકાસ ૯૭,૫૬,૬૯૦ રૂ.થી વધીને ૪,૭૮,૩૩,૨૬૦ રૂપિયા સુધી પહોંચી હતી. આ ઉપરાંત, અહીંથી અનાજ અને તેલની સૂરત, ભરૂચ ને મુંબઈ નિકાસ થતી હતી, જ્યારે મુંબઈ, દહાણુ, મલબાર અને દમણથી અહીં ઈમારતી લાકડું, મચ્છી, વિલાયતી નળિયાં, કાજુ, નાળિયેર, કાથી અને મસાલા વગેરે આવતાં. પણ પછી વીરમગામ–વઢવાણ–ભાવનગરના રેલમાર્ગ શરૂ થતાં ધોલેરાનો વેપાર પડી ભાંગી ભાવનગરને તેનો લાભ મળ્યો. સન ૧૮૭૦માં ૧૭૦ લાખ રૂપિયાની તેની આયાત-નિકાસ હતી તે ઘટીને ૧૮૯૪ સુધીમાં માત્ર ૩૨ લાખ રૂપિયાની થઈ ગઈ, અને ૧૯૧૪–'૧૫ દરમિયાન તો માત્ર પાંચ લાખ રૂપિયાની આયાત અને આઠ લાખની નિકાસ થઈ હતી. આ પછી યે તેમાં ઉત્તરોત્તર ઘટાડો થતો જઈ ૧૯૬૫–'૬૬થી '૬૭–'૬૮ દરમિયાન અહીં માત્ર ૨૮૬ ટન માલ આવ્યો હતો. પછી તો કાંપના જમાવને કારણે ખાડીનું પુરાણ વધી જતાં આ બંદર મૃત:પ્રાય બની ગયું છે. એક કાળે 'જન્મભૂમિ' પત્રના શ્રી અમૃતલાલ શેઠે કાંપ દૂર કરીને અહીંથી છેક અમદાવાદ સુધી જળમાર્ગ વિકસાવવા યોજના ઘડેલી એ યે કાળાંતરે વિલાઈ ગઈ.

ખંભાત

મૈત્રકકાળ, એટલે કે ઈ. ૪૭૦થી ૭૭૬ દરમિયાન ખેડા જિલ્લામાં હાલના નગરા નજીક એક બંદર હતું. તે નષ્ટ થયા પછી નવમી સદીમાં ગુર્જર પ્રતિહારોના શાસનમાં ખંભાતના બંદરનો ઉદય થયો. મહી નદીના મુખને ઉત્તર કાંઠે, રાષ્ટ્રકૂટોના ભરૂચ બંદરની સ્પર્ધામાં આ બંદર વિકસાવાયું હતું. પુરાણોમાં મહીસાગર સંગમક્ષેત્ર, ગુપ્તક્ષેત્ર, કુમારિકાક્ષેત્ર, સ્તંભતીર્થ, સ્તંભેશ્વરતીર્થ, સ્તંભપુર મહીનગર, તારકપુર, ત્રંબાવતી, ભોગાવતી, વગેરે નામે આ ક્ષેત્ર ઓળખાતું રહ્યું હતું. સ્વ. રત્નમણિરાવે 'સ્કંભ' ઉપરથી ખંભાતનું નામ ઊતરી આવ્યું હોય તેમ માન્યું છે. મુસલમાન ઇતિહાસકારોએ 'ખંભાયત' નામે તેનો ઉલ્લેખ કરેલો છે. પ્રબંધો અને શિલાલેખોમાં સામાન્યત: સ્તંભ-તીર્થ નામ જોવા મળે છે.

સુલેમાન (ઈ. ૮૫૦), ખરદાબા (ઈ. ૮૬૫), અલ મસુદી (ઈ. ૯૧૩-'૧૪), ઈબ્ન હૌકલ (ઈ. ૯૬૮–'૬૯), અલ ઇદ્રિસી (ઇ. ૧૧૦૦), માર્કો-પોલો (ઈ. ૧૨૯૦), ઈબ્ન બતુતા (ઈ. ૧૩૪૫) વગેરેએ એનો પ્રખ્યાત બંદર અને નૌકા મથક, તરીકે તથા ત્યાંથી થતી નીલમ, ચામડાની ચીજો ને કાપડની નિકાસના ઉલ્લેખો કર્યા છે. સિદ્ધરાજ જયસિંહ, કુમારપાળ તથા મહામાત્ય વસ્તુપાળના સમયમાં, એટલે કે અગિયારથી તેરમી સદીમાં સમગ્ર દેશનું વિખ્યાત બંદર હતું. ઉત્તર ગુજરાત, માળવા, રાજસ્થાન, પંજાબ, સિંધ, કાશ્મીર સુધીના ઉત્તરના પ્રદેશોના માલની અહીંથી આવનજાવન થતી. અમદાવાદ, પાટણ, નડિયાદ, વડોદરા વગેરે સ્થળોનું કાપડ, ગળી, ખાંડ, અકીકની વસ્તુઓ, અનાજ, રેશમ, કાગળ, ચામડાની ચીજો વગેરે અહીંથી બહાર જતાં. ગુજરાત, માળવા ને સૌરાષ્ટ્રને અનુકૂળ એવું એનું સ્થાન હોઈ એનો વિકાસ સરળ બન્યો હતો. ઈરાની અને આરબ વેપારીઓ, તથા આ દેશમાં આવેલા પારસીઓ અહીં વસ્યા હતા. માળવા–મેવાડ તરફનો ધોરી માર્ગ ડુંગરપુર–શામળાજીના માર્ગ સાથે જોડાઈ ખંભાતને માટે બહુ અનુકૂળ બની રહ્યો હતો.

અલ્લાઉદ્દીન ખીલજીના સેનાપતિ નસરતખાને કરેલી લૂંટમાં અહીંથી હીરા, માણેક, સોનું-રૂપું વગેરે પુષ્કળ પ્રમાણમાં મેળવ્યું હતું. દિલ્હીના સુલતાનોના સમયમાં 'બહર બક' (પોર્ટ ઑફિસર)નો હોદ્દો ધરાવતો એક ખાસ બંદર-અધિકારી અહીંના વેપારના વિકાસ માટે નીમવામાં આવતો હતો. ઈરાનના હોરમઝ; અરબસ્તાનનાં મોચા, એડન, મસ્કત, પૂર્વ આફ્રિકાનાં મોમ્બાસા, મોગાડીશુ, ક્લિવા મોઝાંબિક, સોફાલા વગેરે; મલાયાના મલાક્કા, સુમાત્રાના અચીન તથા જાવા અને ચીનનાં બંદરો સુધી ખંભાતનાં વહાણોની અવર જવર હોઈ ૧૫મી અને ૧૬મી સદી દરમિયાન ખંભાતની સમૃદ્ધિ ટોચે પહોંચી હતી. ગુજરાતના સુલતાનો 'ખંભાતનાં રાજા' તરીકે ઓળખાતા. રાણી ઇલિઝાબેથ પહેલીએ 'ખંભાતના શહેનશાહ' તરીકે ઉદ્બોધન કરીને અકબરને પત્ર લખ્યો હતો.

સન ૧૫૨૯ થી ૧૫૩૪ દરમિયાન બહાદુરશાહના શાસન દર-મિયાન ગુજરાતના વહાણવટાને પોર્ટુગિઝોએ બહુ નુકસાન કરેલું, ને દીવ તથા ગોવા મારફત જ ખંભાતના વેપારીઓ વેપાર કરે તે માટે લૂંટફાટ સહિત બધા પ્રકારના પ્રયાસો કર્યા હતા. મુસ્લિમકાળમાં કાગળ, ઘઉં, ચોખા, ગળી, ખાંડ, ઝવેરાત, હરડે, રેશમી કાપડ, મરી-મસાલા વગેરેની અહીંથી નિકાસ થતી હતી, અને એડન, ગોવા, સિયામ, લંકા, ઇરાન, અરબસ્તાન, ટીમોર, મલાક્કા વગેરે સ્થળેથી ત્રાંબુ, સીસું, પારો, હીંગળોક, ફટકડી, રૂપું, કલાઈ, લોખંડ, ચંદન, લોબાન, ઘોડા, અંબર, મખમલ વગેરે અહીં આવતાં. જહાંગીરના સમયમાં મોટાં વહાણો ઘોઘા સુધી આવતાં અને ત્યાંથી નાનાં વહાણો ને મછવાઓ દ્વારા અહીં સુધી માલની હેરફેર થતી.

પરંતુ ૧૭મી સદીના ઉત્તરાર્ધ બાદ સૂરતનું બંદર વિકસતાં ખંભાતનો વેપાર ઘટવા માંડ્યો. ઔરંગઝેબના મૃત્યુ પછી ખંભાતની વધારે પડતી થઈ અને યંત્રયુગના આગમન પછી સ્ટીમરોની આવન-જાવન આરંભાતાં ઈ. ૧૮૫૦ પછી તો ખંભાતનો વેપાર ઘણો ઘટી ગયો. આણંદથી ખંભાત સુધી રેલમાર્ગ લંબાવાયો હતો, પણ એક ખૂણે અટૂલું પડી જતાં તથા સતત ચાલતા રહેતા કાંપના પુરાણને લીધે ધીરેધીરે ખંભાત પોતાનું વર્ચસ્વ ખોવા લાગ્યું હતું.

ઓગણીસમી સદીના અંતના અરસામાં ઇમારતી લાકડું, વિલાયતી નળીયાં, અનાજ, ગોળ, ખાંડ, ખજૂર, નાળિયેર, તેલ, લોખંડનો સામાન, ચીનાઈ માટીનાં વાસણો વગેરે અહીં આવતાં. જ્યારે ઘી, જાડું કાપડ, ત્રાંબાપિત્તળનાં વાસણો, ચામડાં, અનાજ, તેલીબિયાં, અને તમાકુ વગેરેની નિકાસ થતી હતી. અમદાવાદમાં પહેલી મિલ ઊભી થઈ તેના સંચાઓ ખંભાત બંદરે ઊતર્યા હતા. સન ૧૯-૦૧–'૦૨માં રૂ. ૪,૭૩,૭૬૭ની આયાત અને ૧,૯૭,૧૨૩ રૂ માલની નિકાસ થઈ હતી. તે પછી થોડા ઘટાડા બાદ વિશ્વયુદ્ધના કારણે બે લાખ રૂપિયાનો આયાતનિકાસમાં ઘટાડો વરતાયો હતો. આ પછી ૧૯૨૧–'૨૨માં આયાત વધી ૪.૪૬ લાખ રૂપિયાની થઈ, જ્યારે નિકાસ માત્ર ૮૯ હજારની જ હતી. ઈ. ૧૯૩૧–'૩૨માં તેમાં ઘણો વધારો થઈ ૧૯,૬૨,૦૦૦ રૂપિયાની આયાત અને ૧૮,૧૮,૦૦૦ની નિકાસ થઈ. બીજા વિશ્વયુદ્ધના સમયમાં તો ખંભાતનો વેપાર ઘણો ઘટી ગયો હતો.

સ્વાતંત્ર્ય પછી ઈ. ૧૯૫૩–'૫૪માં ૨૦૬૯ ટન માલની આયાત અને ૨૨૯ ટનની નિકાસ હતી. ત્યાર બાદ તેમાં ઘટાડો થતો જઈ '૫૭–'૫૮માં ૩૭૨ ટન માલની આયાત-નિકાસ હતી તે '૬૫–'૬૬માં માત્ર ચાર ટન સુધી ઊતરી ગઈ. ૧૯૬૬–'૬૭ પછી તો બંદર સાવ નિરૂપયોગી બની ગયું છે. ધક્કા પાસેથી સમુદ્ર દૂર ખસી ગયો છે. ૧૯૬૦ પૂર્વે ૫૦–૭૫ ટનનાં વહાણો ધક્કા સુધી આવી શકતાં તે પણ બંધ થઈ ગયાં.

હાલમાં ખંભાત ત્યાંના અકીકના ઉદ્યોગ અને પાવરલૂમ્સના લીધે જાણીતું છે. નજીકમાં લુણેજમાં ખનિજ તેલ મળી આવેલું, એટલે આ વિસ્તારમાંથી ગૅસ અને તેલ મળવાની આશા ફળે તો ખંભાત ફરી ઊંચું આવે. પરંતુ બંદર તરીકેની તેની ખ્યાતિ પુનઃ સ્થપાય તેવા સંજોગો હાલમાં તો જણાતા નથી.

કાવી

ભરૂચ જિલ્લામાં મહી નદીના મુખ પાસે કાવીનું બંદર છે. જંબુસર સાથે નેરોગેજ રેલમાર્ગથી જોડાએલું આ કાવી સાસુ-વહુએ બંધાવેલાં જૈન મંદિરોના લીધે જાણીતું છે. અગાઉ અહીં ત્રણ-સાડાત્રણ મીટર ઊંડું પાણી રહેતું, અને મોટી ભરતી વખતે ૧૦૦ ટનનાં વહાણો કાવીના બારામાં આવી શકતાં. ઈ. ૧૯૫૯-'૬૦ થી '૬૯-'૭૦ દરમિયાન તેનો કુલ ટ્રાફિક ૭૫૮૭ ટન જેટલો હતો, જેમાંથી ૨૨૪૮ ટન માલની નિકાસ હતી. રૂ અને કપાસિયાની અહીંથી નિકાસ થતી અને નાળિયેર, મીઠું, ખાદ્ય તેલ, વિલાયતી નળિયાં અને હુંગળી વગેરેની આયાત થતી. મુખ્યત્વે સૌરાષ્ટ્રનાં બંદરો, ભરૂચ, મેંગલોર અને કાલિકટ સાથે તેનો વેપાર હતો. જે '૬૯-'૭૦માં ઘટીને ૨૪ ટનની આયાત અને ૨ ટનની નિકાસ જેટલો થઈ ગયો હતો.

ટંકારી

આ બંદર પણ ભરૂચ જિલ્લામાં અને ઢાઢર નદીની ખાડીના ઉત્તર છેડા નજીક આવેલું છે. બંદરગાહથી ગામ અંદરના ભાગમાં ૧૧ કિલોમીટર દૂર છે. જંબુસર અને આમોદ સાથે એ જમીનમાર્ગથી જોડાએલું છે, તથા મત્સ્યોદ્યોગ માટે જાણીતું છે. વહાણો દ્વારા કાંઠાના બંદરો સાથે તેનો વેપાર ચાલતો અને અગાઉ અહીંથી માળવાનું અફીણ તથા સ્થાનિક રૂ, ઘઉં, ચોખા અને કપાસિયાંની નિકાસ થતી. હાલમાં અહીંથી પકડવામાં આવતી પોમ્ફ્રેટ (હલકા કે અડદિયા) માછલીઓ મુંબઈ મોકલવામાં આવે છે, રેલવેના આગમન પછી અહીંનો બંદરી વેપાર ઘટી ગયો છે. ઈ. ૧૯૫૦-'૫૧માં ટંકારીમાં ૭ લાખ રૂપિયાના માલની આયાત અને ૫.૩૭ લાખની નિકાસ હતી. ઈ. ૧૯૫૯-'૬૦ થી '૬૧- '૬૨ દરમિયાન તેની કુલ આયાત-નિકાસ ૧૬૧૪ ટનની હતી. '૬૮- '૬૯થી અહીંથી કોઈ માલની હેરફેર ન થતાં ૧૯૭૧થી આ બંદર બંધ કરવામાં આવ્યું છે.

દહેજ

નર્મદાના જમણા કાંઠે બાણુ ખાડીના દક્ષિણ તરફના પ્રવેશ પાસેથી સાડાચાર કિલોમીટર અગ્નિ કોણમાં દહેજનું બંદર છે. ભરૂચથી એ ૪૧.૬ કિ. મી. દૂર છે, અને ભરૂચ-જંબુસરના રેલમાર્ગ પરના સમની સ્ટેશન સાથે રેલવે દ્વારા જોડાએલું છે.

ઈ. ૧૭૮૦માં ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ જીતી લીધું તે પહેલાં દહેજ અને તેની સાથેનાં બાર ગામો પેશ્વાની હકૂમત નીચે હતાં. જો કે પછી સંધિ થતાં તે પેશ્વાને પાછાં મળેલાં, પરંતુ ઈ. ૧૮૧૭માં થએલા નવા કરારો મુજબ દહેજ ફરી અંગ્રેજી શાસનમાં આવ્યું હતું. ઈ. ૧૮૦૪માં આ બંદર બંધ કરી દેવાએલું. તે ફરી ૧૮૧૯માં ખુલ્લું મુકાયું હતું. અહીંની ખાડીમાં બેએક મીટર પાણી રહેતું હોઈ દસ-બાર ટનનાં વહાણો બંદરમાં લંગર નાખી શકે છે. મોટી ભરતી વખતે પાણી ચઢતાં ૫૦-૬૦ ટનનાં વહાણો પણ અહીં દાખલ થાય છે. અંકલેશ્વર વિસ્તારમાંથી ખનિજ તેલ મળી આવ્યા પછી દહેજનું મહત્ત્વ પણ વધ્યું છે. મધ્ય અને દક્ષિણ ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ તથા દિલ્હી વગેરેનો વિસ્તાર તેના પીઠ પ્રદેશમાં સમાવેશ પામી શકે તેમ છે. 'ઇન્સ્ટિટ્યૂટ ઑવ ફૉરિન ટ્રેડ'ની એક મોજણી પ્રમાણે અહીંથી ૪-૫ થી ૫-૫૫ લાખ ટન માલની આયાત-નિકાસ થઈ શકે તેમ છે. જેમાં અનાજ, મીઠું, મૅંગેનિઝ, ફ્લુઓરાઈટ, રૉક ફૉસ્ફેટ, સીમેન્ટ, રસાયણો, ગંધક, ખાતર, કોલસો, લોખંડ અને પોલાદ તથા યંત્રો વગેરે જેવા માલની હેરફેરની શક્યતા છે. એમ તો મથુરા રીફાઈનરી માટે ભૂમિમથક તરીકે આરંભમાં દહેજની પસંદગી માટે વિચારણા થઈ હતી, પરંતુ પછી એ માટે વાડીનાર (સલાયા)ની પસંદગી થઈ.

ભરૂચ જિલ્લાનું આ મુખ્ય બંદર છે, અને ચોમાસા દરમિયાન

લઘુકથા

ભાગ

ભગીરથ બ્રહ્મભટ્ટ

લોકો એ બંને ભાઇઓને રામ-ભરત કહેતા. નાનાને ભણાવવા પોતાનો અભ્યાસ છોડી મોટાએ મિલમાં મજૂરી કરેલી. બંને કુંવારા હતા ત્યારે એમના ભ્રાતૃભાવનું લોકો ઉદાહરણ લેતા.

બંનેનાં લગ્ન બાદ એક વાર મોટાએ ભાગ વહેંચી લેવાની વાત કાઢી ત્યારે નાનાના હૃદય પર કરવત ફરી વળી. ભાભીનો સ્વભાવ જાણી લાંબા વિચાર પછી નાનાએ કહ્યું, 'મોટાભાઈ, તમે બહુ વેઠયું છે, તમને ગમે તે બધું તમારું, તમે જે આપો તે મારું.'

પછી તો બંને ભાઈ વચ્ચે મૌન મિલકત વહેંચી રહ્યું હતું. ભ્રાતૃપ્રેમના મૂળ પર જાણે કુહાડીના ઘા પડતા હતા. નાનાને તો આ ઘટનાની કલ્પના પણ અસહ્ય હતી. ભાભી બોલ્યે જતી હતી, '... પલંગ, ખાંડણી, સાંબેલું, પેલું સાંકળું...' અને નાનો એ બધી ચીજોની યાદી લખતો જતો હતો.

અંતે એણે અત્યાર સુધી મૌન રહેલી પત્ની તરફ જોયું. પૂછ્યું, 'તારું શું કહેવું છે?'

'કંઈ ન જોઇએ. આપણે આપણા પ્રારબ્ધની કસોટી કરીશું.'

અને બીજા દિવસે લોકો કહેતા હતા: 'જોયું ને? ભાઇને ભાગ આપવો પડે એટલે નાનો નાસી ગયો.' □

પવન અને વાવાઝોડાના ભયથી મુક્ત છે.

ઈ. ૧૯૫૯-'૬૦માં અહીં ૩૯૭૦ ટન માલની આયાત અને ૭૩૫ ટનની નિકાસ થએલી. પછી તેમાં વધઘટ થતી રહી. '૮૦-'૮૧માં ૪૮૪ અને '૮૧-'૮૨માં ૨૭૮ ટનની થએલી. છેલ્લે '૮૨-'૮૩માં માત્ર ૪૨ ટનની આયાત જ થએલી ઈ. ૧૯૭૦-'૭૧ થી '૮૧-'૮૨ દરમિયાન કુલ ૧૨૧૩ વહાણો આ બંદરે આવેલાં, જેમાં '૭૨-'૭૩માં ૩૩૦ વહાણો આવ્યાની સંખ્યા સૌથી વધુ હતી.

દહેજના બંદરમાં એક જેટી તથા ઓછા વજનના માલ માટે એક વ્હાર્ફ છે. અહીં ગોડાઉન તથા ટ્રાન્ઝિટ શેડ પણ છે. ઍપ્રોચ બંધ, સ્લૉપિંગ જેટી અને પાર્કિંગ વિસ્તારનું કામ પણ પૂરું થવામાં છે.

ઘોઘા અને દહેજ વચ્ચે ફેરી સર્વિસ ચાલુ કરવાનું વરસોથી વિચારાઈ રહ્યું છે. આ માટે ૫૧૫ લાખ રૂપિયાની જોગવાઈ પણ કરાઈ છે. સામે છેડે ઘોઘાના બંદરે ઊંડાં પાણી સુધીનો બંધ પણ બંધાયો છે, જેની પાછળ ૨૮૦ લાખ રૂપિયા ખર્ચાયા છે. ત્રણેક ફેરી બોટ પાછળ ૧૫ કરોડના ખર્ચનો અંદાજ છે અને ઘોઘા-દહેજમાં બંધની તથા બીજી સગવડો માટે ૧૭ કરોડ જેટલો ખર્ચ થશે. આ ફેરી સર્વિસ ચાલુ થતાં મુંબઈ અને ભાવનગર વચ્ચેના અંતરમાં સાડાત્રણસોથી વધુ કિલોમીટર જેટલો ઘટાડો થશે. હાલ તારાપુર-ખેડા થઇને જતા માર્ગ કરતાં આ અંતર વધારે ઓછું થશે. ટ્રક-મોટરોને ફેરી બોટ દ્વારા સામા કિનારે લઈ જવાશે. આમ થતાં સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતનો ઔદ્યોગિક અને ખેતી સમૃદ્ધ પ્રદેશ એકબીજાની વધુ નજીક આવવા સાથે મહારાષ્ટ્ર અને મધ્ય પ્રદેશ સાથેનો વ્યવહાર વધી જશે. પરિણામે માલની હેરફેર તથા લોકોની અવરજવર વગેરેના ખર્ચમાં ઘણો બચાવ થઈ શકશે. વળી, અમદાવાદ-ભરૂચ વચ્ચેના માર્ગો પર ટ્રાફિકનું દબાણ પણ ઓછું થશે. અને ઘોઘા-દહેજની આજુબાજુના વિસ્તારોમાં નવી રોજગારી પણ ઊભી થશે. □

બ્રિજ અને શતરંજ

સુરેશ મોદી

આ વખતનો કોયડો જોતાં ઉત્તર કે દક્ષિણ પાસે જે રંગનાં વધુ પાનાં છે તેમાં તે વધારાના હાથ મેળવવા સામા પક્ષને એકાદ હાથ આપી દે તો પણ entryની મુશ્કેલી આવશે તેમ લાગે છે. આ મુશ્કેલીમાંથી ઉત્તર-દક્ષિણ શો રસ્તો કાઢે છે તે જોઇએ—

S —
H Q 10 8
D J
C 10 9 8 5

	ઉત્તર	
S 6 5 4 H 9 7 5 D 10 C Q	પશ્ચિમ — પૂર્વ દક્ષિણ	S J 9 8 H J D 8 C K 4 3

S Q 10 7 3
H A 4
D —
C A J

હુકમ: ચોકટ. કોયડો: દક્ષિણે ઊતરવાનું અને સાત હાથ કરવાના.


દક્ષિણ કુલ્લીના એકાનો હાથ લઇને લાલના હલકા પાનાથી ઉત્તરને રાણીનો હાથ આપે છે. ઉત્તર હુકમ ઊતરે છે, જેના પર દક્ષિણ લાલનો એક્કો ફેંકી દે છે. (જેટિસન કરે છે.) હવે લાલના દસ્સા પર પૂર્વ કુલ્લીનું અને દક્ષિણ કાળીનું પાનું ફેંકી દે, અને લાલના અઠ્ઠા પર પૂર્વ કાળી ફેંકે તો દક્ષિણ કુલ્લીનો ગુલામ, અને પૂર્વ કુલ્લી ફેંકે અને દક્ષિણ કાળી ફેંકે. પશ્ચિમને લાલના નવાનો હાથ મળે. પશ્ચિમ પાસે ઊતરવા માટે ફક્ત કાળી જ છે. પૂર્વે લાલના અઠ્ઠા પર કાળી ફેંકી હશે તો દક્ષિણ પાસે કાળીનાં ત્રણ પાનાં બાકી હશે, અને તે ત્રણેયના હાથ થશે. પણ જો પૂર્વે કાળીનાં ત્રણ પાનાં બાકી રાખ્યાં હશે તો દક્ષિણને કાળીમાં બે અને છેલ્લે કુલ્લીના ગુલામનો હાથ મળશે.

હવે આપણે એક બાબત જોવી બાકી રહી. પશ્ચિમ ઉત્તર-દક્ષિણનો વ્યૂહ સમજી લાલના દસ્સા પર લાલનો નવો ફેંકી દે તો પણ ઉત્તર લાલની ઊતર ચાલુ રાખે. તેના પર પૂર્વ કુલ્લીનો રાજા ફેંકી દે તો દક્ષિણ પણ તેનો ગુલામ ફેંકી દઈ ઉત્તરના કુલ્લીના ત્રણે હાથ થવા દે. (આ વિકલ્પમાં ઉત્તર-દક્ષિણના આઠેઆઠ હાથ થાય છે.) માટે પૂર્વ કાળીનું પાનું ફેંકે અને દક્ષિણ તો ગમે તે ફેંકી શકે. હવે ઉત્તર કુલ્લીમાં પૂર્વના રાજાનો હાથ આપે અને પૂર્વે કાળી જ ઊતરવી રહી. તેના J અને 9 પર દક્ષિણના Q અને 10ના બે હાથ થાય.

ઉત્તર પાસે દક્ષિણનાં કાળીનાં ભારે પાનાંનો હાથ આપવા માટે entry નથી, તેથી તે સામા પક્ષને યોગ્ય સમયે ઊતર આપી (throw in) અને પોતાનાં ભારે પાનાં (અહીં લાલનો એક્કો અને પછી કુલ્લીનો ગુલામ ફેંકાયા તે) ફેંકી જોઇતી entry મેળવવામાં સફળ થાય છે.

હમણાંહમણાં આપણે Smothered mateનાં જે દષ્ટાંત જોયાં તે સર્વમાં રાજાની આજુબાજુનાં બધાં જ ખાનાં ઉપર સ્વપક્ષી મહોરાં હતાં. આપણે તેની વ્યાખ્યામાં 'બધાં' કે 'ઘણાંખરાં' ખાનાં સ્વપક્ષી મહોરાંથી ભરેલાં હોવાં જોઇએ એમ જોયું હતું. Smothered mateના આ છેલ્લા દષ્ટાંતમાં રાજાની આસપાસનાં ખાનાંમાંથી એક ખાલી છે જે સામા પક્ષનું બીજું મહોરું પોતાના કાબૂમાં રાખે છે.

સફેદે રમવાનું



1 Q×N1, P×Q; 2 B×Pch.

અહીં વજીરનો ભોગ દેખાવ પૂરતો નથી. ઊંટના ભોગથી પણ તેવી જ પરિસ્થિતિ આવી શકત. દા.ત. 1 B×N, P×B; 2 Q×Pch. પણ કાળો 1 B×N, પછી 1..., P×B? ને બદલે 1..., B×Q રમત.

2..., K-R1. આ ને હવે પછીની ચાલ કાળા માટે ફરજિયાત છે.

3 N-N6ch, K-R2; 4 N×R dbl.ch. આ હાથીને મારવાની જરૂર છે તે બે ચાલ પછી સમજાશે.

4..., K-R1; 5 N-N6ch, K-R2; 6 N-K5dis.ch, K-R1; 7 N-B7, mate.

જો KB1 પરનો કાળો હાથી હોત તો તે ઘોડાને મારી શકત, માટે તેને મારવો જરૂરી હતો. મ્હાતની સ્થિતિમાં KR2 ખાના પર કોઈ કાળું મહોરું નથી. તેનો કાબૂ K4 પરના સફેદ ઊંટે જાળવી રાખ્યો છે.

આ સુંદર કૉમ્બિનેશન રમનાર છે ભૂતપૂર્વ વિશ્વવિજેતા અલેખાઈન.



(ટેસ્ટ-ક્રિકેટની વિશ્વ-એકાદશ · ૧૧)

એલ. આર. ગિબ્સ

ભરત ના. ભટ્ટ

આપણી વિશ્વ-એકાદશ ટીમમાં જેમ લૅગસ્પિનર તરીકે ગ્રિમૅટ તેમ ઑફસ્પિનર તરીકે કોણ? ક્રિકેટજગતે શુદ્ધ અને સારા ઑફસ્પિનરો ઓછા જોયા છે, કારણ કે સ્લૉ-ઑફસ્પિન બૉલિંગ તો લેગસ્પિનર બૉલિંગની પણ અનુજ. છેક બીજા વિશ્વયુદ્ધ પછી તેનું સંપૂર્ણ-સ્વતંત્ર અસ્તિત્વ સ્વીકારાયું. ટેસ્ટકક્ષાએ લેકર, ટેફીલ્ડ, ગિબ્સ અને પ્રસન્ના એ ચારની જ સિદ્ધિઓ અને સજ્જતા નોંધપાત્ર ગણી શકાય. આ ચારમાંથી કોઈ પણને લેવા જોઇએ-લઈ શકાય તેવી તેમની ગુણવત્તા છે, પરંતુ હું તેમાંથી ગિબ્સને પસંદ કરું છું. કારણ કે તેઓ આ ચારમાં જ નહીં, ટેસ્ટમૅચના સમગ્ર ધોરણ સંદર્ભે એક ગણનાપાત્ર ફીલ્ડર પણ હતા. ટેસ્ટ જગતે બહુ ઓછા સ્પિનરોને સારા ફીલ્ડર તરીકે સ્વીકાર્યા છે.

લાન્સલોટ રિચાર્ડ (લાન્સ) ગિબ્સનો જન્મ વેસ્ટ ઈંડીઝ ટાપુઓ સાથે સંકળાયેલા, દક્ષિણ અમેરિકાના ઉત્તર-પૂર્વ કિનારે આવેલા, તે સમયના બ્રિટિશ ગુઆના અને હાલના ગુઆના પ્રદેશમાં તેના પાટનગર જ્યૉર્જટાઉન ખાતે ૨૯-૯-૧૯૩૪ના રોજ થયેલો. આજની વેસ્ટ ઈન્ડીઝ ટીમના યશસ્વી સુકાની લોઈડ આ ગિબ્સના પિત્રાઈ બંધુ થાય.

ગિબ્સનો વિદ્યાર્થીકાળ વેસ્ટ ઈન્ડીઝ માટે ડબ્લ્યુ ત્રિપુટી અને બે સ્પિનરો – વૅલેન્ટાઈન અને રામાધીન – નો સુવર્ણકાળ હતો. અલબત્ત, વૅલેન્ટાઈન ડાબેરી સ્પિનર અને રામાધીન લેગસ્પિનર. આ ઉપરાંત, આરંભથી જ વેસ્ટ ઇન્ડીઝની ટીમ ઝડપી બૉલરોને જ મહત્ત્વ આપતી આવેલી. આવા સંજોગોમાં ગિબ્સનો ઉદય નિજી અને નોંધપાત્ર છે. તેઓ પોતાની પ્રથમ મૅચ બ્રિટિશ ગુઆના વતી ઈંગ્લિશ ટીમ સામે, ૧૯૫૪ના આરંભમાં રમ્યા. આ મૅચમાં વૉટ્સન – ગ્રેવીનીની ૪૦૨ રનની ભાગીદારી થકી ઇંગ્લિશ ટીમે જંગી જુમલો ખડક્યો, નવોદિત ગિબ્સે ૪૧ ઓવર ફેંકીને પોતાની તાકાત બતાવેલી. આમાં તેમણે ૧૨૬ રન આપેલા. એ જ ગિબ્સ આજે ટેસ્ટ કક્ષાએ સૌથી વધુ (૨૭૧૧૯) દડા ફેંકવાનો વિશ્વ-વિક્રમ ધરાવે છે સૂચિતાર્થો ઘણી વાર કેવી રીતે આવે છે!


ત્યારથી ગિબ્સ ગુઆના ટીમમાં તો નિયમિત રમવા લાગ્યા, પરંતુ છેક ૧૯૫૮ના આરંભ સુધી તેમને ટેસ્ટ-પ્રવેશ માટે રાહ જોવી પડી. ૧૯૫૮ના ફેબ્રુઆરીમાં, પાકિસ્તાન સામેની બીજી ટેસ્ટમાં ક્વીન્સ પાર્ક, પોર્ટ ઑફ સ્પેઇન, ટ્રિનિદાદ ખાતે ગિબ્સે ટેસ્ટ-પ્રવેશ કર્યો. આ સાથેની ચારેય ટેસ્ટમાં તેઓ રમ્યા, પણ બહુ સફળ ન થયા. ૧૯૫૮-’૫૯માં ભારત અને પાકિસ્તાનના પ્રવાસે આવ્યા પણ તકો ઓછી હતી, ને ખાસ કશું કરી પણ ન શક્યા. પરિણામે ૧૯૬૦ના આરંભમાં ઈંગ્લૅન્ડ સામેની ગૃહશ્રેણીમાં ગિબ્સ દેખાયા જ નહિ. આમ આરંભની આઠ-દસ ટેસ્ટોમાં તેમની છાપ લેશ પણ ઊપસી નહિ.

વાસ્તવિકતા એ હતી કે ૧૯૫૦થી વેસ્ટ ઇન્ડીઝની ટેસ્ટ ટીમમાં સ્પિનરો તરીકે વૅલેન્ટાઇન–રામાધીનનું, ઉચિત રીતે જ પ્રભુત્વ હતું. ગિબ્સે આ સંદર્ભે કાંઇક ચમત્કાર સર્જીને પોતાની યોગ્યતા પુરવાર કરવી પડે તેમ હતી. આવો અવસર આવવાનો જ હશે-એટલે આવ્યો. ૧૯૬૦-’૬૧ની ઑસ્ટ્રેલિયા-વેસ્ટ ઇન્ડીઝ વચ્ચેની ઐતિહાસિક સીરીઝ ચાલી રહી હતી. પ્રથમ બે ટેસ્ટમાં ઉક્ત સ્પિન-જોડીએ કુલ પાંચ વિકેટો લીધી. કુશળ સુકાની વૉરેલે ત્રીજી ટેસ્ટમાં રામાધીનને બદલે ગિબ્સને લીધા. ઑસ્ટ્રેલિયાના પ્રથમ દાવમાં તેમણે ચાર દડામાં ત્રણ વિકેટ લઇ તરખરાટ મચાવ્યો. અને બીજા દાવમાં પાંચ વિકેટો લઇ વેસ્ટ ઇન્ડીઝને સીરીઝનો પ્રથમ અને ઑસ્ટ્રેલિયા સામેનો (૧૮ ટેસ્ટમાં) કુલ ત્રીજો વિજય અપાવ્યો. અલબત્ત, આ હજી પૂર્ણ ચમત્કાર નહોતો! એડીલેઇડ ખાતેની ચોથી ટેસ્ટમાં તેમણે મકાય, ગ્રાઉટ અને મિશન વિકેટો ઉપરાઉપરી દડામાં લઇ હેટ્રીક મેળવી. અહીંથી વૅલેન્ટાઇન–રામાધીનનો અસ્ત થયો અને ગિબ્સનો ઉદય. ગિબ્સ આ સીરીઝમાં ૧૯ વિકેટો લઇ સરાસરીમાં વેસ્ટ ઇન્ડીઝ પક્ષે મોખરે હતા. ઑસ્ટ્રેલિયાની સખત પિચો પર આ સિદ્ધિ ગિબ્સની ગુંજાઇશ બતાવે છે.

ઇ. ૧૯૬૧–૬૨ની ભારત સામેની સીરીઝથી ગિબ્સ અનિવાર્ય બની ગયા. આ સીરીઝની ત્રીજી ટેસ્ટમાં બ્રિજટાઉન ખાતે તેમણે ભારતના બીજા દાવમાં ૩૮ રનમાં ૮ વિકેટો ખેરવી ઑફસ્પિન બૉલિંગનું અદ્ભુત પ્રદર્શન કરેલું. સર હટન માનતા કે ગિબ્સ ઇગ્લૅન્ડની પિચ પર બહુ સફળ નહિ થાય. તેમણે કહેલું, Gibbs wasn’t much good in England, he could not bowl around the wicket.’ કાઉન્ટી કક્ષાએ આંશિક સાચું એવું આ વિધાન ગિબ્સે ટેસ્ટ કક્ષાએ ખોટું પાડેલું. ૧૯૬૩માં ઇગ્લૅન્ડ સામે ઑલ્ડ ટ્રેફર્ડ ખાતે તેમણે ૧૫૭ રનમાં ૧૧ વિકેટો લઇ વેસ્ટ ઇન્ડીઝને વિજય અપાવેલો. આ આખી સીરીઝમાં તેમણે ૨૬ વિકેટો લીધેલી!

ઇ ૧૯૬૫માં ઑસ્ટ્રેલિયા સામે પણ તેમનો દેખાવ સારો રહ્યો. ગૃહમેદાન જ્યોર્જટાઉન ખાતે ૮૦ રનમાં નવ વિકેટો લઈ વિજયના ઘડવૈયા બનેલા ૧૯૬૬માં પુનઃ ઇગ્લૅન્ડના પ્રવાસમાં ઓલ્ડ ટ્રેફર્ડ ખાતે ૧૦૬ રનમાં ૧૦ વિકેટ—સીરીઝમાં ૨૧ વિકેટો. ૧૯૬૮-’૬૯માં વેસ્ટ ઇન્ડીઝે ઑસ્ટ્રેલિયાની પીચ પર સજ્જડ હાર ખાધી ત્યારે પાંચ ટેસ્ટમાં ગિબ્સે ૨૪ વિકેટો લીધેલી.

ઇ. ૧૯૬૯થી તેઓ સોબર્સની સાથે ઉપકપ્તાન બનેલા. આ પછી કન્હાઇ તેમજ લોઈડના સુકાનીપદ નીચે તેઓ રમ્યા, અને ૧૯૭૫-’૭૬-માં ઑસ્ટ્રેલિયાનો છેલ્લો પ્રવાસ કરી નિવૃત્ત થયા. જો કે એ સીરીઝ વેસ્ટ ઇન્ડીઝ કંગાલ રીતે હાર્યું, પણ ગિબ્સે ટ્રુમેન(ઇગ્લૅન્ડ)ના કારકિર્દીની સૌથી વધુ ટેસ્ટ વિકેટ (૩૦૭)ના વિશ્વ-વિક્રમને ૩૦૯ વિકેટ





△ પોતાની લાક્ષણિક બોલિંગ કરતા અને
△ સોબર્સની બોલિંગમાં બોલુસને સ્લિપમાં ઝડપતા લાન્સ ગિબ્સ.

મેળવી તોડયો અને પોતાને તથા વેસ્ટ ઇન્ડીઝને એક અનન્ય ગૌરવ પ્રદાન કર્યું. ગિબ્સે ૩૦૯ વિકેટો ૭૯ ટેસ્ટમાં લીધી તો ટ્રુમેને ૩૦૭ વિકેટો ૬૭ ટેસ્ટમાં લીધી, પરંતુ બીજી બાજુ ટ્રુમેનની વિકેટોમાં તે સમયની ભારત અને ન્યૂઝીલૅન્ડની નબળી ટીમોની વિકેટો ઠીકઠીક છે તો ગિબ્સની વધુ વિકેટો ઑસ્ટ્રેલિયા-ઇંગ્લૅન્ડની છે.

ગિબ્સનો આ વિક્રમ ૬ વર્ષ પછી લિલીએ તોડ્યો, પરંતુ આગળ નોંધ્યું તેમ સૌથી વધુ દડા ફેંકવાનો તેમનો વિક્રમ શતાબ્દી-વિક્રમ બનવાનો. આટલા (૨૭,૧૧૯) બૉલ ફેંકવા અને ૪૧ વર્ષની ઉંમરે ટેસ્ટ રમી ઉત્તમ ફીલ્ડિંગ ભરવી તે તેમને પક્ષે સમર્પિતતા અને શક્તિનાં દ્યોતક છે.

ટેસ્ટકક્ષાએ પગરણ માંડ્યા પછી તેઓ ઇંગ્લૅન્ડમાં લીગ ક્રિકેટ રમવા આવેલા. અહીં બર્નલે (Burnley) અને વ્હિટબર્ન (Whitburn) નામની કલબો વતી તેઓ ડરહામ (Durham) સીનિયર લીગમાં ધંધાદારી ક્રિકેટર તરીકે રમેલા. ઇ. ૧૯૬૭માં વૉરવિકશાયર કાઉન્ટી વતી તેમને સામાન્ય મૅચોમાં રમવાની તક મળી અને ૧૯૬૮માં તેઓ ઇંગ્લિશ કાઉન્ટી ચૅમ્પીઅનશિપ માટે પસંદ થયા. ત્યાં તેઓ પાંચ વર્ષ રમ્યા. ૧૯૭૧માં તેમણે ૧૩૯ વિકેટો લીધેલી ને કાઉન્ટી ખેલાડીઓના ખાનગી મતદાન દ્વારા મળતો 'બેસ્ટ પ્લૅયર ઑવ ધ ઇયર'નો ઍવૉર્ડ મેળવેલો. વચ્ચે બે વર્ષ તેઓ દક્ષિણ ઑસ્ટ્રેલિયા વતી પણ ધંધાદારી ક્રિકેટ રમેલા.

ગિબ્સ ઑફસ્પિનર બન્યા એ જ એક ચમત્કાર ગણાય. તેમના વતન ગુઆનાની પિચ સ્પિનરો માટે નકામી જ ગણાય. એવી પિચ પર મુહાવરો કરીને ગિબ્સે સ્પિનર બનવાનું નક્કી કરેલું. ગિબ્સે આ માટે ફ્લાઇટને મહત્ત્વ આપી એ ઉપર ખૂબ જહેમત લીધી જેમાં તેઓ સફળ થયા અને પરિણામે બીજા ઑફસ્પિનરોથી ભિન્ન એવી આગવી જ શૈલી ગિબ્સે નિર્માણ કરી.

ગિબ્સે ફ્લાઇટ ઉપર સારી હથોટી મેળવેલી, પરંતુ સ્પિનની ઉપેક્ષા તેમણે નથી કરી. પોતાની લાંબી અંગૂલિઓ દ્વારા તેમણે બૉલને સ્પિન કરવાનું ચાલુ રાખી તે શસ્ત્ર તો અકબંધ રાખ્યું જ. ઊંચાઈ અને તાકાતને કારણે આ બંને સાથે તેમણે લૅંગ્થ અને લાઇનનો કાબૂ પણ અખંડ જાળવી રાખ્યો. આ ત્રણ તેમનાં અજેય શસ્ત્રો. વળી, પોતાનાં લાંબાં અને મજબૂત આંગળાંઓ થકી તેઓ બૉલને પ્રસંગોપાત્ત લેગબ્રેક પણ કરી શકતા! આવે વખતે તેમના હાથના સંચલનમાં એટલો સૂક્ષ્મ ફેરફાર થતો કે બૅટ્સમૅન તે પારખી ન શકે. ઉપરાંત, ગિબ્સના બૉલની ગતિ અન્ય સ્લૉ સ્પિનરોનાં સંદર્ભે (ચંદ્રશેખર, અન્ડરવૂડની જેમ) ઝડપી હોવાથી તેમનો આ બૉલ અત્યંત જોખમી બનતો - ગણાતો. તેમનો જમણો હાથ બોલિંગ કરતી વખતે છેલ્લે ઝડપથી ઘૂમતો હોવાથી તેઓ પોતાનો ફ્લાઇટ અને ગતિ-વૈવિધ્યને છુપાવી શકતા. તેમની સામે રમતા બૅટ્સમૅને ફ્લાઇટ, સ્પિન, એકયુરસી માટે જ તૈયાર નહોતું રહેવાનું, હાથમાંથી છૂટે પછી બૉલને પારખવો પડતો અને તે માટે છેલ્લી ઘડીએ અચાનક ઉતાવળ કરવી પડતી.

ગિબ્સ આમ પ્રકૃતિથી નૈસર્ગિક અને છતાં પૂરા ચતુર તેમજ સ્પર્ધાત્મક વલણના. બૅટ્સમૅન આરામ લે કે પોતાના દડામાં રન કરે એ એમને જરાય ન પોસાય. હાથમાંથી છૂટેલો બૉલ ડિફેન્સિવ સ્ટ્રોક થકી પોતા પાસે પાછો આવવો જોઇએ તેવી તેમની અપેક્ષા. બૉલ પકડીને તરત પાછા બોલિંગ માર્ક તરફ. વિકેટ તરફની તેમની ગતિ પણ પ્રમાણમાં ઝડપી. બોલિંગના છેલ્લા પગલે ઝડપી બોલર જેવો જંપ પણ તેઓ લે! તેમની આ સમગ્ર ગતિશીલતા તેમની ડિલિવરીમાં પણ સંક્રાન્ત થાય. આમ, સ્લો બોલર છતાં સ્વભાવે તે પૂરા આક્રમક.

જ્યાં સ્લો ઑફસ્પિન બોલિંગ વધુ વિકસી તેવા ઇંગ્લૅન્ડમાં એવી માન્યતા કે ઑફસ્પિનર પોતાની તર્જનીના બીજા સાંધાથી દડાને ઑફસ્પિન કરી શકે—પહેલા સાંધાથી નહિ. ગિબ્સે આ માન્યતા ખોટી પાડી. તેઓએ તર્જનીના પ્રથમ સાંધા વડે ઑફસ્પિન બોલિંગ કરી વિશ્વવિક્રમ સ્થાપ્યો.

ઑફસ્પિનર તરીકે તેઓ વિવિધ શસ્ત્રોથી એવા સજ્જ હતા કે પિચ અને હવામાનનું વૈવિધ્ય કે તેની પ્રતિકૂળતા તેમને ઓછી અસર કરતી. ઇંગ્લૅન્ડનું હવામાન અને પિચ તેમને ફાવેલાં, તો ઑસ્ટ્રેલિયાની ફાસ્ટ પિચ પણ તેમને ફાવેલી. ત્યાં તેમણે ૧૯૬૦-'૬૧માં નવોદિત

તરીકે તરખાટ મચાવ્યો હતો અને ૧૯૬૮-'૬૯માં વેસ્ટ ઈન્ડીઝની સરિયામ હાર અને હોલ, ગ્રિફિથની નિષ્ફળતા વચ્ચે પોતાની અનુભવી આંગળીઓ વડે ૨૪ વિકેટો લઈ આબરૂ રાખેલી.

ગિબ્સ એક અદ્વિતીય ફીલ્ડર પણ ખરા. ગલીના તેઓ નિષ્ણાત, ને વિકેટની નજીક સ્લિપ વગેરેમાં સરસ ફીલ્ડિંગ ભરી શકે. આઉટ ફીલ્ડમાં પણ શ્રદ્ધેય. છેક ૪૧ વર્ષની વયે પણ આ બાબતમાં તેઓ ૨૦ વર્ષના યુવાનને શરમાવી શકે. ચપળ શરીર, લાંબા હાથ, લાંબી આંગળીઓ સાથે સ્વસ્થતા અદ્ભુત! બૅટ્સમૅન તરીકે પૂરા પૂછડિયા! ૭૯માં માત્ર ૪૮૮ રન કર્યા છે.

ગિબ્સ ઊંચા, પાતળા, જરા વિશિષ્ટ રીતની ચાલવાળા ને થોડી અણીવાળા નાક થકી વેસ્ટ ઇન્ડિયનોના પ્રમાણમાં નમણા. ખેલાડી તરીકે આક્રમક અને સ્પર્ધાત્મક વલણના, પણ પૂરા ખેલદિલ અને પ્રામાણિક. ફીલ્ડર કે બોલર તરીકે તેમને ખોટી વિકેટ ન ખપે. સ્વભાવે મળતાવડા શાંત અને પારદર્શક, આત્મવિશ્વાસ ખરો, પણ અહંકાર નહિ. હસમુખા, નિખાલસ અને સ્વસ્થ.

ગિબ્સને નિવૃત્ત થયાને લગભગ ૮ વર્ષ થયાં. તેઓ હાલ શું કરે છે, તેમના પરિવારમાં કોણ કોણ છે વગેરે વિશે હવે કોઇકે વિગતે લખવાની જરૂર છે. તેમનો વિક્રમ તૂટ્યો છે, પરંતુ તેમની ગુણવત્તા તો સનાતન છે. આ ટીમમાં તેમનો અને ગ્રિમેટનો કસબ જોવો એ એક લ્હાવો ગણાશે.

અહીં આપણી 'ટેસ્ટ શતાબ્દીની વિશ્વએકાદશ' સંપૂર્ણ બને છે. તેનો બૅટિંગ ઑર્ડર આ પ્રમાણે થયો. ટ્રમ્પર, હોબ્સ, હેડલી, હેમંડ, બ્રેડમૅન, સોબર્સ, નોટ, બાર્નેસ, લિલી, ગ્રિમેટ અને ગિબ્સ. આ ટીમના મૅનેજર રહેશે ડૉ. ડબલ્યુ. જી. ગ્રેસ, સુકાની બ્રેડમૅન હશે ને ઉપસુકાની સોબર્સ.

ચાર ઑસ્ટ્રેલિયનો, ચાર ઇંગ્લિશમેનો અને ૩ વેસ્ટ ઇન્ડિયનોની બનેલી આ ટીમમાં બારમા ખેલાડી તરીકે દક્ષિણ આફ્રિકાના અલૌકિક ફીલ્ડર કે. સી. બ્લૅન્ડ પર મારી પસંદગી ઊતરી છે. દેશોના પ્રતિનિધિત્વનો થોડો વિચાર કરી નજીવી બાંધ-છોડ કરીએ તો દક્ષિણ આફ્રિકાના ફૉકનર, ભારતના માંકડ કે ચંદ્રશેખર, પ્રસન્ના જરૂર આવી શકે. પોતપોતાના ક્ષેત્રના તેઓ અજોડ ક્રિકેટરો છે જ. 'રણજી' વિશે તો અલગ, નિરાંતે લખવાનું મન છે.

આમ તો આમાં ઘણા રહી ગયા હોય એ સ્વાભાવિક છે, પરંતુ મને સૌથી વધુ ખટક્યું છે – મિલર, ફૉકનર, બેનો, માંકડ જેવા ઑલરાઉન્ડરોને તેમજ લિંડવોલ, રિચાર્ડસન, ટ્રુમૅન, ટર્નર, લોહમાન, સ્પૉફોર્થ લેકર, ચંદ્ર કે પ્રસન્ના જેવા બોલરોને પડતા મૂકવાનું. સારા બૅટ્સમેનો પણ થોડા રહી ગયા છે, પરંતુ તે એટલું ખટકતું નથી. એ બધાને સંભારી ગ્લાનિ અનુભવવી નથી. ક્રિકેટના અદ્ભુત કલાકારોનું જીવન-કાર્ય મમળાવવાનો આ જે અવસર મળ્યો છે તેનો આનંદ જ ભલે પર્યાવસાયી રહેતો.

સલામ ટ્રમ્પરને, સલામ તેના અનુગામીઓને, સલામ ડૉ. ગ્રેસદાદાને... સલામ... સલામ... સલામ. (સંપૂર્ણ)

અનુસંધાન] **હરિનારાયણ આચાર્ય** [પૃ. ૧૩૯થી

અને ખેદ થતો હતો. તેથી જ્યારે 'વનેચર'નો ગ્રંથ મારા હાથમાં આવ્યો ત્યારે મને હર્ષનો ઉમળકો આવ્યો, અને તે સાથે શોકનો પણ ખરો, કારણ કે ત્યારે હરિનારાયણભાઇને પગમાં ગેંગરીન થવાથી એક પગ ગોઠણ પાસેથી કાપી નાખવો પડ્યો હોઈ તેઓ પથારીવશ હતા. છતાં તેમણે આ ગ્રંથનું સંપાદન કર્યું હતું. મને એટલો સંતોષ થયો કે આ પ્રકૃતિવિદ વિદ્વાનની એ સરસ લેખમાળા આખરે ગ્રંથસ્થ થઈ ખરી. તે સાથે અસંતોષ પણ થયો કે તેમના દીર્ઘ જીવનકાળ દરમિયાન તેમણે એટલું બધું જ્ઞાન મેળવ્યું હતું કે તેઓ આવા તો અનેક ગ્રંથો આપી શક્યા હોત. મધમાખી આજીવન અનેક પ્રકારનાં ફૂલોમાંથી મધુરસ એકઠો કરીને અમૃત જેવા મધથી મધપૂડો ભરી દે એમ તેઓ તો આજીવન જ્ઞાન એકઠું કરતા રહ્યા હતા. તેમનું આ એક પુસ્તક ગુજરાતને મળ્યું તેનો યશ તેના પ્રકાશક 'ગુજરાત વિદ્યાસભા' (પ્રેમાભાઈ હૉલ, ભદ્ર, અમદાવાદ-૧)ને ઘટે છે. વિદ્યાસભાના સહાયક મંત્રી શ્રી ચીનુભાઈ નાયકે તેમાં આગેવાની લીધી હતી પુસ્તકના આમુખ રૂપે શ્રી 'વનેચરે' 'એક પંખીનું વેર' એ નામનો સરસ લેખ ઉમેર્યો છે, જે તેમની લાક્ષણિક શૈલીમાં લખાયો છે. આ ગ્રંથ પક્ષીઓ ઉપરાંત, સરીસૃપો, પશુઓ, કીટકો વગેરે વિશે પણ સચિત્ર માહિતીથી ભરપૂર છે.

હું જ્યારે પણ એમને મળતો ત્યારે તેઓ કંઇ લખતા નથી અને તેમના જ્ઞાનનો લાભ જિજ્ઞાસુઓને મળતો નથી. એવી ફરિયાદ કરતો હતો. 'વનવગડાનાં વાસી'ની લેખશ્રેણી પણ તેમની પાસે લખાવવાનો યશ સ્વ. બચુભાઈ રાવતને ઘટે છે. અને સંવત ૧૯૯૬માં પૂરી થયેલી એ લેખમાળા ૪૦ વર્ષ પછી પણ છેવટે ગ્રંથસ્થ થઈ તે ગ્રંથસ્થ કરાવવાનો યશ લેફ્ટેનન્ટ કર્નલ બલવંત ભટ્ટને અને શ્રી ઝીણાભાઈ દેસાઇને ઘટે છે. દરમિયાન 'ગુજરાત પ્રકૃતિમંડળ' નિષ્ક્રિય થઈ, ગયું હતું અને તેના મુખપત્ર 'પ્રકૃતિ'નું પ્રકાશન પણ બંધ થઈ ગયું હતું. થોડા સમય માટે શ્રી માધવસિંહ સોલંકી (અત્યારના ગુજરાતના મુખ્ય મંત્રી) તેના તંત્રી હતા. માનું છું કે હવે જ્યારે પ્રકૃતિ વિશે અને પર્યાવરણના રક્ષણ માટે જાગૃતિ આવી છે ત્યારે 'ગુજરાત પ્રકૃતિમંડળ'ને અને તેના મુખપત્રને નવો પ્રાણ આપવો જોઇએ. એટલું જ નહિ, પણ તેના જૂના અંકોમાં જે જે લેખો છપાયા છે તેનું વર્ગીકરણ કરીને ગ્રંથસ્થ કરવા જોઇએ. 'ગુજરાત વિદ્યાસભા' આ સૂચન વિચારે. હમણાં બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાયટીએ, તેના પેટ્રન વડાપ્રધાન ઇન્દિરા ગાંધીના પ્રમુખપદે, શતાબ્દીની ઉજવણીમાં તેના જર્નલમાં લગભગ ૧૦૦ વર્ષ દરમિયાન જે લોકભોગ્ય અને માહિતીપૂર્ણ સરસ લેખો છપાયા હતા તેમાંથી પસંદ કરેલા લેખો એક દળદાર સુંદર પુસ્તક રૂપે ગ્રંથસ્થ કર્યા છે. આવી સંસ્થાઓ રાજ્યાશ્રય વિના ચલાવવી મુશ્કેલ લાગે તો 'બૉમ્બે નૅચરલ હિસ્ટરી સોસાયટી'ની જેમ 'ગુજરાત નૅચરલ હિસ્ટરી સોસાયટી'એ પણ રાજ્ય સરકારનો આશ્રય (પણ દખલગીરી નહિ) મેળવવો જોઇએ. શ્રી માધવસિંહ સોલંકી ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી છે ત્યારે આવું ઘણું થઈ શકે. શ્રી હરિનારાયણ આચાર્ય માટે તે યોગ્ય સ્મારક ગણાશે એટલું જ નહિ, ગુજરાતની નવી પેઢીને તેમાંથી ઘણું શીખવા મળશે.

શ્રી હરિનારાયણ પક્ષીવિજ્ઞાની ડૉ. સાલિમઅલીના ગાઢ મિત્ર હતા. સાલિમઅલી તેમના પક્ષી-અન્વેષણોમાંથી પાછા ફરતાં અમદાવાદમાંથી પસાર થાય તો એમને મળવા અને તેમની સાથે જ્ઞાન-ગોષ્ઠી કરવા ગયા વિના ન રહે. શ્રી આચાર્ય મને કહેતા કે 'આટલી વૃદ્ધ વયે વનવગડામાં અને પહાડોમાં તથા રણપ્રદેશોમાં નવુંનવું જોવા-જાણવા સાલિમઅલી ભટકે છે તેમાં તેમની સ્ફૂર્તિ, શક્તિ અને જિજ્ઞાસા મને આશ્ચર્ય પમાડે છે.'

પથારીવશ થયા પૂર્વેની એમની તંદુરસ્ત કાયા પડછંદ અને હૃષ્ટ-પુષ્ટ લાગતી. સાલિમઅલી તો કદમાં નાના અને સૂકલકડી જેવા શરીરના, પણ લોખંડી સ્નાયુઓ અને દૃઢ ઇચ્છાશક્તિ ધરાવનારા. એક વખત હું વાંદરા પાલીહિલ ઉપર તેમના બંગલે ગયો અને તેમનાં બહેનને પૂછ્યું, 'ડૉક્ટર છે?' બહેને કહ્યું, 'જાવ લાયબ્રેરીમાં છે.' પણ

લાયબ્રેરીમાં મેં એમને ન જોયા ત્યારે બહેનને કહ્યું, 'ત્યાં તો નથી.' તેઓ કહે, 'ત્યાં જ છે.' હું લાયબ્રેરીમાં બધે ફરી વળ્યો ત્યારે પુસ્તકોના ઢગ વચ્ચેથી તેઓ મળ્યા. પણ શ્રી આચાર્યને આમ શોધવા ન પડે. દિવસે તેઓ તેમના વિલા 'ઈલા'માં એકલા હોય તેથી ગુરુ દત્તાત્રેયની જેમ શ્વાનોથી ઘેરાએલા રક્ષાયેલા હોય. હું બગીચાનો દરવાજો ખખડાવું એટલે શ્વાનો તેમના સમૂહગાન વડે મારું સ્વાગત કરે. તુરત જ વિલામાંથી બુલંદ, મધુર, રણકતો શબ્દ સંભળાય, 'કોણ ?'

પગની તકલીફ પછી એમનું શરીર ક્ષીણ થઈ ગયું હતું. પથારીમાં જાણે દેખાય જ નહિ. છતાં અવાજ એવો જ બુલંદ અને રણકતો. વાર્તાલાપમાં રાત પડી જાય તો પુત્રી ઉષાબહેનને કહે, 'બેન, મોટર કાઢો. અંધારું થઈ ગયું છે તેથી વિજયભાઇને મૂકી આવો.' આવી દશામાં પણ કેવી કાળજી, કેવો પ્રેમ !

લાંબો સમય પથારીવશ રહેવા છતાં એમનું મનોબળ જોઇને આશ્ચર્ય થાય જ, પણ સાથેસાથ તેમની ક્ષીણ થતી જતી કાયા અને પરાધીન જેવી દશા જોઇને ખેદ પણ થાય. ઉષાબેન વનસ્પતિવિજ્ઞાનનાં અધ્યાપક હોવાથી દિવસે કૉલેજમાં ગયાં હોય ત્યારે તેઓ પથારીમાં પુસ્તકોના અનંત જગતમાં વિચરતા હોય. મારી સાથે ચર્ચા કરવા 'અખંડ આનંદ'માંની મારી 'જ્ઞાનગોષ્ઠી'માંથી પ્રકૃતિને લગતો કોઈ વિષય ઉપાડી લે. તેમાં માનસરોવરના બહુ નહિ જાણીતા હંસ (અંગ્રેજી ગુઝ) અને ચિત્રોથી કે પ્રાણીબાગમાં જોવા મળતા 'રાજહંસ'-(સ્વૉન)થી માંડીને અરવલ્લી પર્વતમાળાના ભૂસ્તરવિજ્ઞાન વિશે પણ ચર્ચા હોય. 'અખંડ આનંદ'માં મેં 'ભારતખંડમાં રાજહંસ' વિશે જે લખ્યું હતું તેની સાથે અસંમત થઇને તેમણે 'કુમાર'માં મારા મંતવ્યની ટીકા કરી હતી અને તેની કાપલી મને મોકલી હતી. એ ટીકાથી પણ મને આનંદ થયો કે, એમના જેવા પંડિતે મારા લખાણની છણાવટ કરવા જેટલું તેને મહત્ત્વ આપ્યું. પછી રૂબરૂ મળ્યા ત્યારે પણ તેમણે એ વિષે સરસ છણાવટ કરેલી. જો કે 'સ્વૉન'ને 'રાજહંસ' કહેવાનું આકર્ષણ હજી મેં ટકાવી રાખ્યું છે.

એક દિવસ એમણે માંદગીના બિછાનામાંથી મને કહ્યું, 'તમારે કદી મુંબઈ ને દિલ્હી વચ્ચે વિમાનમાં પ્રવાસ કરવાનું બને તો રાજસ્થાનમાં આકાશમાંથી અરવલ્લીની પર્વતમાળા જરૂર જોજો, ભૂસ્તરવિજ્ઞાનની દૃષ્ટિએ તેની તવારિખ ભારતખંડની એક અજાયબી છે.'

જેમણે અરવલ્લીના દક્ષિણ છેડે આબુનું માત્ર પ્રાકૃતિક સૌંદર્ય અને દેલવાડાની સાંસ્કૃતિક શિલ્પસમૃદ્ધિ જ જોયાં હશે તેમાંના ભાગ્યે જ થોડાક જિજ્ઞાસુઓને આ અરવલ્લી પર્વતમાળાની ભૂસ્તરીય અજાયબીઓનો ખયાલ હશે.

મેં કહ્યું, 'હું રશિયા ગયો ત્યારે રાત પડી ગઈ હતી. તેથી અરવલ્લીને આકાશમાંથી જોવાની તક ન મળી. પાછો આવ્યો ત્યારે દિલ્હી અને મુંબઈ વચ્ચે એટલાં બધાં વાદળ હતાં, અને જયપુરમાં ધોધમાર વરસાદ વરસતો હતો કે જયપુરમાં ઊતર્યા વિના વિમાન સીધું મુંબઈ આવેલું. આ એક સુંદર દૃશ્ય હતું જેમાં દિલ્હીથી મુંબઈ સુધી વાદળોનો વિશાળ થર ફેલાયેલો હતો, જેની નીચે ભારે વર્ષા અને ઉપર સ્વચ્છ સુંદર નીલાકાશમાં આંખોને આંજી નાખતો સૂર્યપ્રકાશ હતો, પરંતુ રશિયામાં મેં એક અવિસ્મરણીય દૃશ્ય જોએલું. મૉસ્કોથી જ્યોર્જિયાના પાટનગર ત્બલીશી જતાં વિમાને રશિયાના હિમાલય જેવી કોકેસસ પર્વતમાળા ઓળંગી ત્યારે પણ આવી જ રીતે સૂર્યપ્રકાશ તો હતો, તોફાની ઠંડા પવનમાં વાદળાંનો મહાસાગર વલોવાતો હતો અને નજર પહોંચે ત્યાં સુધી ધવલ વાદળો વચ્ચેથી કોકેસસનાં હિમાચ્છાદિત શિખરો તડકામાં પ્રકાશતાં હતાં. આવું મનોહર દૃશ્ય કેમ ભુલાય!'

તેઓ આ વર્ણન સાંભળીને પ્રસન્ન થઈ ગયા હતા.

અરવલ્લીની એક વિશિષ્ટતા એ છે કે તે દુનિયાની એક સૌથી વધુ વયોવૃદ્ધ પર્વતમાળા છે, અને માણસના શરીરની જેમ આ પર્વતમાળા યે બહુ ઘસાઇને તેની ઊંચાઈ પણ ઘણી ઘટી ગઈ છે. તેની બીજી પણ ઘણી અજાયબીઓ છે, પરંતુ એ તો ભારતખંડના ડુંગરો અને પર્વતોની ભૂસ્તરીય કથાનો વિષય છે. એક જમાનામાં અરવલ્લી પર્વતમાળા અતિ ઊંચી હતી. કાળે તેને અતિશય ઘસી નાખી છે. મારી દૃષ્ટિમાં અરવલ્લીની જેમ ઘસાઇને કાળભણી પ્રયાણ કરી રહેલા શ્રી હરિનારાયણ આચાર્યની ક્ષીણ થઈ ગયેલી કાયા પલંગમાં પથરાયેલી હતી. મને અશુભ વિચાર આવી ગયો કે થોડા દિવસ નહિ તો થોડા માસમાં આ માનવ અરવલ્લીની વધુ ને વધુ ક્ષીણ થતી જતી કાયા સદાને માટે કાળધર્મમાં લુપ્ત થઈ જશે તો ? અને દુર્ભાગ્યે એ શંકા અંતે સાકાર થઇને જ રહી. પૂરી પહેચાન પણ પામ્યા વિના ગુજરાતે એક એવા સમર્થ વિદ્વાનને ગુમાવ્યા છે કે એવા બીજાને માટે ન જાણે કેટલી યે રાહ જોવી પડશે! □

ઘ———— ડૉ. સુશ્રુત પટેલ

ઘણી વ્યક્તિઓ માટે આપણને માન હોય, પણ રીતસરનો અહોભાવ હોય એવી વ્યક્તિઓ તો બહુ થોડી જ હોય છે. અમુક વ્યક્તિ આપણા જીવનમાં વહેલી મળી હોત તો સારું એવી લાગણી પણ ઘણી વાર બલવત્તર થતી હોય છે. મારે માટે સ્વ. મુ. શ્રી હરિનારાયણભાઈ આચાર્ય એવા આદરણીય હતા. આમ તો મુ. આચાર્યસાહેબનાં વનસ્પતિશાસ્ત્રી પુત્રી ઉષાબહેનના હાથ નીચે ભણવાનો મોકો મળેલો ખરો, પણ એ ઉંમર શાળાના એક વિદ્યાર્થી તરીકેની હતી. એ પછી તો ઘણાં વર્ષો બાદ આચાર્યસાહેબનો પ્રત્યક્ષ પરિચય થયો. ત્યારે તો એ વિત્તોપાર્જન પ્રવૃત્તિથી લગભગ વિમુક્ત થએલા હતા. વળી ખાસ્સો સમય વીતી ગયો. એ પછી તો એમના ડાબા પગનું હાડકું ભાંગ્યું, શસ્ત્રક્રિયા કરાઈ અને એ બાદ હાડકું સડતાં પુનઃ શસ્ત્રક્રિયા બાદ ઑગસ્ટ ૧૯૮૦થી ડાબો પગ નાબૂદ થતાં એ સંપૂર્ણ પથારીવશ જ રહ્યા. એ માત્ર પુસ્તકપંડિત ન હતા, પણ જીવનભર રખડી-ભમીને ઘડાએલા 'ફીલ્ડ-નૅચરાલિસ્ટ' હતા. ધ્રુવની જેમ એક પગે તપશ્ચર્યા કરતા એમનો વિદ્યાભ્યાસંગ તો છેક છેલ્લી ઘડી સુધી ચાલુ જ હતો. જ્યારેજ્યારે એમની પાસે જવાનું થતું ત્યારે પલંગની ચોપાસ પુસ્તકોના ઢગ વચ્ચે જ્ઞાનની ઉપાસના કરતા કોઈ તપસ્વી શા એ લાગતા. જે વ્યક્તિ અર્ધી રાતે, એકાદ અજાણ્યા પક્ષીને બોલતું સાંભળીને એનો પરિચય પામવા બહાર દોડી જાય, દિવસભર પગપાળા, સાઈકલ કે મોટરસાઈકલ દ્વારા પ્રકૃતિદર્શન માટે કાંઇ કેટલોય પ્રદેશ ખૂંદી વળે, એની પાસે તો, ભલા, જ્ઞાનનો કેટલો બધો ભંડાર હોય ? આ ભંડારને મુદ્દાસર રજૂ કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કરવાનો કસબ એમની પાસે હતો, છતાંય એમણે જિંદગી આખીમાં ક્યારેય ભાષણબાજી કરી ન હતી—એવું જાણવા છતાંય, મારા કુટુંબના સભ્યો તથા મારી પુત્રીઓને એમના અનુભવો સંભળાવવાનું મેં કહ્યું ત્યારે એમણે હોંશથી એ સ્વીકાર્યું તો ખરું, પણ મારાથી જ લાંબા સમય સુધી જવાનું બન્યું નહિ, અને એમના અનુભવો પોતે પહેલા સાંભળી લેવાની તાલાવેલીમાં ભગવાને જ એમને ઝટપટ આમંત્રણ આપી દીધું!

મુ. શ્રી આચાર્યસાહેબના જવાથી આપણે શું ગુમાવ્યું છે તેનો હિસાબ માંડી શકાય તેમ નથી. ગુજરાતનાં પક્ષીઓ, પશુઓ, સરીસૃપો, પતંગિયાં તથા જીવ-જંતુ-કીટકોને જો પોતાની આત્મકથા કહેવાનો પ્રસંગ આવે તો એ બધાં એટલું તો જરૂર કહે કે અમે ખુશનસીબ છીએ કે અમને આચાર્યસાહેબ જેવા કસબી લેખક મળ્યા.

એ કલમના યે સ્વામી હતા. શિયાળાની એકાદ સવારે કે વરસાદ

થ[illegible] પછીની કોઈ મદમાતી સાંજે દેખા દેતા યા મધુરા ટહુકા દ્વારા હાજરી છતી કરતા પંખીને જોઈ સાંભળીને એમની બળુકી શૈલી અનાયાસ સાંભરી આવે એવી જોરદાર અને ચિરંજીવ એમની લખાવટ હતી. એકએક શબ્દ વિચાર્યા બાદ લખાયો હોય તેવું લાગે, અને બીજી બાજુ એમની કલમ ધડધડાટ ચાલતી જ હોય એવી પતીજ પડે. મુંબઇના વસવાટ દરમિયાન 'સમાલોચક' અને એ પછી ઇ. સ. ૧૯૨૯થી 'કુમાર'માં ચાલુ થએલી એમની કલમ વણથંભી ૨૫-૩૦ વર્ષો સુધી અનેક પ્રોત્સાહક લેખો, જીવનચરિત્રો, વ્યાયામવિષયક લખાણો, પક્ષી-પ્રાણીને લગતી વાર્તાઓ, પર્યટન-લેખો તથા નાની-નાની સંખ્યાબંધ નોંધો વડે વાચકોને બહેલાવતી રહી. ડિસેમ્બર ૧૯૩૦માં 'ગુજરાત પ્રકૃતિમંડળ'ની સ્થાપના પછી તેના ત્રૈમાસિક મુખપત્ર 'પ્રકૃતિ'માં તંત્રી તરીકે પણ એમની કલમ પ્રકૃતિનાં પ્રત્યેક અંગની ચોપાસ ફરી વળી હતી.

એમણે કાંઇ ઓછું નથી લખ્યું, અને તે છયાંય એમના નિકટના પરિચયે મને હમેશાં લાગ્યું છે કે એમના મબલખ અને મોંઘેરા જ્ઞાનનો ફાલ એના પૂર્ણસ્વરૂપે ગુજરાતને મળ્યો જ નથી. એમાં એમનામાં રહેલો જાત-જાહેરાતનો અભાવ, લખવા સંબંધી થોડી ઉદાસીનતા ઉપરાંત, વિદ્વાનો તરફ આપણી થોડીક અથવા તો પૂરેપૂરી ઉપેક્ષા વૃત્તિ પણ જવાબદાર હોવાનો વહેમ જાય છે. 'વનેચર'ના વિનમ્ર ઉપનામથી એમની રસપ્રચુર, જ્ઞાનપ્રચુર લેખમાળા 'વનવગડાનાં વાસી' ગ્રંથસ્થ થઇ તે આપણું સદ્ભાગ્ય કહેવાય. પણ એટલું પૂરતું નથી. ગુજરાતે હજુયે આ રાષ્ટ્રીય અને કીટકશાસ્ત્રી તરીકે આંતરરાષ્ટ્રીય વિદ્વાનના અસંખ્ય જ્ઞાનપૂર્ણ અને રસપ્રચુર પ્રકટ-અપ્રકટ લેખો તથા 'પ્રકૃતિ' અને 'કુમાર'ના અંકોમાં વિખરાએલું એમનું બધું જ સાહિત્ય ગ્રંથસ્થ કરવું જોઈએ. એમણે કરેલું ગુજરાતની જીવસૃષ્ટિનું વર્ગીકરણ અને નામકરણ પણ અલગ પુસ્તકરૂપે મુકાવું જોઈએ.

ઉત્તર ગુજરાતમાં 'જલ સરપોલીઆ' નામનું એક ઘાસ થાય છે, શ્રી આચાર્યસાહેબે એ જોએલું. સ્થિર, છીછરા પાણીમાં થતા આ ઘાસનું શાસ્ત્રીય નામ વેલિસ્નેરિયા સ્પાઈરેલિસ (Vallisneria Spiralis) છે. યુરોપભરમાં, ખાસ તો એના દક્ષિણ-પ્રદેશમાં એ બહુધા જોવા મળે છે. એમાં નર અને માદા પુષ્પો ભિન્નભિન્ન છોડ પર હોય છે. એમનું મિલન પાણીની સપાટી ઉપર જ થાય છે. પરાગનયનની આ ક્રિયા પૂરી થતાં જ, સ્ત્રી-પુષ્પ બીડાઇ જાય છે, અને એની નીચે જોડાએલી પાતળી સર્પિલ દાંડી દ્વારા પાણીની અંદર, તળિયા તરફ ખેંચાઈ જાય છે, જ્યાં ફલીકરણ યા ગર્ભાધાન થાય છે. પુખ્ત સ્ત્રીફૂલ આ જ રીતે, પાણીની સપાટી ઉપર આવીને નર-પુષ્પની રાહ જોતું, ખીલીને બેસે છે. આ તથા પાણીનાં અન્ય ઘાસમાં જોવા મળતી ઘડીકમાં ડૂબકી મારવાની માદા-ફૂલની આ વિચિત્ર પ્રજનનની ક્રિયા સંબંધી અમે સાથે લખવા વિચારેલું, થોડીક ચર્ચા પણ કરેલી. એમણે મારામાં મૂકેલા આ વિશ્વાસને હું મહામૂલું ભાથું ગણું છું.

કાંકરિયા બાલવાટિકામાં આજે જોવા મળતાં વ્હેલનાં જડબાનાં હાડકાં શ્રી આચાર્યસાહેબ તથા શ્રી રતિલાલ ખરાદીના પ્રયત્નોને આભારી છે. અમદાવાદની મ્યુનિસિપાલિટીએ ૧૯૪૨ની સાલમાં વડગામ ખાતે મળી આવેલી વ્હેલનું સમગ્ર અસ્થિપિંજર આચાર્યસાહેબના પ્રયત્નો છતાંય ન સાચવી રાખ્યું અને આખરે સાબરમતીમાં પધરાવી દીધું અને અમદાવાદ, લાખેક રૂપિયા ખર્ચે તો પણ મેળવતાં ભારે પડે એવા વ્હેલના અસ્થિપિંજર વગર રહ્યું એનો વસવસો એમને આખરી ઘડી સુધી રહેલો.

આપણાં પ્રચાર-માધ્યમો પણ કેવાં ઊણાં છે એનું ઉદાહરણ જુઓ. આપણા ટી.વી.વાળા બ્રિટનના 'બીબીસી'ના ડેવિડ ઍટનબરોની Wild life on one નામની અત્યંત સુંદર ફિલ્મ-શ્રેણી બતાવતા હતા, જે હવે તો બંધ છે. ઍટનબરોએ આ ઉપરાંત અનેક સુંદર ટી.વી. સિરીઝો ઉતારી છે, જે આપણને જોવા મળે તો આપણાં નસીબ! કુદરત અંગે હિન્દી-અંગ્રેજીમાં ૪૦ જેટલાં પુસ્તકો અને અનેક લેખો લખનાર ભારતીય શ્રી રામેશ બેદી અને એમના ફોટોગ્રાફર પુત્રો નરેશ તથા રાજેશ બેદીએ ત્રણેક વર્ષની જહેમત બાદ 'The Ganges Gharial' નામની ફિલ્મ ઉતારી, જે સૌપ્રથમ 'બીબીસી'ની ચૅનલ ચાર ઉપર જાન્યુઆરી, ૧૯૮૪માં દર્શાવાઈ ત્યારે આ સરીસૃપ વંશના ઘડિયાલ (Gavial)માં થતું પ્રજનન, ઈંડાં મૂકતી માદા અને ઈંડાંમાંથી બહાર આવતાં બચ્ચાંઓની ફોટોગ્રાફી જોઇને ટી.વી. સામે બેઠેલા બ્રિટિશ પ્રેક્ષકો મોમાં આંગળાં ઘાલી ગએલા! આપણા દૂરદર્શનને આ બધું બતાવવાની ફુરસદ ક્યાં છે? અફસોસ તો એ છે કે શ્રી હરિનારાયણભાઈ આચાર્ય જેવા પ્રખર પ્રકૃતિતત્ત્વવિદ્નો માત્ર 'ઈન્ટરવ્યૂ' પણ આપણા ટી.વી.વાળાઓએ લીધો હોત તો ગુજરાતના આપણા આ 'ઍટનબરો' પાસેથી આપણને ઘણું બધું જાણવા-માણવા મળત. □

—————— ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

સને ૧૯૩૫ના અરસામાં 'કુમાર'માં 'વનેચર'ની 'વનવગડાનાં વાસી' લેખમાળાએ મને ઘેલું લગાડયું હતું. શ્રી બચુભાઈ રાવતે શ્રી હરિનારાયણ આચાર્યનો મેળાપ સહજ કરાવી આપ્યો. દાણાપીઠ નવાવાસમાં શ્રી આચાર્યને ઘેર અવારનવાર જવાનું બનતું શરૂમાં ઘરમાં કૂતરાંની ફોજ જોઈ આશ્ચર્યાનંદ સાથે રખેને તે કરડી બેસવાની બીક મિશ્રિત લાગણીઓ અનુભવાતી.

પછી તો શ્રીઆચાર્યની સાથે ચંડોળાની પશ્ચિમાદિ સીમમાં થોડું રખડવાનો આનંદ લૂંટયો. છેલ્લી પરીક્ષાનો ભાર માથા ઉપર તોળાતો હતો. ના વાચવામાં ધ્યાન અપાય કે ના વિદ્યાસભામાંથી મેળવેલાં પક્ષીઓ વિષેનાં પુસ્તકો વાચવામાં ચિત્ત લાગે. વર્ષ બગડયું. વડીલોની નારાજીની વ્યથા મોટી સજા રૂપ અનુભવી..

ગામમાં વ્યવસાય શરૂ કરી સ્થિત બન્યા પછી અવારનવાર હરિનારાયણભાઇને મળવાનું થયું છે. પશુપક્ષીઓની વાતોના સંદર્ભમાં સંસ્કૃત સાહિત્યની ઉક્તિઓ અને એમના વિશાળ વાચનના પરિપાકરૂપ વાતો સાંભળવાનો આનંદ લૂંટયો છે. વળી, મનમાં વસવસો પણ રહેતો કે હજુ મારે ઘણું વાંચવાનું, અને જોવા-જાણવાનું બાકી છે.

પછી જો કે પશુપક્ષીઓ અંગે થોડુંઘણું વાંચી અલ્પાનંદ મેળવ્યો. તેનો મેં 'નવચેતન'ના વાચકોને થોડોથોડો આસ્વાદ પણ કરાવ્યો. પરંતુ પછી તો જીવનના રાહમાં પંખીઓનાં નિરીક્ષણ કરવાનો વ્યાસંગ ટકાવી રાખવાનો કંઈ મેળ ના રહ્યો.

શ્રી હરિનારાયણભાઈ ગુજરાતના અગ્રણી પ્રકૃતિવિદ્ હતા. તેમનાં જ્ઞાનની લહાણી 'કુમારે' 'વનવગડાનાં વાસી'ની લેખમાળા દ્વારા જ્ઞાનેપ્સુ અને જીજ્ઞાસુ વાચકોને સુલભ કરી આપી. ઊગતી પ્રજાને એક અનોખી જીવંત સૃષ્ટિની પિછાન કરાવી તેમનાં નિરીક્ષણમાં રસ લેતી બનાવી.

પ્રકૃતિમાં રસ ધરાવતા ભાવિકોના મનોપ્સિત વાચન માટે શ્રી હરિનારાયણભાઇએ 'પ્રકૃતિ' સામયિકનું સંચાલન પણ કર્યું. પ્રકૃતિના વ્યાસંગીને તેનું વાચન સદા એનસાઈક્લોપીડિક લાગવાનું.

'પ્રકૃતિ'માં વ્યક્તિના મૃત્યુની અંજલિરૂપે લખાતી નોંધ तिलोदकम् શિર્ષક હેઠળ પ્રગટ થતી. હિંદુઓની ઉત્તરક્રિયામાં આવતા આ વિધિને શિર્ષક રૂપે યોજવામાં કેટલું ગાંભીર્ય અને સાર્થતા રહેલાં છે!

શ્રી હરિનારાયણભાઈ ગુજરાતના એક સંસ્કારધન હતા. તેમનાં અવસાનથી ગુજરાતે એક પ્રખર પ્રકૃતિવિદ્ ગુમાવ્યા છે. □

સાહિત્યસંપર્ક



જ્ઞાનપીઠ ઍવોર્ડ વિજેતા

માસ્તિ વ્યંકટેશ આયંગર 'શ્રીનિવાસ'

ઈ. ૧૯૮૩નો ભારતીય જ્ઞાનપીઠ ઍવોર્ડ કન્નડ સાહિત્યના સુપ્રસિદ્ધ સાહિત્યકાર માસ્તિ વ્યંકટેશ આયંગર— શ્રીનિવાસ'ની નવલકથા 'ચિક્કવીર રાજેન્દ્ર'ના ફાળે જાય છે. ૯૩ વર્ષના વયોવૃદ્ધ આ સર્જક પ્રથમ કોટિના કન્નડ સાહિત્યકાર, મોટા કવિ અને નાટ્યકાર છે. કથાસાહિત્યના ઉત્તમ સર્જક છે. અર્વાચીન કન્નડ સાહિત્યમાં એમનું સ્થાન મોખરે છે, એટલું જ નહિ, કન્નડ સાહિત્યના એ જનક લેખાય છે.

તમિળ માતૃભાષી 'શ્રીનિવાસ'નો જન્મ ૧૮૯૧ની જૂનની છઠ્ઠી તારીખે થયેલો. બાળપણમાં પિતાની છત્રછાયા ગુમાવનાર આ સર્જકનો ઉછેર દાદા અને કાકાએ કર્યો. આર્થિક હાડમારી હોવા છતાં અભ્યાસની કારકિર્દી ઉત્તમ હોઇ શિષ્યવૃત્તિ દ્વારા સ્નાતક અને અંગ્રેજી ભાષા સાથે અનુસ્નાતક થઇ મદ્રાસના પ્રેસિડેન્સી કૉલેજનો સુવર્ણચંદ્રક મેળવીને મૅસુરમાં આસિસ્ટન્ટ કમિશનર બનેલા. સારા વહીવટકર્તા તરીકેની એમની પ્રતિષ્ઠા ક્રમશઃ ફાલતી જઈ. તેઓ મૅસુર સરકારના મહામંત્રીપદે પણ રહેલા. ૧૯૪૩માં પોતાને અન્યાય થતો લાગતાં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ લીધી અને કન્નડ સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ બન્યા. ૯૩ વર્ષના આ સર્જકનું મનોજગત આજે પણ સ્ફૂર્તિમય છે.

કર્ણાટકી સંસ્કૃતિના ઉત્તમ અંશોને આત્મસાત્ કરીને એમણે પોતાની કૃતિઓમાં તેનું નિરૂપણ કર્યું છે. ઈશ્વર પ્રતિ ભક્તિ, રાષ્ટ્રપ્રેમ ને સ્ત્રીસન્માનના ભાવો ઉચિત રીતે તેઓ અભિવ્યક્ત કરી શક્યા છે. એમના 'બિન્નહ' અને 'મનવિ' એ કાવ્યસંગ્રહોમાં ભક્તિ વિષયક-ઊર્મિકાવ્યો છે. પારંપરિક ભક્તિનો સૂર એમાં છે, પરંતુ માત્ર અભિવ્યક્તિનું અનુકરણ નથી. 'અરુણ' અને 'સુનીત' એમના અન્ય કાવ્યસંગ્રહો છે. 'ભાવરે' અને 'ચેલુવુ'માં પ્રકૃતિ-જીવનના વિલક્ષણ પ્રતિભાવો મળે છે. 'મલાર' એમનાં સોનેટોનો સંગ્રહ છે. 'ગૌડરમલ્લિ', 'રામનવમી', 'મૂકન મક્કળુ' અને 'નવરાત્રિ' એમનાં પદ્યાત્મક કથાકાવ્યો.

'યશોધરા' અને 'કાકન કોટે' એમનાં નાટકો છે. તે ઉપરાંત અમણે વિવેચન ગ્રંથો પણ લખ્યા છે. સાહિત્ય અકાદમી દ્વારા પુરસ્કૃત થએલા આ સર્જકે આત્મકથા પણ લખી છે.

જીવનની વિભાવનાને અંકિત કરવા માટે ગદ્યનો વિનિયોગ કરીને એમણે પોતાનું કથાસાહિત્ય રચ્યું છે. એમનું વાર્તાસાહિત્ય પણ નોંધપાત્ર છે. એમની લઘુનવલ 'સુબ્બણ્ણા' (૧૯૨૬) તથા 'ચેન્નબસનાયક' (૧૯૪૯) ને 'ચિક્કવીર રાજેન્દ્ર' (૧૯૫૬) એ બે નવલકથાઓ પણ પ્રસિદ્ધ છે.

'ચિક્કવીર રાજેન્દ્ર' એ રાજ્યના ઉત્થાન-પતનની ઐતિહાસિક નવલકથા છે. તેમાંના મોટાભાગના પ્રસંગોને ઇતિહાસનો ટેકો છે. પાત્રોનું નિરૂપણ જીવંત છે. વીરરાજનો મિત્ર લંગડો બસવ નવલકથાનું વિલક્ષણ પાત્ર છે. રાજાનું પાત્ર આપણા તિરસ્કારનું ભાજન બને છે, તો લક્ષ્મીનારાયણ જેવા પાત્રોની નિઃસ્વાર્થ વૃત્તિ અછાની રહેતી નથી. કાલ્પનિક પાત્ર દીક્ષિતનું વ્યક્તિત્વ માનસ પર છવાઈ જાય છે. રાણીનું પાત્રાલેખન શ્રીનિવાસે ખૂબીથી કર્યું છે. એક પ્રસંગે રાણીનો મનોભાવ વ્યક્ત કરતાં સર્જકે લખ્યું છે: 'રાણીનો ચહેરો નિર્વિકાર હતો.' નવલકથાની ભાષા પણ પ્રશસ્ય છે. મૂલ્ય અને માનવસંબંધોનો પ્રશ્ન અહીં સર્જકે વ્યક્ત કર્યો છે. બોપણ્ણાને મળવા ગયેલા શેટ્ટીની સાથે થતી ચર્ચામાં અન્યાય સામે લડવાની વાત છે. બોપણ્ણા કહે છે. 'સાપ ઘરમાં ઘૂસી આવે એટલે તે ઘર છોડી બીજાના ઘરમાં થોડું નાસી જવાય? તેને કાઢવાનો કે પકડવાનો કોઈ ઉપાય શોધી કાઢવો પડે. કોઈ રસ્તો ન જડે તો છેવટે તેને મારી નાખી શકાય.'

આમ, પાત્રાલેખનની સાથોસાથ એમની ચોટદાર ને લાઘવયુક્ત ભાષા એમના લેખનની આગવી વિશિષ્ટતા બની રહે છે. —પ્ર. રાવલ

જલન

'મુશ્કિલ પડી તો એવી કે આઠે પ્રહર પડી,
પણ દુઃખ છે એટલું જ કે કારણ વગર પડી.'

આ મત્લઅ જલન માતરીના કવિ-સ્વભાવનું દર્શન પૂરું પાડે છે. સાથે જ માનવ જલન માતરીની છબિ પણ લભ્ય બને છે. મુશ્કેલીઓ સામે ફરિયાદ નથી, એ સતત આવે તો પણ ફરિયાદ નથી, પરંતુ વગર કારણે આવે છે તેનું ભારોભાર દુઃખ છે. કવિમન સતત પ્રશ્નરત રહે છે. કવિના આ પ્રથમ સંગ્રહનું દેખીતું અને સૂક્ષ્મ લક્ષણ છે તે આંતરદ્વંદ્વની અભિવ્યક્તિ. આ દ્વંદ્વ ક્યારેક કવિને અશ્રદ્ધાળુ બનાવે છે. છતાં ય એના મૂળમાં શ્રદ્ધાનું સિંચન થયા જ કરે છે. શ્રદ્ધાની ઉપસ્થિતિમાં પણ કશુંક અજુગતું થાય છે ત્યારે કવિનો આક્રોશ છતો થાય છે. સહેજ પણ ખચકાયા વગર એ પ્રહાર કરે છે. પ્રહારનો ઉત્તર નથી મળતો એટલે પૂરી તાકાતથી પ્રહાર કરે છે. છતાં ય પ્રત્યુત્તર મળતો નથી. આથી કવિહૃદય સળગે છે. આ જ જલન – જલાલુદ્દીન માતરીની આ 'જલન' જ આ પૃષ્ઠો પર ઠેરઠેર પથરાયેલી છે.

જલન માતરીની-ગઝલ રીતિથી અલગ રીતિએ ગઝલો લખાઈ છે અને લખાય છે. પણ તુલનાને બાજુએ મૂકીએ તો પણ જલનની ગઝલોને આગવું વાતાવરણ છે. એનો આગવો મિજાજ છે. આ સંગ્રહમાં ૫૦ ગઝલો, ૬ નઝમો અને ૨૪ મુક્તકો છે. સૂક્ષ્મતાથી કાંતવાનો યત્ન કરીએ તો કશીકને કશીક મર્યાદા મળી રહે. પરંતુ કવિએ જ કબૂલ્યું છે:

'ગમે ના સૌ કવન તો
માફ કરજો એક બાબત પર,
ખુદા જેવા ખુદાનાં
ક્યાં બધાં સર્જન મજાનાં છે?'

કવિનો સંપૂર્ણતાનો દાવો નથી. અને હોય તો પણ એનો વિશેષ વિચાર કરતાં કવિની કવિતાનું પોત કેવું શોભે છે તે વધુ મહત્ત્વનું છે. મને તો આ સઘળી કૃતિઓમાં જલનના આંતર-દ્વંદ્વનો પડઘો પડઘાતો સંભળાય છે. એની ખુમારી સતત ખુદા સામે ખાબકે છે. કવિની વાત છે:

'એને ખુદા કહીને જગત માનતું રહ્યું
મારા સ્વમાન પર જે પ્રહારો કરી ગયો.'

'અમારા હાલ પ્રત્યે
આંખ આડા કાન કરવામાં
અમારા આપ્તજન કરતાં છે
ઈશ્વર બે કદમ આગળ.'

આ કવિતામાં અનેક સ્થળે કવિની અશ્રદ્ધા ઝબકે છે. ક્યાંક કવિ શંકિત બને છે. ક્યાંક

કવિમન ક્ષુબ્ધ બને છે. ક્યાંક સંઘર્ષ બળુકો બને છે. ક્યાંક કવિની લાગણી બળવાન બનીને કટુતાએ પહોંચી છે. ક્યાંક કટાક્ષ કવિતા રૂપે અવતરે છે. ક્યાંક અનુત્તર રહે તેવો પ્રશ્ન છે. ક્યાક ઇશ્વરનો ઉપહાસ છે. ક્યાંક આરઝુ રખડતી દેખાય છે. ક્યાંક જીવનરસ ઢોળાઈ ગયેલો લાગે છે. ક્યાંક મૃત્યુને આહ્વાન છે તો ક્યાંક અર્ચના. ક્યાંક જીવનની દાદ છે તો ક્યાંક ફરિયાદ. કવિએ સત્યને સોનાના પાત્રથી ઢાંકેલું નથી રાખ્યું, એનાં નગ્ન રૂપે અભિવ્યક્ત કર્યું છે. કવિની વાણીનો આસ્વાદ લેવા જેવો છે :

'ઇશ્વરને ગમતું પાપ પણ કરશે કોઈ તો
એને ખુદાની જાત પયગમ્બર બનાવશે.'

'હું એટલા જ માટે તો નાસ્તિક નથી થયો
ઇશ્વર હશે તો કોઈ દિવસ કામ આવશે.'

'જીવન તો ખૂબ માણ્યું,
ચાલ મૃત્યુની મજા લઇએ,
હવે મન થાય છે કે આપણે
અહીંથી જતા રહીએ.'

'હશે સત્ય પણ, કલ્પના પણ હશે,
ખુદા શબ્દ છે તો, ખુદા પણ હશે.'

'અહમ્ કરનાર વ્યક્તિઓની
જો નામાવલી કરીએ
તો સૌથી મોખરે એમાં
ખુદાનું નામ આવે છે.'

'છે દુ:ખ કે લાશને કોઈ શણગારતું નથી
ઘરમાં ઘણી યે વાર મરેલો જણાઉં છું.'

'સાચે જ મારા મનથી હું જ્યારે મરી ગયો,
મારા જ હાથે મારે હું કાંધે ચઢી ગયો.'

'સુખ જેવું જગમાં કંઈ નથી,
જો છે તો આ જ છે,
સુખ એ અમારા દુ:ખનો
ગુલાબી મિજાજ છે.'

'ઠોકર અસંખ્ય મારી હું સીધું કરી દઇશ
હદથી વધુ નસીબ જો મુજને સતાવશે.'

'હકૂમતના જ હાથોમાં જો
હોતે જળ, હવા, ઓજસ
જલન તકલીફ પડતે ખૂબ
જીવન જીવવા માટે.'

સતત સરી જતા જીવનની સમર્યાદ અભિવ્યક્તિની આ કવિતા ગુજરાતી ગઝલક્ષેત્રે જલન માતરીનું નામ દીર્ઘકાળ લગી જીવતું-જાગતું રાખશે. —પ્રફુલ્લ રાવલ

(પ્રકાશક: દુર્રેસહેવાર જ. માતરી, 'નશેમન', રાયખડ દરવાજા પાસે, અમદાવાદ: મૂલ્ય રૂ. ૧૫, સાદા પોસ્ટેજથી રૂ. ૧ વધુ અને રજિ. પોસ્ટેજથી મંગાવનારે રૂ. ૩ વધુ મોકલવા.) આ પુસ્તક કુમાર કાર્યાલય લિમિ., રાયપુર ચકલા, અમદાવાદમાંથી પણ મળી શકશે.





બેટ્યમન
બે દાયકા પહેલાં
અને
રાજકવિ
થયા બાદ
ઉત્તરાવસ્થામાં
◁

ઇંગ્લૅન્ડના રાજકવિ સર જહૉન બેટ્યમનનું અવસાન

ઈ. ૧૯૭૨માં સી ડે. લૂઈના અવસાન પછી સર જ્હૉન બેટ્યમન ઇંગ્લૅન્ડના રાજકવિ નિમાએલા. ગઇ ૧૯ મે ('૮૪)ના રોજ કૉર્નવૉલમાં પોતાના નિવાસસ્થાને એમનું હૃદયરોગથી અવસાન થયું. લંડનના હાઇગેટ પરામાં વસતા મધ્યમ વર્ગના એક પરિવારમાં ઈ. ૧૯૦૬માં એમનો જન્મ થયેલો. શાળા કે કૉલેજમાં એમની કોઇ વિશિષ્ટ પ્રતિભા જોવા મળી ન હતી. ઑક્સફર્ડમાં ધર્મગુરુ બનવાની પરીક્ષામાં પણ એમને સફળતા મળી નહોતી, પિતાનો વ્યવસાયપણ એમને ફાવ્યો નહિ પત્રકારત્વમાં પણ ઝંપલાવેલું, અને તે દરમિયાન પેનલૉપ વૅલેન્ટાઇન સાથે લગ્ન કર્યાં. 'ડેઇલી હેરલ્ડ' તથા 'ધ સ્પેક્ટેટર'માં સાહિત્યની કટારો લખી જોઈ, પરંતુ કવિતા દેવીની એમના પર કૃપા ઊતરી હતી. ઇ. ૧૯૪૯માં 'હેઈનમાન ઍવોર્ડ'' તથા ૧૯૫૦માં 'ફોયલ પૉએટ્રી'નું એમને ઇનામ મળેલું. ૧૯૬૦માં ઇંગ્લૅન્ડના રાણી તરફથી સુવર્ણચન્દ્રક અને ૧૯૭૨માં રાજ-કવિપદ મળ્યું હતું.

'ધ બેસ્ટ ઑવ બેટ્યમન' એ એમનો પહેલો કાવ્યસંગ્રહ. એમના અંગ્રેજીના પ્રાધ્યાપક જગવિખ્યાત કવિ ટી. એસ. એલિયટે તેની પ્રશંસા કરેલી. 'કન્ટિન્યૂઅલ ડ્યૂ' (૧૯૩૭), 'ઑલ્ડ લાઇટ્સ ફૉર ન્યૂ ચાન્સલ્સ' ('૪૦), 'ન્યૂ બૅટ્સ ઇન ઑલ્ડ બેલ્ફ્રીઝ' ('૪૫), 'અ ફ્યુ લેઇટ ક્રિસેન્થેમમ્સ' ('૫૪), કાવ્યસંગ્રહો સારો આદર પામેલા છે ઇ. ૧૯૫૮માં એમનાં ત્યાર સુધીનાં સર્વ કાવ્યોનો સંગ્રહ 'કલેક્ટેડ પોએમ્સ' પ્રગટ થએલો. આ ઉપરાંત, 'માઉન્ટ ઝીઓન', 'સર જ્હૉન પીઅર્સ', 'સિક બટ નૉટ સ્ટ્રીમલાઇન', 'પોએમ્સ ઇન ધ પૉર્ચ'', 'અ રિંગ ઑવ બેલ્સ', 'હાઇ ઍન્ડ લો', 'અ નિપ ઇન ધી એર' વગેરે કૃતિઓ તથા 'ધ સ્ટેઇન્ડ ગ્લાસ એટ ફેરફોર્ડ'' તથા 'પિટી એબાઉટ ધી ઍબે'ની ટી.વી. સ્ક્રિપ્ટ પણ વિખ્યાત છે. 'સમન્ડ બાય બેલ્સ' (૧૯૬૦) એ એમની આત્મકથાત્મક પદ્યરચના છે.

નવા યુગના ઇંગ્લૅન્ડની બદલાતી જતી સૂરતથી એ કંઇક નારાજ હતા. પ્રાચીન સ્મારકોની જાળવણીના એ ચુસ્ત હિમાયતી હતા. લંડનના પરામાં વિતેલા બાળપણની અસર એમનાં કાવ્યોમાં દેખાઇ આવે છે. વિક્ટોરીઅન યુગની રૂઢિચુસ્ત પરંપરા પ્રત્યેનો એમનો લગાવ તેમાં સ્પષ્ટ ઊપસી આવે છે.

કદાચ એમની આવી રુચિથી જ જૂના સ્થાપત્યમાં પણ એમને રસ હતો. આથી એમને બ્રિટિશ આર્કિટેક્ટ મંડળનું માનદ્ સભ્યપદ પણ મળેલું. રેડિયો ને ટેલિવિઝન ઉપર તેઓ સાહિત્ય અને કળા પર સમીક્ષાઓ આપતા.

કવિ તરીકેની એમની લોકપ્રિયતાનું મુખ્ય કારણ એમની કવિતાની સ્પષ્ટતા અને સરળતા છે. એમાં ઈંગ્લૅન્ડના જીવન અને ધરતીનો ધબકાર છે. લાગણીના ઉન્મેષો પ્રકટ કરતી એમની કવિતામાં ક્વચિત્ કટાક્ષો પણ કથયિત્વને પ્રકટ કરે છે. મુખ્યત્વે એ પ્રાચીનતાના પૂજક રહ્યા હતા. આ છતાં અર્વાચીન લંડનના ચાહક આ કવિને સ્થાનિક રસરુચિને બિરદાવતા પ્રાદેશિક કવિ તરીકે યે નવાજવામાં આવ્યા હતા. ઠાવકા અને તીખા બંને પ્રત્યાઘાતીઓને એમની કવિતા સ્પર્શે છે. સ્થાનિક સંદર્ભોને ચગળ્યા કરતા આ કવિ છંદોલયને ઉછીના તો લેતા, પણ એને પોતીકા બનાવીને લાડથી લડાવી પણ જાણતા. હળવી શૈલીની એમની કવિતા પણ ખૂબ લોકપ્રિય નીવડી છે. નગર કરતાં નિસર્ગના અને આધુનિકતાને બદલે પરંપરાના એ ચાહક હતા. — સુરેશ કે. શુક્લ

> **લેને કો સતનામ હૈ, દેને કો અન-દાન;**
> **તરને કો આધીનતા, બૂડન કો અભિમાન.**
>
> — કબીર

પોતાની રાજધાની નજીક એક ફકીર ઊતર્યાના ખબર મળતાં બાદશાહે તેને પોતાના મહેલે નિમંત્ર્યો. ફકીર તો કાદવથી લદબદ પગે મહેલના મોંઘા ગાદીગલીચા ખરડતો બાદશાહ પાસે પહોંચ્યો. બાદશાહ આ બધું જોતો મૂંગો બેસી રહ્યો, એટલે ફકીરે સામેથી કહ્યું: 'તારા દોરદમામનો ગર્વ ગાળવા જ મારે આમ કરવું પડયું છે.' બાદશાહે નમ્રતાથી પૂછયું 'પણ ગર્વથી ગર્વ ટળે ખરો?'

ફકીર શરમિંદો બની ગયો.

~

કહેવતોના અર્થ: 'શંખ ને વળી દૂધે ભર્યો'– ઉત્તમ કાવ્યધ્વનિના સૂત્ર સમી આ કહેવતમાં શંખ અને દૂધ – બંને સરખા શ્વેત પદાર્થોનો અહા સમન્વય છે. અર્થ તો તદ્દન સાફ છે, કે સરખેસરખાનો મેળ સવિશેષ પ્રભાવક નીવડે છે. તેને મળતી બીજી કહેવતો: 'હીરો ને કુંદનમાં જડયો'; 'સોનામાં સુગંધ મળી'; 'દૂધમાં સાકર ભળી'; 'રૂપાળાને શણગાર્યો'; 'મોસાળે વિવાહ ને મા પીરસણે' વગેરે.

~

અનેકાર્થી શબ્દ: વાંક=અપરાધ; દૂષણ કે ખોટ, મરડાટ; સ્ત્રીઓનું એકઘરેણું; ખાખરાના મૂળની અંદરનો રેસો; પરણેલીકન્યાસાસુવગેરે પાસેથી પૈસા ઉઘરાવે તે; સમય; વહાણનો એક ભાગ; કાઠીની એક અટક; એક જાતનું ઘાસ.

~

ડુંગળી સમારતી વખતે આંખમાં પાણી આવતાં સૌએ અનુભવ્યાં હશે. તપેલીમાં પાણી ભરીને તેમાં ડૂબાડૂબ હાથ રાખી સમારવાથી આંખો નહિ બળે.

~

ઈ. ૧૯૫૨માં જે પ્રથમ હાઇડ્રોજન ઑમ્બનો પ્રયોગ થએલો તેની તાકાત, બીજા વિશ્વયુદ્ધમાં જર્મની અને જાપાન ઉપર ફેંકાએલા (હિરોશિમા અને નાગાસાકી ઉપર ફેંકાએલા અણુબૉમ્બ સહિત) બધા જ બૉમ્બની શક્તિ કરતાં યે વિશેષ હતી.

~

બ્લ્યુ વ્હેલ લગભગ છ માસ સુધી આહાર લીધા વિના રહી શકે છે.

~

સત્તરમી સદીમાં – ખાસ કરીને ૧૬૧૮–'૪૮ દરમિયાનના ત્રીસ વર્ષના યુદ્ધમાં માત્ર શીતળાના રોગથી જ યુરોપમાં લગભગ ૬,૦૦,૦૦,૦૦૦ લોકો માર્યા ગયા હતા.

~

માત્ર દસ મિનિટ માટે શરીર સાથે સંસર્ગમાં આવેલી ચોખ્ખી શીતળ હવા શરીરની પચાસ ટકા પોષણશક્તિ વધારે છે.

~

પતિ-પત્ની ઝઘડી પડયાં. ખિજાઇને પતિ બહાર ચાલ્યો ગયો. પછી તેને લાગ્યું કે જે થયું તે ઠીક નહોતું, એટલે ઘેર ફોન કરી એણે સહાનુભૂતિ દાખવવા વાતનો આરંભ કરતાં પૂછયું, 'આજ રસોઇમાં શું બનાવવાનું છે?'

'ઝેર, આજે માત્ર ઝેર જ પકાવવાની છું.'

'જો, આજે હું મિત્ર સાથે બહાર જ જમવાનો છું, એટલે તારા એક પૂરતું જ રાંધજે. મને આવતાં કદાચ બહુ મોડું પણ થશે.'

~

મનુ: આજ રાત્રે આપણે શું કરીશું?

વનુ: હું પૈસો ઉછાળું છું. જો મહોરું પડે તો નાટક જોવા જવું, છાપ પડે તો સિનેમા ને જો કિનાર પર ઊભો રહે તો વાંચવા બેસવું.

ભૂલસુધાર: આ અંકમાં 'હિપેટાઇટિસ'ના લેખમાં જ્યાંજ્યાં 'બિલિટુબિન' છે ત્યાં તે 'બિલિરુબિન' અને પૃ. ૧૪૬ પર ડાબી બાજુ ૨૬મી લીટીમાં 'સીરમ ગ્લુટામિક પાયટુવિક...' નામમાં 'પાયટુવિક' નહિ, 'પાયરુવિક' વાંચવા વિનતિ.
